ॐ असिआउसाय नमः

મહાપુરૂષ શ્રી જયચંદ્રજી સ્વામી પાસે સુધરાવેલું

શ્રી

જૈન જ્ઞાન-વિલાસ.

પ્રથમ વિભાગ, અને

"સંગીત-સરિતા"-દ્વિતિય પૂર.

લેખક,

વલ્લભજી ત્રિ. ધ. મશાં, જૈન-ગોંડલ.

"સંગીત-સરિતા"-પ્રથમપૂરના કર્ત્તા.

પ્રકાશક,

વ્રજલાલ વિ. ધરમશી, જૈન.-ગોંડલ.

ઠે. પાટીબજાર, ગોંડલ (કાઠિયાવાડ)

પ્રથમાવૃત્તિ પ્રત ૨૦૦૦. વીર સં. ૨૪૩૭

વિક્રમાર્ક ૧૯૬૭ ઈસ્વી સન ૧૯૧૦-૧૧.

મૂલ્ય રૂ. ૦—૮—૦

સર્વોત્તમ દાન કયું ?

કોઇને અન્નનું દાન આપવાથી તેની એક ટંકની ભૂખ ભાગે છે, વસ્ત્ર આપવાથી અમુક મહીના સુધી શરીરનું ટાઢ—તાપથી રક્ષણ થાય છે, કોઇને જીંદગી પર્યંત પુદ્‌ગળિક સુખની સર્વ વસ્તુઓ પૂરી પાડવાથી તેનો એક ભવ સુખમય નીવડે છે, પરંતુ જ્ઞાન દાન કે જેથી ભવોભવનાં જન્મ, જરા, મરણનાં દુઃખોનો અંત આવે છે, તેથી બીજું કોઇ પણ શ્રેષ્ટ દાન નથી. એવું જ્ઞાન દાન આપવા ઇચ્છા હોય તો નીચેનાં જ્ઞાનમય પુસ્તકોની લ્હાણી કરો-ખરીદો:—

(૧) "સંગીત—સરિતા" (પ્રથમ વિભાગ) મૂલ્ય ૦—૨—૦; ધાર્મિક, વ્યવહારિક, ગાયનોનું રૉયલ ૧૬ પેજી ૩ ફોર્મનું પુસ્તક,

(૨) "શ્રી જૈનજ્ઞાન—વિલાસ" (પ્રથમ વિભાગ) તે આ પુસ્તક પોતે જ.

(૩) "શ્રી જૈનજ્ઞાન—વિલાસ" (ભાગ—બીજો) મૂલ્ય રૂા. ૦—૮—૦; અગાઉથી ગ્રાહક થનારને અરધી કીંમતે. પૂરતાં ગ્રાહકો થયે બહાર પડશે; જેમાં "પ્રથમ વિભાગ" ના જેવા જ વિષયો દાખલ કરવામાં આવશે.

ઉપરનાં પુસ્તકો જથ્થાબંધ, મફત વ્હેંચવા કે લ્હાણી કરવા માટે અથવા જૈનશાળાઓ માટે ખરીદનારાને અરધી કીંમતે આપવામાં આવશે.

ઠે. મોટી બજાર } કર્તા, વલ્લભજી વિ. ધરમશી જૈન. ગોંડલ (કાઠિયાવાડ)

મહાપુરૂષ શ્રી ૭ જયચંદ્રજી સ્વામી પાસે સુધરાવેલું

શ્રી જૈન જ્ઞાન—વિલાસ.

અને

संगीत सरिता—द्वितिय विभाग.

વસંત તિલકા વૃત્ત.

વસ્તી વિના મહિપતિ, નહિ કો' મનાણો,
લક્ષ્મી વિના લખપતિ, નહિ કો' લખાણો;
ભક્તિ વિના જન કયો, સિદ્ધમાં સમાણો!
જીત્યા વિના રણુ વિષ, રજપૂત શાનો! ૧

ધન્વંતરી નહિજ જે, દરદો ન ટાળે,
રમ્ભા નહિ, શિયળ નિર્મળ જે ન પાળે;
મન્ત્રી નહિ, નૃપ પ્રજા–હિત જે ન જાતો,
શીખ્યા વિના, નથીજ પંડિત કોઇ હોતો। ૨

જૈનો ન જે હર પ્રકાર મિથ્યાત્વ સેવે,
નર્માશ જો ન ધરી શું થયું જ્ઞાન લેવ!
કરતા ન જે, મનુભવ પરમાર્થ કાંઇ,
છે એ પગાં પશુ ખરે, નરરૂપ માંહી।। ૩

આવૃત્તિ ૧ લી–પ્રત ૨૦૦૦

મૂલ્ય આઠ આના.

અમદાવાદ:
'ભારતબંધુ પ્રીણ્ટીંગ વર્ક્સ' માં
શાહ વાડીલાલ મોતીલાલે છાપ્યું.

ગ્રંથાર્પણ.

સ્વધર્મ—હિત ચિંતક, ઉદાર અને જ્ઞાન વિલાસી શ્રીમન્ત શેઠ સાહેબ,
ભરવાડા વીરપાળભાઇ જાદવજી ભાઈની સેવામાં:-

(ધનનો ઉપયોગ—શાર્દુલ.)

પીવા નાત વરા વિષે વ્યસનમાં, જાગી તમાસા જુએ,
રક્ષા કેક કરે અરે ધનનીકાં, દર્બારમાં જઇ ખુએ;
પાપીનું ધન થાય એ ધુળ નકી, વરખી વિમાસી રૂએ,
લક્ષ્મી જે નવ વાવરે નિજ કરે, જીવતાં ન જંપી સૂએ. ૧
ભક્તોને અન્ન આપતા બહુ નરો, ગૌપાલ ગાયો તણા,
રક્ષા કૈક કરે અનાથ જનની, મંદિર બાંધે ઘણા;
વાવો જ્ઞાન ભૂમિ વિષે ધન તમે, ઉત્તમ નથી દાનથી,
દાના તેજ ગણે, "નથી જગતમાં, લક્ષ્મી વડી જ્ઞાનથી." ૨

* * * *

વધારે શું કહું? ભવ ભ્રમણથી મુક્ત કરવા સમર્થ એવું સર્વોત્કૃષ્ટ, પવિત્ર જ્ઞાન દાન આપવા માટે આપ નિરોગી દીર્ઘાયુષ્ય ભોગવો એમ ઇચ્છી, આપના આશ્રયથી પ્રગટ થવા પામેલો આ જ્ઞાનનો પવિત્ર ગ્રંથ, આપનેજ અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો આભારી,
ગ્રંથ કર્તા.

ઉપોદ્‌ઘાત.

અમારા કદરદાન ગ્રાહકો ! આ ગ્રંથ ધાર્યા કરતાં કદમાં વધી ગયો છે, તો પણ જે ઉદાર મહાશયોએ આ પવિત્ર પ્રવૃત્તિ ને અગાઉથી આશ્રય આપ્યો છે, તેમને અરધી કીંમતે એટલે માત્ર રૂા૦ ૦-૪-૦ માં આપુસ્તક આપવાનુ સાહસ અમે ખેડયું છે, માટે આ પુસ્તક આપ સર્વને પહોંચ્યેથી તેની કીંમત તુરત અમોને ભરી દેવા કૃપાવંત થશો.

૨. પ્રિય વાંચકો ! આ ગ્રંથ સમગ્ર જૈન વર્ગને ઉપયોગી થઈ પડે એટલા માટે તેમાં ધાર્મિક જ્ઞાનના થોકડાને પ્રાધાન્ય આપ્યું છે, અને તે દરેક થોકડાને આલંબન રૂપે, તેને લગતાં કાવ્યો, સ્તવનો, ગાયનો, તથા કન્યાવિક્રય સંબંધી ગદ્ય પદ્યાત્મક, હૃદય ભેદક, રસિક સંવાદ પણ દાખલ કરવામાં આવેલ છે.

૩. બે વર્ષ અગાઉ, અમારા તરફથી, " સંગીત-સરિતા "(પ્રથમ-વિભાગ) નામનું, ધાર્મિક સ્તવનો, ગાયનો ઈ૦ નું પુસ્તક બહાર પાડવામાં આવ્યું હતું, તેમાં મુખ્ય આશ્રય ગોંડલના શેઠ,

દીમો ગણેશ હેમરાજ હા. પાનાચંદભાઈ, તથા શેઠ, મણીલાલ ધારશીભાઇએ આપ્યો હતો, અને આ પુસ્તક બહાર પાડવામાં પણ તેમણે સારી મદદ આપી છે, તે ખાતે તેમના અમે આભારી થયા છીએ.

૪. આ વખતે મુખ્ય આશ્રય, ગોંડલના સ્વધર્મપ્રેમી ઉદાર શેઠ સાહેબ, ભરવાડા વીરપાળભાઈ જાદવજી તરફથી અમોને મળેલો છે, તે ઉપકારનો બદલો અમે કોઈ રીતે વાળી શકીએ તેમ નથી, તો પણ, કિંચિત્ માત્ર ફરજ બજાવવા ખાતર આ પવિત્ર ગ્રંથ તે પવિત્ર પુરૂષને જ અર્પણ કરવામાં આવ્યો છે.

૫. બીજા જે જે સ્વધર્માભિમાની સજ્જનોએ, આ ગ્રંથની ઉત્તમતા, અને તદ્દન નજીવી કિંમતમાં મળતા અમૂલ્ય લાભની કદર કરી, અગાઉથી ગ્રાહક થઇ, આવા જ્ઞાનપ્રચારના પવિત્ર કાર્યને ઉત્તેજન આપ્યું છે, તેમનો ખરા જીગરથી ઉપકાર માનવાની સાથે, એ ઉત્તેજન આપવામાં તેમનો ઉદાર આશય બર આવે, એ હેતુથી, અગાઉથી થયેલા ગ્રાહકો પાસેથી ઉપજવાની રકમમાંથી આ પુસ્તકનું ખર્ચ કાઢતાં, વધારો આવાજ ધાર્મિક જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં અર્પણ કરવાની પ્રતિજ્ઞા લઇ કૃતાર્થ થઇએ છીએ, સુજ્ઞેષુ કિં બહુના !

તા. ૧–૧૧–૧૦ દીપાવલી.
મોટીબજાર.
ગોંડળ (કાઠીયાવાડ)

વિ૦ જ્ઞાની મહાત્માઓના, ચર્ણ કિંકરો,
વલ્લભજી વિ. ધરમશી જૈન
વ્રજલાલ વિ. ધરમશી જૈન



"શ્રી જૈન જ્ઞાન—વિલાસ."

મંગલાચરણ.

વસંતતિલકા વૃત્ત.

સિંધુ સમું જગતમાં, ભર્યું જ્ઞાન વારિ,
પામ્યા ન, પંડિતજનો પણ કોઇ પારી;
બિંદુ સમી પણ નથી બુદ્ધિ મારી,
શક્તિ વિના સ્તુતિ કરૂં, પ્રભુ ! કેમ તારી ! ૧ ટેક.
પાપી હું તો, અવગુણો અગણિત મારા,
ગુણો ગણું કઇ રીતે, હું અનંત તારા !
શક્તિ વિચારૂં તુજ તો, મતિ જોય હારી. શક્તિ૦ ૨
જેવી રીતે, શિશુ મથે મતિમંદ એવા,
સિંધુ વિષે શશિતણું પ્રતિબિંબ લેવા;
આશા નહિ સફળ તેની કદી થનારી. શક્તિ૦ ૩

દેવો, તમારૂ પદ આસન પૂજન સા,
ગુણો પુરા સરસ્વતી ગણશે શું તારા ?
સ્તુતિ પ્રીતિ મુજ વિષે બળ પ્રેરનારી,
તેથી કરૂં વીરપ્રભુ ! સ્તુતિ આજ તારી. ૪
આ આદર્યું જગતનું હિત હામ ધારી,
તેને પ્રભુ, સફળતા અરપો સુધારી;
કાપો સદા કુમતિને સુમતિ વધારી,
વિદ્યા વધે વલ્લભ એ-વૃત્તિ એજ મારી. ૫

---

૨ પાયે પ્રભુ પડીએ—એ રાગ.

જીન દેવ જય કરજો (૨)—ટેક.

સઉલ્લાસ, કરે દાસ, અરદાસ, પુરો આશ;-(૨)
દીન દુઃખદળ દળજો-જીન૦ ૧
જ્ઞાન વિના અભિમાન ધરીને, પડતી પામ્યા કુસંપ કરીને;
ગભ્યું બહુ ગુલતાન, ખાનપાન, ભૂલ્યા ભાન; (૨)
કુમતિ પ્રભુ હરજો-જીન૦ ૨
ભાવ ધર્યો નહિ તુજ ભક્તિમાં, શુદ્ધ શ્રદ્ધા નહિ તુજ શક્તિમાં,
કર્યાં વળી કર્મ ક્રૂર, શર્મ મૂળ, મૂકી દૂર; (૨)
ઉર વસી ઉદય કરજો-જીન૦ ૩
અજરામર પ્રભુ અધમ ઉદ્ધારણ, શિવ સુખ કારણ, વિઘ્ન વિદારણ; (૨)
પાયે પડું, જોડું હાથ, નમું નાથ, જગતાત; (૨)
વિનતિ વલ્લભ ધરજો-જીન૦ ૪

શ્રી છકાયના બોલ.

નામઃ--૧ ઈંદીથાવરકાય. ૨ બંભીથાવર કાય. ૩ સપિથાવર કાય. ૪ સુમતિથાવર કાય. ૫ પયાવચથાવર કાય. ૬ જંગમકાય.

ગોત્રઃ—પૃથ્વી–અપ–તેઉ–વાઉ–વનસ્પતિ–ત્રસકાય.

પાંચે સ્થાવરકાયના બે ભેદઃ—૧ સુક્ષ્મ. ૨ બાદર.

સુક્ષ્મઃ—હણ્યા હણાય નહિ, માર્યા મરે નહિ, બાળ્યા બળે નહિ, તે આખા લોકમાં ભર્યા છે, પણ આપણી નજરે આવે નહિ; ફક્ત જ્ઞાની જ જાણે ને દેખે.

બાદરઃ—હણ્યા હણાય, માર્યા મરે, બાળ્યા બળે, આપણી નજરે આવે અથવા ન આવે.

(૧) બાદર પૃથ્વીકાયઃ—(૧) માટી ને મીઠું, (૨) ખડી ને ખારો, (૩) કાળમીંઢ, મરડીઆ પ્હાણા ને શિલા, (૪) હિંગળો ને હડતાલ, (૫) ગેરૂ ને ગોપીચંદન, (૬) રત્ન પરવાળાં (૭) સોળ જાતનાં રત્ન ઇ૦ ૪૩ જાતની પૃથ્વીકાય છે. જુવાર કે પીલુ જેટલી પૃથ્વીમાં શ્રી ભગવંતે અસંખ્યાતા જીવ કહ્યા છે; તેમાંથી અકેકો જીવ નીકળીને પારેવા જેવડી કાયા કરે તો, એક લાખ જોજનનો જંબુદ્વિપ છે, તેમાં સમાય નહિ; તેનાં કુળ ૧૨ લાખ, આઉખું પાંચે સ્થાવરનું જઘન્ય અંતર્મુહુર્તનું; પૃથ્વીનું ઉત્કૃષ્ટું ૨૨ હજાર વર્ષનું.

(૨) બાદર અપકાય (પાણી):—(૧) વરસાદ ને કરાનાં (૨) ઝાકળ ને ધુમંસનાં (૩) કુવા, નદી ને તળાવનાં (૪) દરિયા ને ઝરણાનાં (૫) ખારાં ખાટાં (૬) મીઠાં મોળાં ઇ૦ ઘણી જાતનાં પાણી છે, તેના એક બિંદુમાં અસંખ્યાતા જીવ કહ્યા છે, તેમાંથી અકેકો જીવ નીકળી સરસવના દાણા જેવડી કાયા કરે તો જંબુદ્વિપમાં સમાય નહિ; તેનાં કુળ ૭ લાખ ક્રોડ; આઉખું ઉ૦ સાત હજાર વર્ષનું.

(૩) બાદર તેઉકાય (અગ્નિ):—(૧) ચુલા ને ભઠ્ઠીની (૨) ધુમાડી ને તાપણીની (૩) ચકમક ને વીજળીની (૪) દીવા ને ઉમાડાની, (૫) ધગધગતા લોઢા ને અરણીની (૬) દાવાનળની (૭) નીંભાડાની, ઇ૦ ઘણી જાતની છે; તેના એક તણખામાં અસંખ્યાતા જીવ કહ્યા છે, તેમાંથી અકેકો જીવ નીકળી ખસખસના દાણા જેવડી કાયા કરે તો જંબુદ્વિપમાં સમાય નહિ; તેનાં કુળ ૩ લાખ; આઉખું ઉ૦ ૩ અહોરાત્રિનું.

(૪) બાદર વાઉકાય (વાયરો):—(૧) ઉગમણો ને આથમણો (૨) ઉત્તર દક્ષિણનો (૩) ઉંચો, નીચો, ત્રીછો (૪) વંટાળીઓ, મંડળીઓ (૫) સુજવા ને ગુંધવા, ઇ૦ તે (૧) ઉઘાડે મોઢે બોલવાથી (૨) ઝાપટ નાંખવાથી (૩) સુપડે સોવાથી (૪) ઝાટકવાથી (૫) કાંતવાથી (૬) વિંજવાથી (૭) તાલોટા વગાડવાથી (૮) વિંઝવાથી (૯) હિંચોળે હિંચવાથી ઇ૦ ઘણી જાતના શસ્ત્રે હણાય છે. એક વાર ઉઘાડે મુખે બોલવાથી વાયરાના અસંખ્યાતા જીવ હણાય છે, તેમાંથી અકેકો જીવ નીકળી વડના બીજ જેવડી કાયા કરે તો જંબુદ્વીપમાં સમાય નહિ; તેનાં કૂળ ૭ લાખ; આઉખું ઉ૦ ત્રણ હજાર વર્ષનું.

(૫) બાદર વનસ્પતિ કાયના બે ભેદઃ—(૧) પ્રત્યેક-શરીરે શરીરે એકેકો જીવ હોય તે; (૨) સાધારણ-એક શરીરે અનંતા જીવ હોય તે.

પ્રત્યેક વનસ્પતિઃ—(૧) વૃક્ષ ને વેલા (૨) રીંગણી, તળશી ને ગુલમ (૩) એરંડા આકડા ને ધતુરા (૪) દાડમ, સેલડી ને કેળાં (૫) ઘ્રો, કેવડો, દાભડો ને તરણા (૬) ફુલ કમળ ને નાગરવેલ (૭) બોરડી, કેરડો ને કસેલા. (૮) જુવાર, બાજરો, મઠ, મકાઇ. (૯) તાંજલજો, સુવા, મોગરી, વાલોર ફળી ઇ. ઘણી જાતની છે તેમાં સંખ્યાતા અસંખ્યાતા ને અનંતા, એ ત્રણ પ્રકારે જીવ કહ્યા છે.

સાધારણ વનસ્પતિઃ—(૧) લીલફુગ ને સેવાળ (૨) ગાજર, મુળા (૩) ડુંગળી, લસણ. (૪) આદુ, ગરમર. (૫) રતાળુ, પીંડાળુ. (૬) કંટાળો થોર, ખરસાણી, કુંવારસેલેરા. (૭) મોથલુણી. (૮) ઉગતા અંકુરા ને કુણી કાકડી, ઇ. ઘણી જાતની છે. કંદમૂળના એક કકડામાં અનંતા જીવ કહ્યા છે; વનસ્પતિનાં કુળ ૨૮ લાખ છે; પ્રત્યેકનું આઉખું ઉ૦ દશ હજાર વર્ષનું ને સાધારણનુ ઉ૦ અંતર્મુહુર્તનું.

(૬) **ત્રસકાયના ચાર ભેદ:**—બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌરેંદ્રી ને પચેંદ્રિ, તે દરેકના બે ભેદ, પર્યાપ્તા ને અપર્યાપ્તા.

બે ઇંદ્રી:—કાયા ને જીભ હોય એવા જીવ; તેનાં નામ-જળો, કીડા, પોરા, કરમીઆ, સરમીઆ, મામણમુંડા, અળસીયા, વાંતરા, શંખ, છીપ, કોડા, ચેળ ઇ. તેનાં કુળ ૭ લાખ; આઉખું બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌરેંદ્રિનું જ૦ અંતર્મુહુર્તનું, બેઇંદ્રીનું ઉ૦ ૧૨ વર્ષનું.

તેઇંદ્રીઃ—કાયા, મુખ, નાસિકા હોય તેવા જીવ, જેવા કે, જુ, લીંખ, ચાંચડ, માકડ, કીડી, કંથવા, ધનેડા, જુંવા, ઇતડી, ગીંગોડા, ધામેલ, ગધૈયા, કાનખજુરા, મકોડા, ઉધઇ, ઇ૦ તેનાં કુળ ૮ લાખ, આઉખું ઉ૦ ૪૯ દિવસનું.

ચૌરેંદ્રિઃ—કાયા, મુખ, નાક ને આંખ હોય તેવા જીવ; જેવાકે, માંખી, મસલા, ડાંસ, મચ્છર, ભમરા, તીડ, પતંગ, કરોળીઆ, કંસારી, ખડમાંકડી, ધુડીયાં, વીંછી, બગાં, ફુદાં, ઇ૦: તેનાં કુળ ૯ લાખ, આઉખું ઉ૦ છ માસનું.

પચેંદ્રિઃ—કાયા, મુખ, નાસિકા, આંખ, ને કાન હોય એવા જીવ, તેના ૪ ભેદઃ—(૧) નારકીના ૧૪ ભેદ; તેનાં કુળ ૨૫ લાખ. (૨) તિર્યંચના ૪૮ ભેદ; કુળ ૫૩॥ લાખ. (૩) મનુષ્યના ૩૦૩ ભેદ; કુળ ૧૨ લાખ. (૪) દેવતાના ૧૯૮ ભેદ; કુળ ૨૬ લાખ છે. કુલ ૫૬૩ ભેદ જીવના છે. તિર્યંચમાં એકેંદ્રિથી ચૌરેંદ્રિ સુધીના જીવોનો પણ સમાવેશ થાય છે. અહીં તિર્યંચ પચેંદ્રિ લેવાં. નારકી ને દેવતાનું આઉખું જ૦ ૧૦ હજાર વર્ષ ઉ૦ ૩૩ સાગરોપમનું; મનુષ્ય ને તિર્યંચનું જ૦ અંતર્મુહુર્ત ઉ૦ ત્રણ પલ્યનું એ પ્રમાણે ૭ એ કાયની દયા પાળીએ તો મોક્ષનાં અનંતાં સુખ પામીએ.



હિંસા રહિત—ભાવપૂજા.

(ચડી આવ્યાં વાદળ કાળાં—એ રાગ.)

કરૂં ભાવ પૂજન પ્રભુ તારૂં (૨)—ટેક.
દ્રવ્ય પૂજા કરી ભવોભવ ભટકયો, હવે જનમ નહિ હારૂં. કરૂં. ૧
પ્રાણી હણીને પૂજન કરવું, તે નથી મુજને પ્યારૂં; (૨)
દયા ધર્મી તે હિંસા કરતા, અનળ જળમાં નિહાળું. કરૂં. ૨
પથ્થરની પ્રતિમા પેખું પણ, નથી સ્વરૂપ એ તારૂં; (૨)
તુજ સ્વરૂપ છે, મુજ આતમમાં, આત્મમૂર્ત્તિ મન ધારૂં. કરૂં. ૩
કુગુરૂ સંગત રૂપ જડેલું, ઘટ-મંદિરને તાળું; (૨)
આવી લધ સદ્‌ગુરૂ શરણુની, ખોલ્યું ઘટનું બારૂં. કરૂં. ૪
વાંચન, પ્રશ્ન, સઝાય, વિવેચન, વાટ, દીવેલ વિચારૂં; (૨)
જ્ઞાનરૂપી દીપક પ્રગટીને, અચળ કરૂં અજવાળું. કરૂં. ૫
મિથ્યાત્વ મેલું વસ્ત્ર તજાવી, સંવર આસન ઢાળું; (૨)
આત્મ મૂર્ત્તિ તે પર પધરાવી, તપ રૂપ જળથી ન્હવારૂં. કરૂં. ૬
સમકિતનું શુદ્ધ વસ્ત્ર સજાવી, ક્ષમા છત્ર ચડાવું; (૨)
બાર વ્રતો રૂપી ધરી આભૂષણ, આત્મ મૂર્ત્તિ શણગારૂં. કરૂં. ૭
ભાવ પુષ્પ ધરી અહોનિશ તાજું, સ્તવન તારૂં ઉચ્ચારૂં; (૨)
દાન રૂપી ઝાલર ઝણકાવી, આરતિ નિત્ય ઉતારૂં. કરૂં ૮
દ્રષ્ટિ રાખી આતમ મૂરતિમાં, સ્વરૂપ તારૂં વિચારૂં; (૨)
હૃદયે સ્થાપી રટન તમારૂં, અટન અનંતું ટાળું. કરૂં. ૯
દ્રવ્ય મૂર્ત્તિ પૂજન દુઃખ દાયક, કર્મગાઢ કરનારૂં; (૨)
આત્મ મૂર્ત્તિ અર્ચનથી વલ્લભ, કર્મમેલ નિવારૂં. કરૂં. ૧૦

" કન્યાવિક્રય " નો કેર દર્શક સંવાદ

(તેમાં મહાજન તરફથી અપાતા ઉત્તેજનનો ચિતાર.

પાત્રોઃ—(अ) લોભીપુર નગરના મહાજનના શેઠો (શઠો !):—

૧. મફતચંદ. ૨. નવરાલાલ. ૩. અમથાલાલ.

(ब) ૧ ચીમનલાલઃ—ગૂજરાતથી વરવા આવેલા ઘરડા વરનો મુનીમ.

૨. કેશવ—લોભીપુરના મહાજનનો નોકર.

૧. મંગળાચરણ.

સર્વ પાત્રોઃ—(ગોકુળીઉં નાનું ગામડીઉં—એ રાગ.)

પડી ચરણે પ્રભુ શરણે રહી કરૂં એક અરદાસ (૨)—ટેક.
મેવા મીઠાઇ, માગું ન કાંઇ; (૨)
પ્રભુ માગું પાર ઉતારો, અવર હિતનો આ પ્રયાસ. પડી. ૧
લોભ લુટારો, અન્ય હજારો; (૨)
જોઇ ચારે તિરથ લૂંટી જતા તનમાં છુટે ત્રાસ. પડી. ૨
જ્યાં સુધી મારૂં, તન આ રે'નારૂં; (૨)
આ અવનિ ઉપર સૌની કરૂં સેવા એજ આશ. પડી. ૩
કુમાત સુધારો, સુમતિ વધારો (૨)
જગ વલ્લભ! વંદન કરીએ વીર ત્હારા અમે દાસ. પડી. ૪

(સ્થળ—રસ્તો–નવરાલાલ શેઠની દુકાન પાસે.)

નવરા.—(નવરાલાલ શેઠ તેમની દુકાનના પાટીઆ નજીક ઉભા છે, તેવામાં રસ્તા ઉપર મફતચંદ શેઠને ડ્રેસનો ઠાઠમાઠ મારી સપાટાબંધ ચાલ્યા જતા જોઇને) કેમ, મફતચંદ શેઠ ! એ મફતચંદ શેઠ ! આવો, આવો ! આમ ઉતાવળા ઉતાવળા શાહ (ક્યાં) જાઓછો !

મફત.—(જરા થોભીને, નવરા. પાસે આવીને)–ઓહોહો ! નવરાલાલ શેઠ, માફ કરજો હો ! મારૂં ધ્યાન નહોતું, એટલે આપને મળ્યા વગર ચાલ્યો જતો હતો; મેં એમ ધાર્યું કે તમે દુકાને નહીં હો, અને મહાજન ભેગું થાય છે, ત્યાં ગયા હશો !

નવરા.—હા, શેઠ સાહેબ, હું દુકાન બંધ કરીને જવાની તેયારીમાંજ હતો, પણ ત્યાં આપને જોયા, એટલે આપણે બંને સાથે જઇએ તો ઠીક, એમ ધારી તમારી વાટ જોઇને ઉભો હતો; ઠીક, પણ મહાજન શા માટે ભેગું થાય છે, અને કોણ ભેગું કરે છે, તે તમે જાણો છો !

મફત.—મને પૂરેપૂરી કાંઈ ખબર નથી, તમે વાત કરો તો ખબર પડે.

નવરા.—તમને કાંઇ ખબર નથી, ત્યારે શું જોઇને એટલી બધી ઉતાવળથી દોડયા જતા હતા ? જે કામ માટે જવું હોય, તેનો કાંઇક અગાઉથી વિચાર બાંધીનેજ જવું જોઇએ, તે વગર ત્યાં જઇને શું હજામત કરાવવી ?

મફત.—મારા મનમાં એમ કે, ત્યાં જઇને કોઇને પૂછી લઇશ, પણ હવે તમારો ભેટો થયો, તો સવિસ્તર હકીકત મને મહેરબાની કરીને જણાવો.

નવરા.—સાંભળો; આપણા આ લોભીપુરનગરમાં આજરોજ પ્રભાતના પહોરમાં લપોડદાસશેઠે પોતાની ૧૦ વરસની ઉમરની દીકરીનું, ગુજરાતમાંથી વરવા આવેલા ૮૦ એંશી વરસના ધરડા વરની સાથે વેવીશાળ કર્યું; વર, કન્યાની ઉમરમાં ઝાઝો ફેર નથી; ૧૦×૮=૮૦ (દાયઅઠીએ એંશી); કન્યાથી વરની ઉમર ફક્ત આઠ ગણી છે. અરેરે ! શેઠ સાહેબ, વધારે કહેતાં મારી જીભ ઉપડતી નથી; આ વાતની અમથાલાલ શેઠ, જે આપણી નાતના આગેવાન છે, તેમને ખબર પડતાં, તેમણે યોગ્ય પગલાં ભરવા માટે, મહાજનને ભેગું કરવાની હીલચાલ કરી છેઃ–૨.

(છોડી બામનકી–એ રાગ.)

કેમ વાત કરૂં (૨)—કાયા કંપે મારી શું ઉચરૂં ! (૨) ટેક.
દશ વરસની દીકરી તે, ડોસાને દઇ દીધી;
લપોડ શેઠે લ્હેર માણવા, મ્હોર હજારો લીધી. કેમ. ૧

મફત.–અરે ! અજબ આ ગજબ થયો શું, જુએ ન કાજ અકાજ;
નાત બ્હાર નકટાને મૂકો, ત્યારે વળશે લાજ—

નવરા.–કેમ. ૨... ... ...
પૃથ્વી ઉપર પાપ વધ્યું છે, ઊંચ કરે નીચ કામ;
દયા ઉઠી ગઇ દિલથી, રાખ્યું માત્ર જૈનનું નામ. કેમ. ૩

* * * *

(એવામાં મહાજનનો નોકર કેશવ, શેઠીઆઓને બોલાવવા આવે છે.)

કેશવ—(દોડતો આવીને, મોટેથી ઉતાવળો ઉતાવળો) અરે ! મ્હારા મહેરબાનો, હવે તો પધારો ! સર્વ શેઠીઆઓ તમારી રાહ જોઇને ખોટી રહ્યા છે; માટે જલદી પધારો !

મફત.—અમે આંહી નવરા નથી બેઠા કે, તારો અમથાલાલ શેઠ જ્યારે કહે ત્યારે અમારે હાજર થવુંજ જોઇએ; જા, બીજાને હજુ ભેગા કર, ત્યાં અમે આવી પહોંચશું !

કેશવ.—શેઠજી ! હવે કોઇ આવવું બાકી નથી ! આપ બંને ગૃહસ્થો પધારો એટલે મહાજન સભાનું કામ હાથમાં લ્યે.

નવરા.—ઠીક, જા ! આવીએ છીએ ! કાંઇક કામમાં હોઇએ તો વચ્ચે ન બોલવું જોઇએ, એટલું સમજે છે કે નહિ !

કેશવ.—શેઠ સાહેબ ! માફ કરો ! મારી ભૂલ થઇ. (નમીને જાય છે; સ્વગત) આ શેઠીઆ અત્યાર સુધી આવતા નથી, ને ઉભા ઉભા વાત કરે છે, એટલે નક્કી કાંઇક જાણવા જેવું હશે. વાણીઆ કાંઇક લાભે લોભે ખુવાર થતા હશે! મારે એક બાજુ સંતાઇને ગૂપચૂપ સાંભળું.

* * * *

(એટલામાં ઘરડા ગુજરાતી વરનો મુનીમ '**ચીમનલાલ**' ગૂજરાતી ડ્રેસમાં ઠાઠમાઠ મારી હાથમાં હજાર હજાર રૂપીઆની બે કોથળીઓ તથા ૧૦૦૦ રૂપીઆની એક નોટ ખીસામાં રાખીને આવેછે.)

ચીમનલાલઃ—(સલામ કરીને શેઠીઆઓને) મહેરબાન, શેઠ સાહેબ !

મફત૦—ભાઇશ્રી, તમારે ક્યાં રહેવું ? અને તમારૂં નામ શું? તમે અહીંના રહેવાશી જણાતા નથી; આ કોથળીઓ અહીં શા સારૂ લાવ્યા છો ?

ચીમન૦—શેઠજી! મારૂં નામ ચીમનલાલ છે; અમે ગૂજરાત દેશના રહેવાશી છીએ; આ લોભીપુર ગામમાં ગુજરાતના વર, કન્યાની શોધ માટે આવ્યા છે, તેમનો હું મુનીમ છું; અને તેમારા શેઠના હુકમથી હું આપની પાસે અરજ કરવા આવ્યો છું.

નવરા૦--ચીમનભાઈ! તમારે જે કાંઇ અરજ કરવી હોય તે તુરત જ કરી લ્યો; કેમકે અમારે પાછું મહાજનની મીટીંગમાં જવું છે. માટે જલદી બોલો.

ચીમન૦--બહુ સારૂં શેઠ સાહેબ; ત્યારે કૃપા કરી ધ્યાન દઇને સાંભળોઃ--

૩. રાગ-ધનાશ્રી.

લાવ્યો સંદેશો સાર, મહાજન મારા, લાવ્યો. (૨) ટેક.
શેઠ મારા છે, ગુજરાતવાસી (૨) ધન તણો નહીં પાર. મહા. ૧
પુત્રી ઘણી જેને, પુત્ર ન એકે (૨); પરણ્યા છે નારી બાર. મહા. ૨
કન્યા કુંવારી, ગોતીને વરવા (૨); આવ્યા આ ગામ મોઝાર. મહા. ૩
આંડ કરી મળી, કન્યા અમોને (૨); કરશો હવે ન ખુવાર. મહા. ૪
શેઠ તમે છો, મુખી મહાજનના (૨): કરો અમારી વાર. મહા. ૫
રૂપીઆ હજારની, થેલી લીઓ આ (૨) શેઠે કહ્યા છે જુવાર. મહા. ૬
કામ અમારૂં, કરી દીઓ તો (૨); હજી અપાવું હજાર. મહા. ૭

* * * *

(ઉપરના ગાયનમાં છઠ્ઠી કડીના,-"થેલી લીઓ આ"—એ શબ્દો બોલતી વખતે ચીમનલાલ, બંને શેઠને એકેકી થેલી આપે છે, શેઠીઆઓ નીચું જોઇ ગૂપચૂપ તેનો સ્વીકાર કરે છે.)

નવરા૦—કેમ, મફતચંદ શેઠ, તમારો શું વિચાર થાય છે? આ બાપડા ગૂજરાતી બહુ દુઃખીઆ છે, હો! લાખો રૂપીઆ ખુવાર કર્યા હશે, તો પણ શેઠને એકે દીકરો થતો નથી; આપણા ગામમાંથી એમને ઘણી મહેનતે કન્યા મળી તેમાં જો આપણે વિઘ્ન નાંખીશું, તો તેમને "પડયા ઉપર પાટું" માર્યા જેવું થશે; હવે જેમ તમારો મત થતો હોય એમ કરીએ.

મફત.—નવરાલાલ ભાઇ, મને પણ એ ગૂજરાતી ડોસાની બહુ દયા આવે છે. એમને પજવવામાં આપણને કાંઇ નફો નથી. એક તો આપણે કન્યા વિક્રય થતો અટકાવી કન્યાનું હિત કરવા જઇએ. આપણે ધંધો પાણી મુકી રાત દિવસ ખુવાર થઇએ, એટલું જ નહિં પણ ઉલટો કન્યાનો બાપ લપોડદાસ શેઠ આપણી ઉપર ક્રોધે ભરાઇ, દુશ્મની રાખે. એવી ખુવારીમાં આપણે નાહક,-વિના સ્વાર્થે શા માટે ઉતરવું જોઇએ?

નવરા.—વળી જો કન્યાના કર્મમાં સારૂં હશે તો એની મેળે સારૂં થશે. કર્મના કાયદા આગળ કોઇનો ઉપાય નથી; ગૂજરાતી ડોસાના ઘરમાં પૈસો પુષ્કળ છે, એટલે, ખાવા પીવામાં કે પ્હેરવા ઓઢવા વિગેરે મોજમજામાં કન્યા કોઇ રીતે દુઃખી થશે નહિ. માટે જેમ થતું હોય તેમ થવા દો આપણે બિલકુલ વચ્ચે પડવું નહીં. કેમ, ચીમનલાલભાઇ, તમે હવે ખુશી થયા કે નહીં?

ચીમન.—જી,. હા, શેઠ સાહેબો! આપની અમારા ઉપર કૃપા થઇ એટલે અમારૂં કામ હવે ચોકસ પાર પડશેઃ—૪.

(નફ્ટ નિર્લજ નકટા નરસૈયાની—એ રાગ.)

ધન્ય! ખરેખર દીન દુખો હર નરવર શેઠ તમેછો સુજાણ (૨)

મફત.—પૈસા લઈ વેચે, પુત્રી પિતા એનો (૨);
આપણને એમાં શું નુકશાન—

ચીમન.— ધન્ય. ૧.

નવરા.—કન્યાના કર્મમાં, માંડયા જો પથ્થર, (૨);
ક્યાંથી મળે ભાઇ, હીરાની ખાણ—

ચીમન.—ધન્ય.—૨. દુર દુર દેશેથી દુઃખીઆ અમે આવ્યા (૨)

નવરા. અને મફત.—(સાથે) કરશું હવે નહીં, તમને હેરાન-

ચીમન.— ધન્ય. ૩

નવરા.—ને મફત.—(સાથે) વીવા કરો ભલે, રંગ ઉમંગેથી (૨)
વીવામાં વિઘ્ન નાંખે તે નાદાન—

ચીમન.— ધન્ય૦ ૪.

(આ ગાયનની નીચે લખેલી અમથાલાલ તથા કેશવની વાતચીત પછી)

મફત.—માગ્યા વિના, મન માન્યું મળ્યું ધન (૨);

નવરા.—સ્હેજે મળે તે તો દુધ સમાન—(ચીમન.) ધન્ય. ૫

(ઉપરના ગાયનની ચોથી અને પાંચમી કડીની વચ્ચેની વાતચીત.)

અમથા.—(મહાજનની મીટીંગમાં ઘણી વાટ જોવા છતાં મફત. તથા નવરા. નહિ આવવાથી, તેમજ તેમને બોલાવવા કેશવને મોકલેલો, તે પણ પાછો જવાબ દેવા નહિ આવવાથી, શંકાશીલ થઇને શેઠીઆઓ શું કામમાં રોકાયા છે તેનો તપાસ કરવા આવે છે, ત્યાં છેટેથી કેશવને જોઇને)—અરે ! કેશવ, તું ત્યારનો અહીં શું કરે છે, તું જવાબ દેવા પણ ન આવ્યો ?

કેશવ.—(નાક ઉપર આંગળી મુકીને " ચૂપ થવાની અને ધીમે બોલવાની " નિશાની કરીને) અમથાલાલ શેઠ, તમે સાંભળો તો ખરા, એ બંને શેઠ, અહીં ક્યારના ઉભા છે; ને પેલા ગુજરાતીની સાથે કાંઇક સંતલસ કરે છે, અને તે હું આંહી સંતાઇને ઉભો ઉભો સાંભળું છું, તમો પણ જરાવાર આંહીં ઉભા રહીને સાંભળો !

અમથા.—(ઉપરના ગાયનની પાંચમી કડી બોલાય છે તે સાંભળીને) આતો, કાંઇક નાણાંના જોગ કરતા હોય એમ લાગે છે-રખેને કાંઇ દગો હોય; ચાલ, ત્યાં જઇ યુક્તિથી બધી વાત કઢાવું, ને પોકળ ખુલ્લું કરૂં. (શેઠીઆઓ વાતો કરે છે ત્યાં જાય છે. એટલે તેઓ પોતાના હાથમાંની કોથળીઓ સંતાડવા માટે, બંને હાથ પીઠ પાછળ રાખે છે)

નવરા. તથા મફત.—(અમથાને દેખી) પધારો ! પધારો ! અમથાલાલ શેઠ, તમારે જાતે આંહી આવવું પડયું ? અમને આવતાં જરા વાર લાગી ગઇ તેને માટે માફી માગીએ છીએ, હો !

અમથા.—એની કાંઇ હરકત નહીં, પણ વાત તો કરો, એ-વડા બધા કયા મોટા કામમાં રોકાણા છો કે એટલી વાર લાગી ?

નવરા.—આ અમારો ગુજરાતનો આડતીયો આવ્યો છે, તેની કડાકૂટમાં બધો વખત ગયો; એને પાછું આજની ટ્રેનમાં ચાલ્યું જવું છે, એટલે શું કરીએ ?

અમથા.—શેઠજી, આ ગૂજરાતી તો પેલા ગૂજરાતથી વરવા માટે આવેલા ડોસાનો મુનીમ છે, તેને મેં એ ડોસાની પાસે જોયો હતો, તેમ છતાં આવી રીતે જૂઠું બોલી શું તમે મને ઠગવા માગો છો ? તમે ગમે તેમ છુપાવશો, પણ મારા જાણવામાં બધી વાત આવી ગઇ છે, પાપ કદી છાનું રહેલું સાંભળ્યું છે ?:-

૫ સિંહાનો કનરો.

પાપ રહે નહીં, કદીએ છાનું, (૨) વાત તમારી, હું બધી જાણું. ટેક-
જૂઠું કરો શું, રંક કન્યાનું, (૨) જોતા નથી કાંઈ ટાણું કટાણું. પાપ. ૧
લોભે તમારૂં, મન લલચાણું (૨) લાજ તજી શું, લઇને નાણું. પાપ. ૨
રૂપીઆની થેલી, લઇ ક્યાં મેલી (૨) કહો ! મુજથી નથી કાંઇ અજાણ્યું. પા.
ગામજનો જો, જાણે બધું આ (૨) સમજો તમારૂં નાક કપાણું. પાપ. ૪

મફત—અમથાલાલ શેઠ ! એવડી બધી બીક કોને બતાવો છો ? (વાંસેથી હાથ, આગળ લાવીને) આ રહી રૂપીઆની કોથળી; ધ-રાળ લાંચ લીધી છે, લ્યો, જાઓ ! તમારે જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં કરો ! અમારી આબરૂ ભલે જાતી રહે ! જેને લાજ હશે એની જાશે; નાક હશે એનું કપાશે; અમારે નાગાને શું છે ?

અમથા૦—હા, ભાઈ, "નાગાથી પાદશાહ આઘા," એ કહેવત ખોટી નથી—

નવરા૦—મફતચંદ શેઠ, તમે ધીરજ રાખો, અમથાલાલ શેઠની સલાહ વ્યાજબી છે કે વાત બ્હાર પડશે તો નાક કપાશે, ને તેથી આ ગુજરાતીને પણ આપણે મદદ નહીં કરી શકીએ; માટે (હળવેથી ચીમનને) જો ચીમનભાઈ આ અમથાલાલ શેઠને પણ ૧૦૦૦ રૂપિઆ બીજા આપી દ્યો તો તમારૂં કામ ફતેહમંદ થઈ જાય.

ચીમન૦—ભલે, બહુ સારૂં; અમે નાણુંની ગણુતરી કરતા નથી; ફક્ત તમારા જેવા શેઠીઆઓની મહેરબાની હોય તો બસ. (એમ કહી ખીસામાંથી રૂ. ૧૦૦૦ ની નોટ કાઢી અમથા૦ ને) લ્યો, અમથાલાલશેઠ, આ ૧૦૦૦ રૂપિઆની નોટ, મારીવતી તમારાં છોકરાંનાં હાથમાં દેજો!

કેશવ૦—(ચીમન૦ ને) શેઠને છોકરાં નથી ને કોને દેશે?

મફત૦—હવે છાનોમાનો ઉભો રહે એક કોરે; તું અમારી વાતમાં શું જાણે?

અમથા૦—ચીમનલાલભાઇ! હવે તમારૂં કામ થઈ ગયું સમજજો.

કેશવ૦—(સ્વગત) અંહાહા! પૈસાનો લોભ કેવાં નીચ કામ કરાવે છે!:—

૬ લલિત છંદ.

અરર, દામતું, કામ શું કરે, જન દયાળુમાં, ક્રૂરતા ભરે;
મરંત કીડી જો, રાખતા દયા, મનુષ ઉપરે ક્રૂર તે થયા. ૧

વણિક નામ તે, જૂઠું બોલતા, અરર લોભથી ઓછું તોળતા;
પુસ્ત સાયદી, ખોટી રૂપીએ, ધન મળ્યે સુતા, વૃદ્ધને દીએ. २
પ્રિત તુટે ખરે, ક્રોધ જો કરે, વિનય વિણસે, માન જો ધરે;
કપટ કૂડથી, મિત્રતા જશે, સરવ લોભથી, નાશ પામશે. ૩
ધન જમાવીને લોભીઓ મરે, પણ સુપાત્રને, દાન ના કરે;
પૂરણ વેરી છે, લોભ આત્મનો, વશ કરી શકે, ધન્ય તેજનો. ૪

* * * *

અમથા૦—કેશવ, અરે કેશવ ! ક્યાં ગયો

કેશવ૦—જી, શેઠ સાહેબ ! શું હુકમ છે ?

અમથા૦—તું એકદમ જઇને, મહાજનની મીટીંગમાં જે જે માણસો ભેગાં થયાં હોય તે સર્વને કહી દે કે, આજે મહાજનના શેઠ, મફતચંદભાઇની તબીઅત સારી નથી, એટલે કાંઈ કામ થઇ શકશે નહીં, માટે સૌ સૌને રસ્તે પડો !

કેશવ૦—ભલે, બહુ સારૂં, શેઠજી ! (નમીને જાય છે.)

મફત૦—ઠીક, અમથાલાલશેઠ, ચાલો આપણે પણ હવે સૌ સૌને સ્થાને જઇએ.

અમથા૦-નવરા૦—હા, ભલે, જેમ સૌની મરજી ! (એમ કહી સૌ જવા માંડે છે.)

ચીમન૦—શેઠ સાહેબો, હું પણ હવે રજા લઉં છું, ને મારાથી કાંઇ ભુલ થઇ હોય તો ક્ષમા માગું છું. (એકબીજા હાથ મીલાવીને જાય છે.)

સર્વ પાત્રોઃ— ૭ (તારણ અને અફસોસ !)

(વાલા વેગે આવોરે—એ રાગ.)

કરમની કહાણીરે, શરમ મુકાણીરે;
લોભીને ધિક્કાર હજાર હો૦ (૨)
મહાજન થઇને અધમ કરે અતિ કામ (૨) કરમ૦ ૧

સાખીઃ—પિતા પુત્રી વેચતો, માતાને નહીં મ્હેર;
સગાં સંબંધી સર્વને, થઇ લાડુની લ્હેર;
મહાજન લાંચ લીએ વળી, લાજે નહીં કરી ફેર—
દયા દિલે નહીં આણીરે-- લોભી૦ ૨

સાખીઃ—વૈદ્ય દીએ જો ઝેર તો, રોગી જન ક્યાં જાય;
રાય પીડે રૈયત વળી, કોણ કરે ત્યાં ન્યાય;
આગેવાન અધર્મી તો, શું સુધરે સમુદાય--
સજ્જન વિના ધુળધાણીરે-- લોભી૦ ૩

સાખીઃ—સાન ન શુભ-અશુભની, ધર્મનું નહિ અભિમાન;
નાત જાતના હિતની, વાત ધરે નહિ કાન;
મહાજન નામ ધરાવતા, મુર્ખને વહાલભ જ્ઞાન--
પથ્થર ઉપર પાણીરે-- ... ... લોભી૦ ૪

* * * *

(જયજીનેન્દ્રના નાદ કરી પાત્રો સૌ સૌને રસ્તે જાય છે.)

સમાપ્ત.

કન્યા વિક્રયની કહાણી,

(વાટ જુએ છે મીરાં રાંકડી—એ રાગ)

વ્હાલા વીર પુત્રો ! કહું વાતડી, કહેતાં મારી, હાય ચીરાય છે
છાતડી (૨) ટેક.

લાડો બનવાનો દાદો, દિલમાં રાખે ઇરાદો; (૨)
ભલે કર લીધી હોય લાકડી-- કહેતાં૦
ડોસો વર દીપે કેવો, વીવા તે વરસી જેવો; (૨) ૧
વાહનવરનું તે જુઓ ઠાંઠડી-- કહેતાં૦ ૨
ખોખે બત્રીશી પ્હેરી, લાડી ને લાવ્યો લ્હેરી; (૨)
મૂછો રંગી, મખમલની મોજડી-- કહેતાં૦ ૩
જાણે જે જુવાની આવી, જાણે ન, આવે નહીં લાવી, (૨)
અક્કડ થઇ અળગી કરી લાકડી-- કહેતાં૦ ૪
ઝડપ્યો ન જ્યાં સુધી કાળે, ચતુર થઇ ચટચટ ચાલે; (૨)
હું તો પહોળો ને શેરી સાંકડી-- કહેતાં૦ ૫
માબાપમાં પાપ પેઠું, હરખે તે જુએ ન હેઠું; (૨)
જુલ્મી થઇ જોતા નથી જાતડી-- કહેતાં૦ ૬
દીકરી જો આવે ઝાઝી, મકલાતી મનમાં માજી (૨)—
"ભુખ ભાંગી પ્હેરૂં બીજ સાંકળી!" કહેતાં૦ ૭
કન્યા કરીયાણું થાતી, હવે ન છાની વેચાતી; (૨)
દેખાડે સૌને માંડી હાટડી! કહેતાં૦ ૮
દીકરી તે બકરી ધેનુ, જોર જરા નહિ જેનું; (૨)
ઝુરી ઝુરી કાઢે દિન રાતડી. કહેતાં૦ ૯

બાર વરસોની બાળા, ઓઢણાં ઓઢે કાળાં। (૨)
 રીબી રીબીને મારે રાંકડી. કહેતાં૦ ૧૦
મહાજન, શ્રી માફ કરજો, વાત કંઇ કાને ધરજો; (૨)
 ઘરમાં અગ્નિ ઉઘાડો આંખડી ॥ કહેતાં૦ ૧૧
અનીતિનું અન્ન ઉદરમાં, સુમતિ ન મળે સુનરમાં; (૨)
 વલ્લભ જુએ રણુવીરની વાટડી. કહેતાં૦ ૧૨

શ્રી નવ તત્ત્વ.

(૧) જીવ તત્ત્વ—ચૈતન્ય લક્ષણુવંત, સદા સઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખ દુઃખને જાણુને વેદક હોય તે જીવ કહેવાય.

જીવના ભેદ—(૧) ભેદ ૧-સર્વ જીવોનું ચૈતન્ય લક્ષણુ એક છે માટે સંગ્રહ નયે કરી ૧ ભેદ (૨) ૨ ભેદ-ત્રસ, સ્થાવર; અથવા સિદ્ધ, સંસારી. (૩) ૩ ભેદઃ-સ્ત્રી, પુરૂષ, નપુંસકવેદ; અથવા ભવસિદ્ધિયા, અભવ સિ. નો ભવ સિ. નો અભવ૦ (૪) ૪ ભેદઃ નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા; અથવા ચક્ષુ૦, અચક્ષુ૦, અવધિ૦ ને કેવળદર્શની (૫) ભેદઃ—પાંચે ઇંદ્રી, અથવા સજોગી, મન-વચન-કાય જોગી, ને અજોગી. (૬) ૬ ભેદ-છકાયના અથવા સકષાયી, ક્રોધ-માન-માયા-લોહ--કષાયી, ને અકષાયી. (૭) ૭ ભેદ—નારકી, તિર્યંચ, તિર્યંચણી, મનુષ્ય, મનુષ્યણી, દેવતા, દેવી. (૮) ૮ ભેદ—કૃષ્ણ-નીલ, કાપુત,-તેજુ-પદ્મલેશી,-સલેશી, ને અલેશી. (૯) ૯ ભેદ,-૫ સ્થાવર, ૩ વિગલેંદ્રિ, ને પંચેંદ્રિ (૧૦) ૧૦ ભેદઃ—૫ ઇંદ્રીવાળાના પ્રજાપ્તા ને

અપ્રજાપ્તા. (૧૧) ૧૧ ભેદ,-૪ ઇંદ્રી, નારકી, તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતરા. જ્યોતિષા ને વૈમાનિક. (૧૨) ૭ કાયના અપ્ર૰ ને પ્રજા૰ એ ૧૨ ભેદ. (૧૩) ૭ લેશીના અપ્રજા. ને પ્ર૰ મળી ૧૨ તથા અલશી એ ૧૩ ભેદ. (૧૪) ૧૪ ભેદઃ-સુક્ષ્મ અને બાદર એકેંદ્રીના પ્રજા૰ ને અપ્ર૰ એ ૪ તથા વિગલેંદ્રિના પ્રજા૰ ને અપ્ર૰ મળી ૧૦ તથા સંજ્ઞી અને અસંજ્ઞી પંદ્રીના અપ્ર૰ ને પ્રજા૰ એ ૧૪ ભેદ.

વ્યવહાર વિસ્તાર નયે કરીને જીવના ૫૬૩ ભેદની વિગતઃ-

અ. ૩૦૩ ભેદ મનુષ્યનાઃ-(૧) કર્મભૂમિનાં મનુષ્ય—અસિ, મસિ, કૃષિ એ ૩ પ્રકારના વ્યાપારે કરી જીવે તે; તેનાં ક્ષેત્ર, ૫ ભરત, ૫ ઇરવત ને ૫ મહાવિદેહ એ મળી કુલ ૧૫ છે, તે ક્યાં છે ? ૧ ભ૰, ૧ ઇ૰, ૧ મહા૰ એ ૩ ક્ષેત્ર જંબુદ્વીપ (એક લાખ જોજનનો) માં છે, જંબુ૰ ને ફરતો બે લાખ જો૰ નો લવણ સમુદ્ર છે, તેને ફરતો ૪ લાખ જો૰ નો ધાતકી ખંડ દ્વીપ છે. તેમાં ૨ ભ. ૨ ઇ. ને ૨ મહા૰ છે. ધાત૰ ને ફરતો ૮ લાખ જો૰ નો કાળો દધિ સમુદ્ર છે; તેને ફરતો ૮ લાખ જો૰ નો અર્ધપુષ્કરદ્વીપ છે, તેમાં ૨ ભ૰ ૨ ઇ. ને ૨ મહા૰ છે, કુલ ૧૫ થયાં. (૨) અકર્મભૂમિના મનુ૰--૩ પ્રકારના વ્યાપાર વગર જ, ૧૦ પ્રકારના કલ્પવૃક્ષે કરી જીવે તે; ૫ હેમવય, ૫ હીરણવય, ૫ હરીવાસ, ૫ રમકવાસ ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ એ મળી તેનાં ક્ષેત્ર ૩૦ છે તે ક્યાં છે ?:-તેમાંનું દરેક નામનું એકેકું ક્ષેત્ર જંબુ૰ માં એટલે ૬; દરેક નામનાં બબે ક્ષેત્ર મળી ધાતકી ખંડમાં કુલ ૧૨; દરેક નામનાં બબે ક્ષેત્ર મળી અર્ધ પુષ્ક૰ માં કુલ ૧૨, એમ કુલ ૩૦ થયાં. (૩) ૫૬ અંતરદ્વીપાના મનુષ્યઃ-(૧) જંબુદ્વીપના ભરતક્ષેત્રની મર્યાદાનો કરનાર ચુલહીમવંત નામે

પર્વત છે, તે સોના જેવો પીળો, સો જો૦ નો ઉંચો, સો ગાઉનો ઉંડો, ૧૦૫૨ જો૦ ને ૧૨ કળાનો પહોળો ને ૨૪૯૩૨ જો૦ નો લાંબો છે; તેને પૂર્વ ને પશ્ચિમને છેડે બબ્બે દાઢા નીકળી છે, અકેકી દાઢા ૮૪૦૦ જો૦ ઝાઝેરી લાંબી છે; અકેકી દાઢા ઉપર ૭ અંતરદ્વીપા છે તે ક્યાં છે?:–જગતીના કોટ થકી ૩૦૦ જોજન લવણ સમુદ્રમાં જઈએ ત્યારે પહેલો અંતરદ્વીપો આવે, તે ૩૦૦ જો૦ લાંબો ને પહોળો છે, એમ ૪૦૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦, ને ૯૦૦ જોજન અનુક્રમે લવણ સમુદ્રમાં જઈએ ત્યારે અનુક્રમે ૨,૩,૪,૫,૬, ને ૭ મો અંતરદ્વીપો આવે, તે દરેક અનુક્રમે ૪,૫,૬,૭,૮, ને ૯ સો જોજન લાંબો પહોળો છે. એમ ચારે દાઢાના મળી ૨૮ અંતરદ્વીપા થયા; એજ રીતે (૨) જં૦ ના ઐરવત ક્ષેત્રની મર્યાદાનો કરનાર શિખરી નામે પર્વત છે, તે ચુલહીમવંત સરીખો જ છે; ત્યાં પણ ઉપરની રીતે ૨૮ અંત૦ છે, એમ કુલ મળી ૫૬ અં૦ થયા; ત્યાં હેઠળ સમુદ્ર અને ઉપર અધર ડાઢાના દ્વીપોમાં મનુષ્યો રહે છે, માટે તે " અંતરદ્વીપાના મનુષ્ય " કહેવાય છે.

એ પ્રમાણે મનુષ્યનાં ૧૦૧ ક્ષેત્ર થયાં; તેના સમૂર્છિમ મનુષ્યના અપ્ર૦ ને ગર્ભજ મનુષ્યના અપ્ર૦ ને પ્રજા. મળી ૩૦૩ ભેદ થયા. (સમૂર્છિમ મનુષ્ય ઉપજવાનાં ૧૪ સ્થાનક પ્રતિક્રમણમાં આવી ગયેલ છે.)

૪. ૧૯૮ ભેદ દેવતાના:–(૧૦) ભવનપતિ:–અસુર, નાગ, સુવર્ણ, વિજ્જુ, અગ્નિ, દ્વિપ, ઉદધિ, દિશા, પવન, સ્થણિત, એ દરેકને કુમાર શબ્દ છેડે લગાડી બોલવાં. (૧૫) પરમાધામી:–અંબ, અંબરિસ, શામ, સબલ, રૂદ્ર, વૈરૂદ્ર, કાળ, મહાકાળ, અશિપત્ર, ધનુષ્ય,

કુંભ, વાલુ, વેતરણી, ખરસ્વર, મહાઘોષ. (૧૬) વાણવ્યંતર, પિશાચ, ભુત, જક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરિસ, મહોરગ, ગંધર્વ, આણપન્ની, પાણપન્ની, ઇસીવાઇ, ભુઇવાઇ, કંદીય, મહાકંદીય, કોહંડ, પયંગદેવ. (૧૦) જંભકા--આણ૦, પાણ૦, લયણ૦, શયણ૦, વત્થ૦, પુષ્પ૦, ફળ૦ બીય૦ વિજ્જુ૦ અવિયત જંભકા. (૧૦) જ્યોતિષી—ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, એ ૫ જાતના ચળ અઢીદ્વીપમાં છે, ને એજ ૫ જાતના સ્થિર તે અઢીદ્વીપ બહાર છે. તેની વિગત—૨ ચંદ્રમા,—૨ સૂર્યજંબુ૦ માં; ૪ સૂર્ય ૪ ચં૦ લવણમાં; ૧૨ ચં૦, ને ૧૨ સૂર્ય ધાતકી૦ માં ૪૨ ચં૦ ને ૪૨ સૂર્યકાળોદધિ સમુદ્રમાં; ૭૨ ચં૦ ને ૭૨ સૂર્ય અર્ધ પુ૦ માં છે, એમ સર્વ મળીને મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચં૦ ને ૧૩૨ સૂર્ય પરિવાર સહિત ચળ છે. પરિવાર એટલે જ્યાં ૧ ચં૦ ને ૧ સૂર્ય ત્યાં ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, ૬૬૯૭૫ કોડાકોડિ તારા એમ સર્વ ચંદ્ર સૂર્યનો પરિવાર ગણવો. અસંખ્યાતા ચંદ્રમા અને અસં૦ સૂર્ય, પરિવાર સહિત મનુષ્યક્ષેત્ર બહાર અસં૦ દ્વીપ સમુદ્રમાં સ્થિર છે. (૩) કિલ્વીષા—૩ પલીયા, ૩ સાગરીયા, ને ૧૩ સાગરીયા. (૯) લોકાંતિક—સારસ્વત, આદિત્ય, વિન્હી, વરૂણ, ગર્ધતોયા, તોષિયા, અવ્યા બાધા, અગીચ્ચા, રિઠા; (૧૨) દેવલોક (૯) ગ્રૈવેક ને (૫) અનુત્તર વિમાનનાં નામ પ્રતિક્રમણમાં આવી ગયેલ છે. એ રીતે કુલ ૯૯ જાતના દેવતાના પ્રજા૦ ને અપ્ર૦ મળી ૧૯૮ ભેદ થયા. [નોટઃ—૧૫ પરમાધામી "અસુર કુમાર" (ભવનપતિ) માં ગણાય છે. ૧૦ જંભકા વાણવ્યંતરમાં; ૩ કિ૦ ને ૯ લો૦ વૈમાનિકમાં ગણાય છે.]

ક. ૪૮ ભેદ તિર્યંચના:—૪. સ્થાવર, સુક્ષ્મ ને બાદર એ ૮ ના પ્ર૦ ને અપ્ર૦ મળી ૧૬; વનસ્પતિ--સુક્ષ્મ, પ્રત્યેક ને સાધારણ એ ૩ ના અપ્ર૦ ને પ્રજા૦ એ ૬ મળી ૨૨ એકેંદ્રિના, તથા ૩ વિગલેંદ્રિના અપ્ર૦ ને પ્રજા૦ એ ૬ મળી ૨૮ થયા; તિર્યંચ પંચેંદ્રિ ૫ જાતના--(૧) જળચર-જળમાં ચાલે તે; જેમકે મચ્છ, કચ્છ, ગાહા, મગર, સુસુમાર, ઇ૦ (૨) થળચર--પૃથ્વીપર ચાલે તે; તેના ૪ ભેદ, ૧, એક ખૂરા=એક ખરીવાળા; જેમકે ઘોડા, ખર (ગધેડા), ઇ૦ ૨ દોખૂરા=બે ખરીવાળા; જેમકે, ગાય, ભેંસ, ઇ૦ ૩ ગંડિપયા=સુંવાળા, એરણને ઘાટે પગવાળા; હાથી, ગેંડા, ઇ૦ ૪ સણુપયા=નહોરવાળા, જેમકે, સિંહ, વાઘ, ચિત્તા, કૂતરા, બિલાડા, ઇ૦ એ ૪ ભેદ થયા. (૩) ઉરપર=હૈયાભર ચાલે તે. સર્પની જાત; તેના ૨ ભેદ, ફેણ માંડે તે, ને ફેણ ન માંડે તે. (૪) ભુજપર=ભુજાપર ચાલે તે સર્પની જાત, જેમકે, નોળ, કોળ, કાકિંડા, ગોહ, ઉંદર, ખિસ્કોલી ઇ૦ (૫) ખેચર=આકાશે ચાલે તે=પંખીના ૪ ભેદ--૧ ચર્મપંખી ચામડાની પાંખવાળા, જેવા કે છાયા, વાગુલ, ઇ૦ ૨ રોમ પંખી=રોમરાયની પાંખવાળા, જેવા કે, સૂડા, ચરકલા, પારેવા, ઇ૦ તે બંને પંખી અઢી દ્વીપમાંહી તેમજ બહાર રહે છે. ૩ વિતત પંખી:-જેની પાંખ પહોળીજ રહે તે; ને ૪ સમુગ પંખી=જેની પાંખ દાબડાની પેઠે બીડાયેલી રહે તે; એ બે પંખી અઢી દ્વીપ બહારજ છે; એ તિર્યંચ પચેંદ્રીની ૫ જાત સમૂ૦ ને ગર્ભજ એ ૧૦ ના અપ્ર૦ ને પ્રજા૦ મળી ૨૦; કુલ ૪૮ ભેદ તિર્યંચના થયા.

ડ. ૧૪ ભેદ નારકીના:—૭ નર્કના અપ્ર૦ ને પ્રજા૦ એ ૧૪ ભેદ છે. ૭ નર્કનાં નામ--ઘમા, વંશા, શિલા, અંજણા, રિઠા, મઘા,

માઘવઈ; એ ૭ નાં ગોત્રઃ-રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુપ્રભા, પંક પ્રભા, ધુમપ્રભા, તમ પ્રભા ને તમતમાપ્રભા.

સાત નર્કનું વર્ણનઃ—(૧) પહેલી નર્કનો પડ ૧૮૦૦૦૦ જો૦ નો છે, તે મધ્યે ૧૦૦૦ જોજન દળ નીચે, ને ૧૦૦૦ જો૦ દળ ઉપર છે, ને વચ્ચે ૧૭૮૦૦૦ જો૦ ની પોલાણ છે, તેમાં ૧૩ પાથરા ને ૧૨ આંતરા છે, તેની અંદર ૩૦ લાખ નર્કાવાસા છે, નારકીને ઉપજવાની અસંખ્યાતી કુંભીઓ છે, અસંખ્યાતા નારકી છે, તેના હેઠળ ૪ બોલ છેઃ-(૧) ૨૦૦૦૦ જો૦ નો ગણુદધિ, (૨) અસંખ્યાતોગનવા, (૩) અસં૦ તનવા (૪) અસં૦ આકાશ. તેના હેઠળ (૨) બીજી નર્ક છે તેનો પડ ૧૩૨૦૦૦ જો૦ નો છે, તેમાંથી ૧૦૦૦ જો૦ દળ ઉપર તથા નીચે છે; વચ્ચે ૧૩૦૦૦૦ જો૦ પોલાણ છે, તેમાં ૧૧ પાથરા ને ૧૦ આં૦ છે, તેમાં ૨૫ લાખ નર્કા૦ છે; તે પછીના બોલ ૧ લી નર્ક પ્રમાણે અને તે હેઠળ (૩) ત્રીજી નર્ક છે, તેનો પડ ૧૨૮૦૦૦ જો૦ છે, તેમાંથી ઉપર તથા નીચે એક એક હજાર જો૦ દળ છે. તે જતાં વચ્ચે ૧૨૬૦૦૦ જો૦ પોલાણ છે તેમાં ૯ પા૦ ને ૮ આં૦ છે, તેમાં ૧૫ લાખ નર્કા૦ છે, તે પછીના બોલ ૧ લી નર્ક પ્રમાણે અને તે હેઠળ (૪) ચોથી નર્ક છે તેનો પડ ૧૨૦૦૦૦ જો૦ છે, તેમાંથી ઉપર તથા નીચે એક એક હજાર જો૦ દળ છે તે જતાં વચ્ચે ૧૧૮૦૦૦ જો૦ પોલાણ છે, તેમાં ૭ પા૦ ને ૬ આં૦ છે; તેમા ૧૦ લાખ નર્કા૦ છે તે પછીના બોલ ૧ લી નર્ક મુજબ અને તે હેઠળ (૫) પાંચમી નર્ક છે તેનો પડ ૧૧૮૦૦૦ જો૦ છે, તેમાંથી ઉપર તથા નીચે એક એક હજાર જો૦ દળ છે તે જતાં વચ્ચે ૧૧૬૦૦૦ જો૦ પોલાણ છે; તેમાં ૫ પા૦ ને ૪

આં૦ છે તેમાં ૩ લાખ નર્કા૦ છે, તે પછીના બોલ ૧ લી નર્ક મુ-જબ; તે હેઠળ (૬) છઠ્ઠી નર્ક છે, તેનો પડ ૧૧૬૦૦૦ જો૦ છે, તેમાંથી, ઉપર તથા નીચે એક એક હજાર જો૦ દળ છે, તે જતાં વચ્ચે ૧૧૪૦૦૦ જો૦ પોલાણ છે તેમાં ૩ પા૦ ને ૨ આં૦ છે; તેમાં ૯૯૯૯૫ નર્કા૦ છે; તે પછીના બોલ ૧ લી નર્ક મુજબ; તે હેઠળ (૭) સાતમી નર્ક છે, તેનો પડ ૧૦૮૦૦૦ જો૦ છે તેમાંથી ઉપર તથા નીચે દરેક ૫૨૫૦૦ જો૦ દળ છે, તે જતાં વચ્ચે ૩૦૦૦ જો૦ પોલાણ છે, તેમાં પાંચ નર્કા૦ છે, તે પછીના બોલ પહેલી નર્ક મુજબ; તે હેઠળ અનંતો અલોક છે.

(૨) અજીવતત્વ—જડ લક્ષણવંત, ચૈતન્ય રહિત હોય તે અજીવ કહેવાય; તેના ૧૪ **ભેદ**:—ધર્માસ્તિકાય, અધર્મા૦ ને આકાશા૦ એ દરેકની સ્કંધ, દેશ, પ્રદેશ એ ૯ તથા અદ્ધા સમયકાળ એ ૧૦ ભેદ અરૂપી અજીવના છે; રૂપી અજીવના ૪ ભેદ--પુદ્ગળાસ્તિકાયનો સ્કંધ, દેશ, પ્રદેશ, ને પરમાણું પુદ્ગળ કુલ ૧૪ થયા. વ્યવહાર વિસ્તારનયે કરી ૫૬૦ ભેદ અજીવના છે તેની વિગતઃ—

(૩૦) ભેદ અરૂપી અજીવના:—ધર્મા૦ દ્રવ્ય થકી એક, ક્ષેત્ર થકી લોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત, ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્ત્તિ, અને ગુણ થકી ચલણ સહાય. (૫); અધર્મા૦ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ થકી ઉપર મુજબ ને ગુણ થકી સ્થિર સહાય. (૧૦); આકાશા૦ દ્રવ્ય, કાળ, ભાવથકી ઉપર પ્રમાણે; ક્ષેત્ર થકી લોકાલોક પ્રમાણે, ગુણ થકી અવગાહના દાન (૧૫) કાળ--દ્રવ્ય થકી અનેક, ક્ષેત્ર થકી, અઢીદ્વીપ પ્રમાણે, કાળ

અને ભાવ થકી ઉપર પ્રમાણે; ગુણ થકી વર્ત્તના લક્ષણ. (૨૦); તથા ૧૦ ભેદ અરૂપી અજીવના, ૧૪ ભેદની વિગતમાં કહ્યા તે મળી ૩૦ થયા.

(૫૩૦) ભેદ રૂપી અજીવના:—(૧૦૦) તે વર્ણ ૫--કાળો, લીલો, રાતો, પીળો, ધોળો, તે દરેકમાં ૨૦ ભેદ લાભે તે ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ૮ સ્પર્શ; એટલે પાંચે વર્ણના મળી ૧૦૦ ભેદ થયા; (૪૬) તે ગંધ ૨, સુરભિ ને દુરભિ, દરેકમાં ઉપરના ૨૦ માંથી ૨ ગંધ વર્જીને ૧૮ તથા ૫ વર્ણ એ ૨૩ ભેદ લાભે; બંનેના મળી ૪૬; (૧૦૦) તે રસ ૫--તીખો, કડવો, કસાયલો, ખાટો ને મીઠો; તે દરેકમાં ઉપરના ૨૩ માંથી ૫ રસ વર્જીને ૨ ગંધ ઉમેરવી એટલે ૨૦; પાંચેના મળી ૧૦૦; (૧૦૦) સંઠાણ ૫--પરિમંડળ, વટ, ત્રંસ, ચઉરંસ, ને આયત; દરેકમાં ઉપરના ૨૦ માંથી ૫ સંઠાણ વર્જીને ૫ રસ ઉમેરવા એટલે ૨૦; પાંચેમાં મળી ૧૦૦; (૧૮૪) સ્પર્શ ૮--ખરખરો, સુંવાળો; ભારે, હળવો; ટાઢો, ઉન્હો; ચોપડયો, લૂખો; એ દરેકમાં ૨૩ ભેદ લાભે તે, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ, ને (દરેક સ્પર્શ પોતે તથા તેનાથી વિરૂદ્ધ ગુણનો સ્પર્શ એમ બે વર્જીને) ૬ સ્પર્શ; આઠેના મળી ૧૮૪ થયા. એ રીતે સર્વ મળી ૫૩૦ ભેદ રૂપી અજીવના, અને કુલ ૫૬૦ ભેદ અજીવના થયા.

(૩) પુણ્ય તત્ત્વ—શુભ કમાણીયે કરી, શુભ કર્મના ઉદયે કરી, જેનાં ફળ ભોગવતાં આત્માને મીઠાં લાગે તેને પુણ્ય કહેવાય; તે (૯) ભેદે ઉપરાજે—અન્ન, પાણ, લયણ, સયણ, વત્થ, મન, વચન, કાય, ને નમસ્કાર (એ દરેકને છેડે) "પુન્ને" (લગાડી બોલવું.) તેનાં શુભ ફળ (૪૨) પ્રકારે ભોગવે:–શાતા વેદનીય, ઉંચ ગોત્ર, મનુ-

ષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વી દેવતાની ગતિ, દેવાનુપૂર્વી, પચેંદ્રિયની ગતિ, ઉદારિક,–વૈક્રેય,–અહારક, તેજસ,–ને કાર્માણ શરીર, ઉદારીક, વૈક્રેય,–અહારકનાં અંગોપાંગ એ ૧૫ તથા વજ્રરીખભ નારાચ સંઘયણ, સમચઉરંસ સંઠાણ, શુભ વર્ણ–ગંધ,–રસ,–સ્પર્શ, એ ૨૧ થયા; તથા અગુરૂલઘુ–પરાઘાત–ઉસ્વાસ–આતાપ–ઉદ્યોતનામ; શુભ ચાલવાની ગતિ, નિર્માણ–ત્રસ–બાદર–પ્રજાપ–પ્રત્યેક–સ્થિર–શુભ–સૌભાગ્ય–સુસ્વર–આદેય ને જશોકીર્તિનામ, એ ૩૮ તથા દેવતા–મનુષ્યનું આઉખું; તિર્યંચનું આઉખું જુગલવત્, તિર્થંકર નામ કર્મ કુલ ૪૨ થયા.

(૪) પાપ તત્ત્વ—અશુભ કમાણીયે કરી, અશુભ કર્મના ઉદયથી, જેનાં ફળ ભોગવતાં કડવાં લાગે તેને પાપ કહેવાય તે (૧૮) પ્રકારે ઉપરાજે છે તે ૧૮ પાપ સ્થાનક; ને તે (૮૨) પ્રકારે ભોગવે:–મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ, ને કેવળજ્ઞાનાવર્ણીય; દાન,–લાભ,–ભોગ,–ઉપભોગ,–ને વીર્યાંતરાય; નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા, ને થિણદ્ધિ નિદ્રા. એ ૧૫, તથા ચક્ષુ, અચક્ષુ, અવધિ, ને કેવળદર્શનાવર્ણીય; નીચ ગોત્ર, અશાતા વેદનીય, મિથ્યાત મોહનીય, સ્થાવર, સુક્ષ્મ, અપ્રજાપ્ત, ને સાધારણપણું; અસ્થિર,–અશુભ,–દુર્ભાગ્ય,–દુઃસ્વર,–અનાદેય–ને અજશોકીર્તિનામ; નર્કની ગતિ,–આઉખું,–ને અનુપૂર્વી; તથા (૧૬ કષાય) અનંતાનુબંધી,–અપચ્ચખાણાવર્ણીય,–પચ્ચખાણાવર્ણીય–અને સંજલનો ક્રોધ, માન, માયા, લોભ, એટલે ૫૧ થયા; તથા (૯ નો કષાય) હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રી,–પુરૂષ,–નપુંસકવેદ એ ૬૦; તિર્યંચની ગતિ–તથા અનુપૂર્વી; એકેંદ્રિ–તથા ૩ વિગલેંદ્રિપણું; અશુભ ચાલવાની ગતિ,

ઉપઘાત નામ કર્મ, અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ; રીખભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલકુ, ને છેવટુ સંઘયણ; એ ૭૭ થયા; નિગોહ પરિમંડળ, સાદિ, વામન, કુબ્જ નેહુંડસંઠાણ, કુલ ૮૨ થયા.

(૫) આશ્રવ તત્વઃ—અવ્રત, અપચ્ચખાણ, વિષય કષાયના સેવનથી, આત્મારૂપ તળાવને વિષે, ઇન્દ્રીયાદિક ઘડનાળેથી કર્મ--પાપ રૂપ જળનો પ્રવાહ આવે તેને આશ્રવ કહેવાય; તેના સામાન્ય પ્રકારે (૨૦) ભેદઃ—મિથ્યાત્વ, અવૃત્ત, પ્રમાદ, કષાય, અશુભ જોગ એ ૫ આશ્રવ તથા ૫ અવૃત્ત એ ૧૦ તથા ૫ ઇંદ્રી, મન, વચન ને કાયા એ ૩ (જોગ) અસંવરે તે એ ૧૮ તથા ભંડ ઉપકરણ, ઉપધિ જેમ તેમ લીએ મુકે તે, અને શુચિકુસગ કરે તે; વિશેષે (૪૨) ભેદઃ—૫ આશ્રવ, ૫ ઇંદ્રીય મોકળી મુકે તે, ૪ કષાય, ૩ અશુભ જોગ, એ ૧૭ તથા ૨૫ ક્રિયાઃ—કાયીકી ક્રિયા, અધિકરણકી ક્રિયા, પાઉસિઆ, પારીતાવણીયા, પાણાઇવાય, આરંભીયા, પરિગહીયા, માયા વતિયા, અપચ્ચખાણ વતિયા, મિછાદંસણવતિયા, દિઠીયા, પુઠિયા, પાડુંચીયા, શામતોવણીયા, નેસથીયા, સાહથીયા, આણવણીયા, વિદારણીયા, અણાભોગી, અણવકંખવતિયા, અનાપઉગી, સામુદાણી, પેજ વતિયા, દોસવતિયા, ઇરિયાવહિયા ક્રિયા. કુલ ૪૨ થયા.

(૬) સંવર તત્વઃ—આત્મારૂપ તળાવને વિષે કર્મ રૂપ જળને આવતાં, રોકવું તેને સંવર કહેવાય; તેના સામાન્ય પ્રકારે (૨૦) ભેદઃ—સમકિત, વૃતપચ્ચખાણ, અપ્રમાદ, અકષાય, શુભજોગ, પાંચ વૃત્ત પાળવાં તે, તથા ૫ ઇંદ્રીય ને ૩ જોગને સંવરવા તે એ ૧૮ તથા ભંડ, ઉપકરણ ઉપધિ યત્નાએ લીએ મુકે તે અને શુચિ કુસગ ન

કરે તે કુલ ૨૦ થયા. વિશેષે (૫૭) ભેદઃ—૫ સુમતિ, ૩ ગુપ્તિ, એ ૮ પ્રવચનમાતા તથા ૨૨ પરિસહ સહેવા તેઃ—ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, દંશ મંશ, અચેલ, અરતિ, સ્ત્રીનો, ચરિયા, બેસવાનો, શય્યાનો, આક્રોશ વચન, વધ, યાચવાનો, અલાભ, રોગ, તૃણ સ્પર્શ, મેલ, સત્કારપુરિસ્કારનો, પ્રજ્ઞા, અજ્ઞાન, ને દંશણનો કુલ ૩૦ ભેદ તથા ૧૦ પ્રકારનો યતિ ધર્મ આરાધવો તેઃ—ખંતી, મુતિ, અઝવે, મદવે, લાઘવે, સચ્ચે, સંજમે, તવે, ચીયાએ, અને બંભચેરવાસે એ મળી ૪૦; તથા ૧૨ ભાવનાઃ—અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધ, અને ધર્મભાવના એ મળી ૫૨ ને ૫ ચારિત્ર—સામાયક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ, સુક્ષ્મ સંપરાય, ને જથાખ્યાત ચારિત્ર એમ કુલ ૫૭ ભેદ થયા.

(૭) નિર્જરા તત્વઃ—આત્માના પ્રદેશથી, તપે કરી કર્મનું દેશથી નિર્જરવું—દૂર થવું તેને નિર્જરા કહેવાય; નિર્જરા (૧૨) પ્રકારના તપથી થાય છે—૬, બાહાજ્ય તપ–અનશન, ઉણોદરિ, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, ને કાયકલેશ, ને પડિસંલિણીયા તથા ૬ અભ્યંતર તપ–પ્રાયશ્ચિત, વિનય, વય્યાવચ્ચ, સઝઝાય, ધ્યાન, ને કાઉસગ્ગ. કુલ ૧૨ ભેદ થયા.

(૮) બંધ તત્વઃ—આત્માના પ્રદેશને કર્મ પુદ્દગળના દળ, ખીરનીરની પેઠે, લોહપિંડ અગ્નિની પેઠે; લોલીભુત થઇ બંધાય તેને બંધ કહેવાય; તેના (૪) ભેદ—૧ પ્રકૃતિબંધ=કર્મનો સ્વભાવ; ૨ સ્થિતિ બંધ–કર્મની સ્થિતિ; ૩ અનુભાગ બંધ–તિવ્ર કે મંદ રસ; ૪ પ્રદેશબંધ–કર્મ પુદ્દગળના દળ. દ્રષ્ટાંતઃ—કર્મને ઠેકાણે, વિવિધ

પ્રકારનાં ઔષધો મેળવીને બનાવેલ ગોળી લ્યો, તે ગોળી જેને સ્વ' રૂપે કરી રોગને હણે તેને સ્વભાવ કહેવાય; તે ગોળી અમુક મુદ્દત સુધી જેવીને તેવી ટકી શકે તે સ્થિતિ; તે ગોળી કોઇ બહુ ગરમ યા તિવ્ર હોય, ને કોઇ ઠંડી યા મંદ હોય તેને અનુભાગ કહેવાય; વળી તે ગોળી જેમ જુદાં જુદાં ઔષધોથી, કોઇ મોટી અને કોઇ નાની બને છે, તેને પ્રદેશ બંધ કહેવાય.

(૯) મોક્ષ તત્ત્વ:—આત્માના સર્વ પ્રદેશથી, સકળ કર્મનું છૂટવું, તેને મોક્ષ કહેવાય; મોક્ષમાં જનાર સિદ્ધ કહેવાય છે; સિદ્ધ (૧૫) ભેદે થાય છેઃ—તિર્થ, અતિર્થ, તિર્થંકર, અતિર્થંકર, ગૃહસ્થલિંગ, અન્યલિંગ, સ્વલિંગ, સ્ત્રીલિંગ, 'પુરૂષલિંગ, નપુંસકલિંગ, સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોહિ, એક, તથા અનેક સિદ્ધ, તથા (૪) પ્રકારે મોક્ષ મળે તે, જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપથી; મોક્ષનાં (૯) દ્વાર, (૧) સત્પદપ્રરૂપણાદ્વાર=મોક્ષગતિ પૂર્વે હતી, હમણાં છે, ને આવતા કાળે પણ હશે; કોઈ વખતે મોક્ષનો નાશ નથી. (૨) દ્રવ્ય દ્વાર—સિદ્ધ અનંતા છે, અભવ્ય જીવથી અનંત ગુણા અધિક છે, વનસ્પતિ વર્જીને ૨૩ દંડકથી સિદ્ધના જીવ અનંત ગુણા અધિક છે. (૩) ક્ષેત્રદ્વાર= સિદ્ધ શિલા પ્રમાણે એટલે સિદ્ધ શિલ્લા ૪૫ લાખ જો૦ ની લાંબી પહોળી છે, ત્રિગુણી ઝાઝેરી પરિધમાં છે અને ઉંચાઇ ૩૩૩ ધનુષ્ય ને ૩૨ આંગળની છે. (૪) સ્પર્શ દ્વાર—સિદ્ધ ક્ષેત્રથી કાંઇક અધિકી સિદ્ધની સ્પર્શના છે. (૫) કાળદ્વાર—૧ સિદ્ધ આશ્રિ આદિ અનંત; સર્વ સિદ્ધ આશ્રિ આદિ અનંત; (૬) અંતરદ્વાર—સિદ્ધને ફરી કોઇ ગતિમાં જવું નથી; ૧ સિદ્ધ ત્યાં અનંતા ને અનંતા ત્યાં ૧ સિદ્ધ છે; એટલે સિદ્ધ બે વચ્ચે અંતર નથી. (૭) ભાગદ્વાર—સિદ્ધના

જીવ, સર્વ જીવને અનંતમે ભાગે છે; લોકને અસંખ્યાતમે ભાગે છે. (૮) ભાવદ્વાર—સિદ્ધમાં ક્ષાયક ભાવ, કેવળજ્ઞાન-દર્શન ને ક્ષાયક સમકિત છે અને પરિણામિક ભાવ તે સિદ્ધપણું. (૯) અલ્પ બહુત્વ દ્વાર—સર્વથી થોડા નપુંસક, તેથી સ્ત્રી સંખ્યાત ગુણી, તેથી પુરૂષ સંખ્યાત ગુણા સિદ્ધ. એક સમયે નપુંસક ૧૦, સ્ત્રી ૨૦, ને પુરૂષ ૧૦૮ સિદ્ધ થાય. (૧૪) બોલનો ધણી મોક્ષ જાય—ત્રસ, બાદર, સંજ્ઞી, વજ્રરીખભનારાચ સંઘયણવાળો, શુક્લ ધ્યાન, મનુષ્ય ગતિ, ક્ષાયક સમકિત, જથાખ્યાત ચારિત્ર, પંડિત વીર્ય, કેવળજ્ઞાન, કેવળ દર્શન, ભવ્ય સિદ્ધિક, પરમ શુકલલેશી, ચરમ શરિરી, એ ૧૪ થયા. જઘન્ય બે હાથને ઉ૦ ૫૦૦ ધનુષ્યની અવઘેણાવાળો, જ૦ ૯ વર્ષનો ઉ૦ પૂર્વ ક્રોડીના આયુષ્યવાળો કર્મ ભૂમિનો હોય તે મોક્ષમાં જાય.

શ્રી નવ તત્ત્વના બોલ સંપૂર્ણ.

શ્રી લઘુદંડક.

ચોવીશ દંડકનાં નામઃ—૧. નારકીનો ૨ થી ૧૧, તે ૧૦ ભવનપતિ ૧૨ થી ૧૬ તે ૫ સ્થાવર, ૧૭ થી ૧૯ તે ત્રણ વિગલેંદ્રિ, ૨૦ મો તિર્યંચ પચેન્દ્રિ, ૨૧ મો મનુષ્યનો, ૨૨ મો વાણવ્યંતરનો, ૨૩ મો જ્યોતિષીનોં, ને ૨૪ મો વૈમાનિકનો, એ તમામની વિગત નવતત્ત્વમાં આવી ગઇ છે.

પચ્ચીશદ્વારની વિગત તથા તે ૨૪ દંડક ઉપર ઉતારે છેઃ-

(નોટઃ—બીજી રીતે ન લખ્યું હોય ત્યાં ૧, ૨, થી ૨૪ સુધીના આંકડા તેટલામા દંડકના સમજવા.)

(૧) દ્વાર તે, શરીર ૫—ઉદારિક, વૈક્રેય, અહારક, તેજસ ને કાર્મણઃ—૧ થી ૧૧, ૨૨ થી ૨૪ માં ૩ તે, વૈ૦ તે૦ કા૦; ૧૨ થી ૧૯, ૨૦ સમૂ૦ ૨૧ સ૦ ને જુગલીયાંને ૩, ઉ૦ તે૦ કા૦; ૧૫; ૨૦ ગ૦ માં ૪, અહા૦ વર્જીને; ૨૧ (કર્મ૦ નાગ૦) ને ૫.

(૨) અવઘેણા—૧. ઉદા૦ ની જ૦ આંગળનો અસંખ્યાતમો ભાગ, ઉ૦ ૧૦૦૦ જો૦ ઝાઝેરી૦ કમળના દોડાને આકારે; ૨. વૈ૦ ની ભવ ધારણી, જ૦ આં૦ અસં૦, ઉ૦ ૫૦૦ ધનુષ્ય; ઉત્તર વૈ૦ ની જ૦ આં૦ અસં૦, ઉ૦ લાખ જોજન ઝાઝેરી; ૩. આહારક-ની જ૦ મૂઠા હાથની ઉ૦ ૧ હાથની; ૪. તેજસ ને ૫. કાર્મણુની જ૦ આં૦ અસં૦, ઉ૦ ૧૪ રાજ લોક પ્રમાણે; તથા કેવળ સમુદ્‌ઘાતની અપેક્ષાએ પોતપોતાના શરીર પ્રમાણે—૧ થી ૧૧ ની ભવ૦; ૧૨ થી ૧૫, ૧૭ થી ૧૯, ૨૦ ભવ૦, ૨૧ જુગ૦ તથા સ૦ની ભવ૦, ૨૨-૨૩-૨૪ (૧-૨ જાહેવ૦) ની ભવ૦, જ૦ આં૦ અસં૦; ૧૬ ની જ૦ આં૦ સં૦; ઉ૦-૧ માં પહેલી નર્કે ભવ૦ ૭ાા ધ૦ ને ૬ આં૦. ૨ જી માં તેથી બમણી, એમ બમણી ગણુતા જવી, તે ૭ મીનર્ક સુધી; ૨ થી ૧૧, ૨૨ થી ૨૪ માં ૭ હાથ ભવ૦ ૧૨ થી ૧૫ ની આં૦ અસં૦; ૧૬ ની ૧૦૦૦ જો૦ ઝાઝેરી; ૧૭ની ૧૨ જો૦, ૧૮ ની ૩ ગાઉ, ૧૯ ની ૪ ગાઉ; ૨૦ માં ભવ૦-ઉર૦ ગ૦ તથા જળ૦ ની ૧૦૦૦ જો૦; થળ૦ સ૦, ને ભુજ૦ ગ૦ ની પ્રત્યેક ગાઉ;

થળ૦ ગ૦ ની ૬ ગાઉ; ઉર૦ સ૦ ની પ્ર૦ જો૦; ભુજ૦ સ૦ ને ખે૦ ની પ્ર૦ ધ૦; ૨૧ ગ૦ ની ભરત ઇરવ્રતમાં, ૧ લો આરો બેસતાં ૩ ગાઉ, ઉતરતાં ૨ ગાઉ; બીજે ઉ૦ ૧ ગાઉ, ૩ જે ઉ૦ ૫૦૦ ધ૦, ૪ થો ઉ૦ ૭ હાથ, ૫ મો ઉ૦ ૧ હાથ, ને ૬ ઠો ઉ૦ મૂઢા-હાથની; દરેક આરો ઉતરતાં જે અવઘેણા હોય તે, તે પછીનો આરો બેસતાંની પણ સમજવી. પછી ચડતાં અવળા સવળી જાણવી; ૫ મહા૦ માં ૫૦૦ ધ૦, હે૦ હિ૦ માં ૧ ગાઉ, હ૦ રમ૦ માં ૨ ગાઉ, દે૦ ઉ૦ માં ૩ ગાઉ, ૫૬ અંત૦ માં ૮૦૦ ધ૦; (૨૪માં) ૩–૪ થા દે૦ માં ૬ હાથ, ૫–૬ ઠામાં ૫ હાથ, ૭–૮ મામાં ૪ હાથ, ૯ થી ૧૨ મા દે૦ માં ૩ હાથ, ૯ ગ્રૈ૦ માં ૨ હાથ, ૪ અનુ૦ માં ૧ હાથ, સર્વા૦ માં મૂંઢા હાથની.

ઉત્તર વૈ૦ કરે તો—૧ થી ૧૧, ૨૦ ગ૦, ૨૧ (૫ મહા૦), ૨૨, ૨૩, ૨૪ (૧૨ દે૦ સુધી) માં જ૦ આં૦ સં૦; ઉત૦ ૧ લામાં ભવધારણીથી બમણી; ૨ થી ૧૧, ૨૨ ૨૩, ૨૪ (૧૨ દે૦ સુધી) માં લાખ જો૦; ૨૦ ગ૦ ની ૯૦૦ જો; ૨૧ (૫ મહા૦) ની લાખ જો૦ ઝાઝેરી.

(૩) સંઘયેણ ૬—વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા ને છેવઠુ—૧ થી ૧૧, ૨૨ થી ૨૪ માં નથી; ૧૨ થી ૧૯, ૨૦–૨૧ સ૦ માં છેવઠુ; ૨૦ ગ૦ ને ૨૧ (કર્મ૦ ના ગ૦) ને ૬; તથા જુ૦ ને ૧ ઋ૦.

(૪) સંઠાણ ૬—સમચઉરંસ, નિગોહ પરિમંડલ, સાદિ, વામન, કુબ્જ ને હુંડ;–૧, ૧૨ થી ૧૯, ૨૦–૨૧ સ૦ માં હુંડ; ૨ થી

૧૧, ૨૧ જુ૦, ૨૨ થી ૨૪ માં સમ૦; ૨૦ ગ૦ ને ૨૧ (કર્મ૦ ગ૦) ને છએ.

(૫) કષાય ૪ ને (૬) સંજ્ઞા ૪–ચોવીશેમાં,પણ નારકીમાં ક્રોધને ભય ઘણાં; દેવતા ને લોભને પરિગ્રહ ઘણાં; તિ૦ ને માયા ને અહાર ઘણાં; મનુષ્યને માન, ને મૈથુન ઘણાં.

(૭) લેશ્યા ૬–૧ લામાં ૩ સમુચયે; ૧–૨ જી નર્કે કાપુત, ૩ જીમાં ૨ કાપુત ઘણી ને નીલ થોડી, ૪ થી માં નીલ, ૫ મીએ નીલ ઘણી ને કૃષ્ણ થોડી; ૬ ઠીએ કૃષ્ણ, ૭ મી એ મહાકૃષ્ણ; ૨ થી ૧૧, ૧૨–૧૩–૧૬ અપ્ર૦, ૨૧ જુ૦, ૨૨ માં પહેલી ૪; ૧૨ થી ૧૫, ૨૦–૨૧ સ૦ માં પહેલી ૩; ૨૦ ગ૦, ૨૧ (કર્મ૦.ગ૦) ને ૬; ૨૩, ૨૪ (૧–૨ દે૦) માં તેજુ, ૩--૪--૫ દે૦ માં પદ્મ, ૬ ઠા દે૦ થી ૯ ગ્રૈ૦ સુધી શુક્લ, ૫ અનુ૦ માં પરમશુકલ લેસ્યા.

(૮) ઇંદ્રી ૫ (વિગત આપવાની જરૂર નથી.) **(૯) સમુદ્‌ઘાત ૭**—વેદની, કષાય, મારણાંતિક, વૈક્રેય, તેજસ, અહારક, ને કેવળ; –૧, ૧૫ માં પહેલા ૪; ૨ થી ૧૧, ૨૦ ગ૦, ૨૨, ૨૩, ૨૪ (૧૨ દે૦ સુધી) માં પહેલા ૫; ૧૨ થી ૧૪, ૧૬ થી ૧૯, ૨૦ સ૦, ૨૧ સ૦ ને જુ૦, ૨૪ (૯ ગ્રૈ૦ ૫ અનુ૦) માં પહેલા ૩; ૨૧ (કર્મ૦ ગ૦) માં ૭.

(૧૦) સંજ્ઞી, અસંજ્ઞી, બંને—૧ (૧ લી નર્કે), ૨ થી ૧૧, ૨૦ થી ૨૨ માં; અને ૧ (૨ થી ૭ નર્કે), ૨૩, ૨૪ માં સંજ્ઞી; ૧૨ થી ૧૯ માં અસંજ્ઞી.

(૧૧) વેદ ૩—સ્ત્રી, પુરૂષ, નપુંસક—૧, ૧૨ થી ૧૯, ૨૦—૨૧ સ૦ ને નપુંસક; ૨ થી ૧૧, ૨૧ જુ૦, ૨૨, ૨૩, ૨૪ (૧--૨ જાદે૦) માં સ્ત્રી, પુરૂષ; ૨૪ (૩ દે૦ થી સર્વા૦) માં પુરૂષ.

(૧૨) પ્રજા ૬—અહાર, શરીર, ઇંદ્રી, શ્વાસોશ્વાસ, ભાષા ને મન—૧ થી ૧૧, ૨૨ થી ૨૪ માં ૫ તે ભાષા, ને મન ભેગાં બાંધે, ૧૭ થી ૧૯, ૨૦ સ૦ માં ૫ તે મન નહિ; ૧૨ થી ૧૬, ૨૧ સ૦ માં પહેલી ૪; ૨૦--૨૧ ગ૦ માં ૬.

(૧૩) દ્રષ્ટિ ૩—૧ થી ૧૧, ૨૦--૨૧ (કર્મ૦ ગ૦), ૨૨, ૨૩, ૨૪ (૧૨ દે૦ સુધી) માં ૩ તે સમક્તિ, મિથ્યાત્વ ને સમામિ-થ્યાત્વ; ૧૨ થી ૧૬, ૨૧ (સ૦, ૨૦ અક૦ ૫૬ અં.) માં મિથ્યાત્વ; ૧૭ થી ૧૯, ૨૦ સ૦, (૨૧, ૧૦ અક૦), ૨૪ (૯ ગ્રૈ૦) માં પહેલી બે; ૫ અનુ૦ માં સમકિત.

(૧૪) દર્શન ૪—ચક્ષુ, અચક્ષુ, અવધિ ને કેવળ—૧ થી ૧૧, ૨૦ ગ૦, ૨૨ થી ૨૪ માં પહેલાં ૩; ૧૨ થી ૧૮ માં અચક્ષુ; ૧૯, ૨૦ સ૦, ૨૧ સ૦ ને જુ૦ માં પહેલાં ૨; ૨૧ (કર્મ૦ ગ૦) માં ચારે.

(૧૫) જ્ઞાન ૫—મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ, કેવળ૦—૧ લામાં મતિ, શ્રુત ને વિભંગ એ ૩; ૨ થી ૧૧, ૨૦ ગ૦, ૨૨ થી ૨૪ માં પહેલાં ૩; ૧૨ થી ૧૬, ૨૧ (સ૦ ૨૦ અક૦ ૫૬ અં૦) માં નથી; ૧૭ થી ૧૯, ૨૦ સ૦, ૨૧ (૧૦ અક૦) માં પહેલાં બે; ૨૧ (કર્મ૦ ગ૦) માં ૫.

(૧૬) **અજ્ઞાન** ૩—મતિ, શ્રુત, વિભંગ;—૧ થી ૧૧, ૨૦-૨૧ ગ૦, ૨૨, ૨૩, ૨૪ (૧૨ દે૦ સુધી) ૩; ૧૨ થી ૧૯, ૨૦-૨૧ સ૦ માં પહેલાં બે; ૨૪ (૯ ગ્રૈ૦ ૫ અનુ૦) માં નથી.

(૧૭) **જોગ ૧૫**—સત્ય—અસત્ય--મિશ્ર,--વ્યવ્હાર મનયોગ એ ૪ મનના, એજ ૪ વચનના, ને ૭ કાયાના તે ઉદા૦, ઉદા૦ નો મિશ્ર, વૈ૦, વૈ૦ નો મિશ્ર, અહારક, અહા૦ નો મિશ્ર ને કાર્મણ;--૧ થી ૧૧, ૨૨, ૨૩, ૨૪ માં ૧૧ તે, પહેલા ૮ ને ૩ તે વૈ૦ ના બે ને કા૦; ૨૧ જુ૦ ને ૧૧ પણ વૈ૦ ને બદલે ઉ૦ ના બે; ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧ સ૦ માં ૩ તે, ઉ૦ ના બે તથા કા૦; ૧૫ માં ૫ તે વૈ૦ ના ૨ વધ્યા; ૧૭ થી ૧૯, ૨૦ સ૦ માં ૪ તે, ઉ૦ ના ૨, કા૦ ને વ્ય૦ વ૦; ૨૦ ગ૦ ને ૧૩ તે અહા૦ ના ૨ વર્જીને; ૨૧ (કર્મ૦ ગ૦) માં ૧૫.

(૧૮) **ઉપયોગ ૧૨**—૫ જ્ઞાન, ૪ દર્શન ને ૩ અજ્ઞાન. (ઉપર જુદી જુદી વિગત આવી ગઇ છે તે પરથી નીકળી શકશે.)

(૧૯) **અહાર**—દિશિ ૩ અથવા ૬ નો; ત્રણ પ્રકારનો, ઓજ, રોમ, ને કવળ; તેમજ સચેત, અચેત ને મિશ્ર;—૧ થી ૨૪ માં ઉ૦ ૬ દિશિનો; ૧ થી ૧૧, ૧૭ થી ૨૪ માં જ૦ ૬ દિશિનો; ૧૨ થી ૧૬ માં જ૦ ૩ દિશિનો; તથા ૧૭ થી ૨૧ માં પહેલા ૩ પ્રકારનો; ૧ થી ૧૬, ૨૨ થી ૨૪ માં પહેલા ૨, તથા ૧ લામાં અશુભ ને અચેત; ૨ થી ૧૧, ૨૨ થી ૨૪ માં શુભ ને અચેત.

(૨૦) ઉવવાય—કેટલા દંડકનો આવીને ઉપજે તે;–૧ લામાં (૧ લી નર્કે), ૨૧ ગ૦ ને ૨૦ ના; ૨ થી ૭ નર્કમાં ૨૦–૨૧ ના ગ૦; ૨ થી ૧૧, ૨૨, ૨૩, ૨૪ (૮ મા દે૦ સુધી) માં ૨૦, ૨૧ ના; ૨૪ (૯ મે દે૦ થી સર્વા૦ સુધી) માં ૨૧ ના; ૧૨, ૧૩, ૧૬ માં ૨ થી ૨૪ ના; ૧૪, ૧૫, ૧૭ થી ૧૯, ૨૦ સ૦, માં ૧૨ થી ૨૧ ના; ૨૧ સ૦ માં ૧૨, ૧૩, ૧૬ થી ૨૧ ના; ૨૧ ગ૦ માં તેઉ, વાઉ, વર્જીને ૨૨ દંડકના; ૨૦ ગ૦ માં ૧ થી ૨૪ ના.

(૨૧) સ્થિતિ—૧૨ થી ૨૧ ની જ૦ અંત૦; ૧૨ થી ૧૯ ની ઉ૦ છકાયના બોલ પ્રમાણે; ૧ (પેલી નર્ક), ૨ થી ૧૧, ૨૨ માં જ૦ ૧૦૦૦૦ વર્ષ; ૧ (પેલી નર્ક) માં ઉ૦ ૧ સાગર, ૨ જી માં ૩ સા૦ ૩ જી માં ૭ સા૦, ૪ થી માં ૧૦ સા૦, ૫ મી માં ૧૭ સા૦, ૬ ઠી માં ૨૨ સા૦, ૭ મી માં ૩૩ સા૦; દરેક નર્કમાં જેટલી ઉ૦ સ્થિતિ કહી, તેટલી તે પછીની નર્કની જ૦ સ્થિતિ સમજવી. ૨ થી ૧૧ માં ઉ૦–દક્ષિણ દિશાના અસુરકુમારની ૧ સા૦, તેની દેવીની ૩॥ પલ્યોપમ, તેના નવનિકાયના દેવતાની ૧॥ ૫૦–તેની દેવીની ૦॥ ૫૦; ઉત્તર દિશાના અસુરકુમારની ૧ સા૦ ઝાઝેરી, તેની દેવીની ૪॥ ૫૦, તેના નવનિકાયના દેવતાની ૨ ૫. દેશે ઉણી; તેની દેવીની ૧ ૫૦ દેશે ઉણી; ૨૦ ની ઉ૦–જળ૦, થળ૦–ભુજ૦ ગ૦ ની પુર્વ ક્રોડ; થળ૦ સ૦ ની ૮૪ લાખ વર્ષ, ગ૦ ની ૩ ૫૦; ઉર૦ સ૦ ની ૫૩૦૦૦ વર્ષ, ભુજ૦ સ૦ ની ૪૨૦૦૦ વર્ષ; ખે૦ સ૦ ની ૭૨૦૦૦ વર્ષ,–ગ૦ ની ૫. નો અસં૦. ૨૧ ઉ૦–સ૦ ની અંત૦, ગ૦ ની ભરત ઇરવતમાં ૧ લો આરો બેસતાં ૩ ૫., ઉતરતાં ૨ ૫., બીજે ઉ૦ ૧ ૫., ત્રીજે ઉ૦ પૂર્વ ક્રોડ, ૪ થો

ઉ૦ ૧૨૫ વર્ષ, ૫ મો ઉ૦ ૨૦ વર્ષ, ને છઠો ઉ૦ ૧૬ વર્ષ; દરેક આરો ઉતરતાંની સ્થિતિ તે, તે પછીનો આરો બેસતાંની પણ સમજવી. એ પ્રમાણે ચડતાં અવળી સવળી જાણવી. હે૦ હિ૦ માં ૧ ૫.; હ૦ ૨., માં ૨ ૫. દે૦ ઉ૦ માં ૩ ૫., ૫૬ અં૦ માં ૫. નો અસં૦, ૫ મહા૦ માં પૂર્વ ક્રોડની. ૨૨ માં ઉ૦–દેવતાની ૧ ૫., દેવીની ૦ાા ૫.; ૨૩ માં–ચંદ્ર, સૂર્ય, ગૃહ, નક્ષત્ર, ને તેમની દેવીઓની જ૦ ૦। ૫.; ઉ૦--ચંદ્રની ૧ ૫. ને લાખ વર્ષ, સૂર્યની ૧ ૫. ને ૧૦૦૦ વર્ષ, ગૃહની ૧ પલ્ય, એ ત્રણેની દેવીની દરેકથી અરધી; નક્ષત્રની ૦ાા ૫., તેની દેવીની ૦। ૫. ઝાઝેરી; તારાની જ૦ ૫. નો ૮ મો ભાગ; ઉ૦ ૦। પલ્ય; તેની દેવીની જ૦ તેજ પ્રમાણે, ને ઉ૦ જ૦ થી ઝાઝેરી. ૨૪ માં--૧ લા દેવ૦ ના દેવતાની ઉ૦ ૨ સા૦ તેની પરિગ્રહિત દેવીની ઉ૦ ૭ ૫., અપરિ૦ ની ૫૦ ૫.; ને જ૦ ત્રણેની ૧ ૫.; ૨ જા દે૦ ના દેવતાની ઉ૦ ૨ સા૦ ઝાઝેરી, તેની પરિ૦ દેવીની ૯ ૫., અપરિ૦ ની ૫૫ ૫. ને ત્રણેની જ૦ ૧ ૫. ઝાઝેરી; તે ઉપર દેવા નથી, પણ ૩ જાથી ૮ મા દે૦ સુધીમાં તેડાવી જાય; ૩ જાદે૦ માં જ૦ ૨ સા૦ ઉ૦ ૭ સા; ૪ થા માં ત્રીજાથી ઝાઝેરી, ૫ મામાં જ૦ ૭ સા૦, ઉ૦ ૧૦ સા૦; ૬ ઠામાં ઉ૦ ૧૪ સા૦, ૭ મા માં ઉ૦ ૧૭ સા૦; ૫ મા દે૦ થી ૯ ગ્રૈ૦ સુધી, દરેકની ઉ૦ સ્થિતિ તે, તે પછી નાની જ૦ સમજવી; ૮ મા દે૦ થી એક એક સા૦ સ્થિતિ વધારતાં ૯ મી ગ્રૈ૦ માં ઉ૦ ૩૧ સા૦; ૪ અનુ૦ માં જ૦ ૩૧ સા૦, ઉ૦ ૩૩ સા૦; સર્વા૦ માં ૩૩ સાગરની.

(૨૨) **સમોહીઆ મરણ**—કીડીની લાળની પેઠે જીવના પ્રદેશ છુટા છુટા નીકળે તે; ૨. **અસમોહીઆ મરણ**--બંદુકના ભડા-

કાની પેડે જીવના પ્રદેશ સામટા નીકળે તે. એ બંને મરણ ચોવીશે દંડકમાં છે.

(૨૩) ચવણ—ચવી--મરીને કેટલા દંડકમાં જાય તે;—૧, ૨૪ (૩ થા ૮ દે૦) ના ૧૨, ૧૩, ૧૬, ૨૦, ૨૧, એ પાંચમાં; ૧૨, ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ (સ૦) ના ૧૨ થા ૨૧ માં; ૧૪, ૧૫ ના ૧૨ થી ૨૦ માં; ૨૦--૨૧ ગ૦ ના ચોવાશેમાં; ૨૪ (૯ દે૦ થી સર્વા૦) ના ફકત ૨૧ માં; ૨૦ સમૂ૦ તે ૧ થી ૨૨ માં.

(૨૪) ગતિ, આગતિ—શ્રી ગતાગતના બોલ પરથી નીકળી શકશે.

(૨૫) પ્રાણ ૧૦—૫ ઇંદ્રી, મન-વચન-કાયબળ, શ્વાસોશ્વાસને આઉખું; (તેની વિગત ઉપરની જુદી જુદી વિગત પરથી નીકળી શકશે.

સિદ્ધશિલાનાં ૧૨ નામ—ઇસિ તિવા, ઇસિ પભારા તિવા, તણુ, તણુ તણુ, સિદ્ધિ૦, સિદ્ધાલયે૦, મુત્તિ૦, મુત્તાલયે૦, લોયગે૦, લોગ થુભિયે૦, લોગપડિબોહે૦, સવ્વ પાણભૂય જીવ સત્ત સુહાવહે--તિવા.

સિદ્ધનો દ્વાર—અવઘેણા જ૦ ૧ હાથને ૮ આં., મધ્યમ ૪ હાથને ૧૬ આં૦ ને ઉ૦ ૩૩૩ ધ૦ ને ૩૨ આં૦; સમકિતદષ્ટિ, કેવળદર્શન, ને કેળવજ્ઞાન તથા એ બે ઉપયોગ; ઉવવાય ૨૧ માનો; સ્થિતિનો છેડો નથી; આગતિ ૧ મનુષ્યની; બાકી બીજા દ્વાર લાગુ નથી.

શ્રી લઘુદંડકના બોલ ઇતિ.

શ્રી ગતાગતના બોલ.

---

(૧) પહેલી નર્કે આગત ૨૫ ભેદની—૧૫ કર્મ૦, ૫ સં૦ તિ૦ ને ૫ અ૦ તિ૦ એ ૨૫ ના પર્યાપ્તાની; ગત ૪૦ ભેદની—૧૫ કર્મ૦ ૫ સં૦ તિ૦ એ ૨૦ ના અપર્યા૦ ને પર્યા૦

(૨) બીજી નર્કે આ૦ ૨૦ ભેદની ૧૫ ક૦, ૫ સં૦ તિ૦ એ ૨૦ ના પર્યા૦; ગત ઉપર પ્ર૦

(૩) ત્રીજી નર્કે આ૦ ૧૯ ભે૦ ઉપરના ૨૦ માંથી ભુજપર વર્જવા; ગત ઉપર પ્ર૦

(૪) ચોથી નર્કે આ૦ ૧૮ ભે૦ ઉપરના ૧૯ માંથી ખેચર વર્જવા; ગત ઉપર પ્ર૦

(૫) પાંચમી નર્કે આ૦ ૧૭ ભે૦ ઉપરના ૧૮ માંથી થળચર વર્જવા; ગત ઉપર પ્ર૦

(૬) છઠ્ઠી નર્કે આ૦ ૧૬ ભે૦—ઉપરના ૧૭ માંથી ઉરપર વર્જીને; ગત ઉપર પ્ર૦

(૭) ૭ મી નર્કે આ૦ ૧૬ ભે૦—૧૫ કર્મ૦ તથા ૧ મચ્છ જળચરના પર્યા૦ (સ્ત્રી વર્જીને), ગત ૧૦ ભે૦-૫ સં૦ તિ૦ ના અપ૦ ને પર્યા૦

(૮) ૫૧ જાતના દેવતા (જ્યોતિષી ને વૈમાનિક શિવાયના) માં આ૦ ૧૧૧ ભે૦--૧૦૧ ક્ષેત્રના સં૦ મનુ૦, ૫ સં૦ તિ૦, ને ૫ અ- સં૦ તિ૦ એ ૧૧૧ ના પર્યા૦, ગત ૪૬ ભે૦--૧૫ ક૦, ૫ સં૦ તિ૦, પૃથ્વી, અપ, વન૦ એ ૨૩ ના અપ૦ ને પર્યા૦

(૯) જ્યોતિષીને ૧ લું દેવલોક, તેમાં આ૦ ૫૦ ભે૦--૧૫ ક૦, ૩૦ અક૦, ૫ સં૦ તિ૦ એ ૫૦ ના પર્યા૦; ગત ઉપર પ્રમાણે.

(૧૦) ૨ જા દેવ૦ માં આ૦ ૪૦ ભે૦--ઉપરના ૫૦ માંથી ૫ હેમ૦ ૫ હિર૦ વર્જ્યને; ગત ઉપર પ્ર૦

(૧૧) ૧ લા કિલ્વીષીમાં આ૦ ૩૦ ભે૦--ઉપરના ૪૦ માંથી ૫ હરી૦ ૫ રૂમ૦ વર્જ્યાં; ગત ઉપર પ્ર૦

(૧૨) ૩ થી ૮ દેવ૦; ૨ કિલ્વીષી, ને ૯ લોકાંતિકમાં આગત અને ગત, બીજી નર્ક પ્રમાણે.

(૧૩) ૯ થી ૧૨ દેવ૦ ૯ ગ્રૈ૦, ને ૫ અનુ૦ માં આ૦ ૧૫ ભે૦ તે ૧૫ ક૦ ના પર્યા૦; ગત ૩૦ ભે૦--૧૫ ક૦ ના અપ૦ ને પર્યા૦.

(૧૪) પૃથ્વી, અપ, વન૦ માં આ૦ ૨૪૩ ભે૦--૧૭૯--નીલટ (૧૦૧ ક્ષે૦ સં૦ મ૦ ના અપ૦, ૧૫ ક૦ ના અપ૦ ને ૫૦ ને ૪૮ ભે૦ તિ૦), ૬૧ જાતના (વૈમાનિક શિવાયના) દેવતા, ૨ દેવલોક, ને ૧ કિલ્વીષી, કુલ ૨૪૩; ગત ૧૭૯ ની લટની.

(૧૫) તેઉ, વાઉ૦ માં આ૦ ૧૭૯ ની લટની; ગત ૪૮ ભે૦ તિ૦

(૧૬) વિગલેંદ્રિમાં આગત ને ગત ૧૭૯ ની લટની.

(૧૭) અસં૦ તિ૦ માં આ૦ ૧૭૯ નીલટની: ગત ૩૯૫ ભે૦ તે, ૧૭૯ ની લટ, તથા ૫૬ અંત૦ ૫૧ જાતના દેવતા, ને ૧ લી નર્ક, એ ૧૦૮ ના અપ૦ ને પર્યા૦ મળી ૨૧૬ એટલે કુલ ૩૯૫ થયા.

(૧૮) સં૦ તિ૦ માં આ૦ ૨૬૭ ભે૦--૧૭૯ નીલટ, ૭ નર્ક, ને ૮૧ જાતના (૬૧ જા૦ તથા ૮ દેવ૦ ૩ કિલ૦ ૯ લોકાં૦) દેવતા એ ૨૬૭ ના પર્યા૦; ગત, (૧) જળચરની ૫૨૭ ભે૦--જીવના ૫૬૩ ભેદમાંથી, ૯ થી ૧૨ દેવ૦, ૯ ગ્રૈ૦, ૫ અનુ૦ એ ૧૮ ના અપ૦ ને ૫૦ મળી ૩૬ વર્જવા. (૨) ઉરપરની ૫૨૩ ભે૦--૫૨૭ માંથી ૬ ઠીને ૭ મી નર્કના અપ૦ ને ૫૦ એ ૪ વર્જવા. (૩) થળચરની ૫૨૧ ભે૦--૫૨૩ માંથી ૫ મી નર્કના અપ૦ ને ૫૦ વર્જવા. (૪) ખેચરની ૫૧૯ ભે૦--૫૨૧ માંથી ૪ થી નર્કના અપ૦ ને ૫૦ વર્જવા. (૫) ભુજપરની ૫૧૭ ભે૦--૫૧૯ માંથી ૩ જી નર્કના અપ૦ ને ૫૦ વર્જ્યા.

(૧૯) સમૂ૦ મનુ૦ માં આ૦ ૧૭૧ ભે૦--૧૭૯ ની લટમાંથી તેઉ, વાઉ, ના ૮ ભેદ વર્જવા; ગત ૧૭૯ ની લટની.

(૨૦) સ૦ મનુ૦ માં આ૦ ૨૭૬ ભે૦--ઉપરના ૧૭૧ તથા ૯૯ જાતના દેવતા, ને ૬ નર્કના પર્યા૦; ગત જીવના ૫૬૩ ભેદ.

(૨૧) અકર્મ ભૂમિમાં આ૦ ૨ જી નર્ક મુજબ; ગત (૧) ૫ દેવ૦ ને ૫ ઉત્ત૦ ની ૧૨૮ ભે૦--૬૧ જાતના દેવતા, ૨ દેવ૦ ને ૧ કિલ૦ એ ૬૪ ના અપ૦ ને ૫૦; (૨) ૫ હરી૦ ને ૫ રમ૦ ની ૧૨૬ ભે૦--૧૨૮ માંથી ૧ કિલ૦ ના બે ભેદ વર્જવા. (૩) ૫ હેમ૦ ૫ હિર૦ ની ૧૨૪ ભે૦--૧૨૬ માંથી બીજા દેવ૦ ના બે ભેદ વર્જ્યા.

(૨૨) ૫૬ અંત૦ માં આ૦ ૧ લી નર્ક મુજબ; ગત ૧૦૨ ભે૦-- ૫૧ જા૦ દેવતાના અપ૦ ને ૫૦

(૨૩) તિર્થંકર દેવમાં આ૦ ૩૮ ભે૦--૧૨ દેવ૦ ૯ લો૦ ૯ ગ્રૈ૦ ૫ અનુ૦ ને ૩ નર્ક; ગત મોક્ષની.

(૨૪) ચક્રવર્ત્તિમાં આ૦ ૮૧ ભે૦--૮૨ જાતના દેવતા (૯૯ માંથી ૧૫ પરમા૦ ને ૩ કિલ્ર૦ વર્જવા) તથા ૧ લી નર્ક; ગત ૧૪ ભે૦--૭ નર્કના અપ૦ ને પર્યા૦

(૨૫) બળદેવમાં આ૦ ૮૩ ભે૦--ઉપરના ૮૨ તથા ૨ જી નર્ક; ગત ૭૦ ભે૦--૧૨ દેવ૦, ૯ લો૦, ૯ ગ્રૈ૦, ૫ અનુ૦ એ ૩૫ ના અપ૦ ને પર્યા૦

(૨૬) વાસુદેવમાં આ૦ ૩૨ ભે૦--૧૨ દેવ૦ ૯ લો૦ ૯ ગ્રૈ૦ બે નર્ક; ગત ચક્ર૦ પ્રમાણે.

(૨૭) કેવળીમાં આ૦ ૧૦૮ ભે૦--૮૧ જાતના (ચક્ર૦ માં કહ્યા તે) દેવતા, ૧૫ કર્મ૦, ૫ સં૦ તિ૦, ૪ નર્ક, પૃથ્વી, અપ, વન૦; ગત મોક્ષની.

(૨૮) સાધુમાં આ૦ ૨૭૫ ભે૦--૧૭૧ (સમૂ૦ મ૦ માં કહ્યા તે), ૯૯ દેવતા, ૫ નર્ક; ગત બળદેવ પ્રમાણે.

(૨૯) શ્રાવકમાં આ૦--૨૭૬ ભે૦ ૨૭૫ તથા ૬ ઠી નર્ક; ગત ૪૨ ભે૦--૧૨ દે૦ ને ૯ લો૦ ના અપ૦ ને પર્યાપ્તા.

(૩૦) સમદષ્ટિમાં આ૦ ૩૬૩ ભે૦—૧૫૬ (૧૭૧ માંથી ૧૫ કર્મ૦ ના ૫૦ વર્જવા), ૧૦૧ મનુ૦ ૯૯ દેવતા, ને ૭ નર્કના પર્યા૦;

ગત ૨૫૮ ભે૦–૯૯ દે૦, ૧૫ ક૦, ૫ સં૦ તિ૦, ૬ નર્ક એ ૧૨૫ ના અપ૦ ને પર્યા૦ તથા ૩ વિગ૦ ને ૫ અસં૦ તિ૦ ના અપર્યા૦ કુલ ૨૫૮.

(૩૧) મિથ્યાત્વીમાં આ૦ ૩૭૧ ભે૦–૩૬૩ તથા તેઉ, વાઉના ૮; ગત ૫૫૩ ભે૦—૫૬૩ માંથી ૫ અનુ૦ ના અપ૦ ને ૫૦ વર્જ્યા.

(૩૨) સ્ત્રી, પુરૂષ વેદમાં આ૦ ૩૭૧ ભે૦ ઉપર પ્રમાણે; ગત પુરૂષની ૫૬૩ ભે૦ ને સ્ત્રીની ૫૬૧ ભે૦ તે ૭ મી નર્કના બે ભેદ વર્જ્યા.

(૩૩) નપુંસક વેદમાં આ૦ ૨૮૫ ભે૦–૧૭૯ ની લટ, ૯૯ દે૦ ૭ નર્ક; ગત ૫૬૩ ભેદની.

ઇતિ શ્રી ગતાગતના બોલ સમાપ્ત.

શ્રાવિકાને શિખામણ.

(આવોને નંદલાલ, રમવા આવોનીરે—એ રાગ.)

શ્રાવિકા ધરીએ જો નામ, કરીએ કામ વિચારી (૨) ટેક.
ભલે જવાય નહીં ધર્મ સ્થાને; કષ્ટ વિના સ્હેજે જાશો વિમાને;
પરહરો પરની નિન્દાને, ઘરની કીર્ત્તિ વધારી-- શ્રા૦ ૧
સાસુ, સસરા, સ્વામીની સેવા કરવી, નણદી સાથે સંપીને પ્રીતિ ધરવી;
મીઠી વાણી મુખ ભરવી, પ્રેમે પતિવ્રત્ત પાળી-- શ્રા૦ ૨

સુંવાળી સાવણીએ ઘર વાળી, વ્હેલાં ઉઠી પ્હેલાં પાણીને ગાળી;
સંખારો રાખો સંભાળી, સ્હેજે તરશો સુનારી-- શ્રા. ૩
છાંયામાં છાણુંને જત્નાથી પોંજો, ધાન્યે ધનેડાં ધરી ધ્યાન જોજો;
વિવેક રાખી વર્ત્તો જો,--સ્હેજે તરશો સુનારી-- શ્રા. ૪
એઠાંનાં ઠામ ઉઘાડાં ન રાખો, ઘી તેલમાં તો મરે જીવ લાખો;
આળસ અંગ ન રાખો, લાખો લાભ વિચારી-- શ્રા. ૫
સંતાનોને ચાર શરણાં સમજાવો, દાન દયાદિલ ખૂબ ઠસાવો;
જન્મ ન આવો હરાવો, વાવો ધરતી રસાળી-- શ્રા. ૬
ડાહ્યાં છતાં કેમ ડેડા ફૂટાવો ! ઝાઝા જ્વેરા વળી વવરાવો;
જાગ્રણ શાને જગાવો ! બાળા બગડે બિચારી-- શ્રા. ૭
શું થયું ધર્મના સ્થાને પડયાથી ! હોંકારા હોંશેથી જી ! જી ! દીધાથી,
વલ્લભ વાતો વધાથી, ક્યાંથી મુક્તિ થનારી-- શ્રા. ૮

પતિવૃત્ત વિષે.

રાગ બિભાસ.

પતિવૃત્ત પાળે બેની, તેની બલિહારી (૨) ટેક.
ડગે ન લગારી દુઃખમાં, ધન્ય તે સુનારી-- પતિ. ૧
પ્રભુ ગણી સ્વામી પ્યારો, અવર પિતાસમ ધારો;
શિયળ સજો સન્નારી ! ધિક્ક ! વ્યભિચારી-- પતિ. ૨
પતિ મળે પાંડુ રોગી, વરીને બને જો ભોગી,

વિયોગ પડે કદી તોએ, રહો ધૈર્ય ધારી-- પતિ. ૩
કર્યાં કર્મનું ફળ આવે, સહન કરો સમભાવે;
રૂદન કરે તે કર્મે, વધુ થાય ભારી-- પતિ. ૪
સતી દ્રૌપદી દમયંતી, કળાવતિ અતિ ગુણવંતી;
સીતા, એમ સતીઓ શૂરી, જુઓ સોળ નારી-- પતિ. ૫
ક્ષણિક સુખે જે મોહે, કામ કીચમાં જઇ કોહે
વલ્લભ વિમાસે અંતે, મનુભવ હારી-- પતિ. ૬

દાન વિષે--રાગ માઢ.

કૃપણને થયેલો પશ્ચાતાપ.

ભવોભવ થયો હું હેરાનરે, દીધાં સુપાત્રે ન દાન. (૨) ટેક.
જમતાં જમતાં સાધુ પધાર્યા, ન વ્હોરાવ્યું ધરી પ્રીત;
કર્મ વિદારણ ચિંતવના પણ, કીધી નહિ કદી ચિત્ત રે-- દીધાં. ૧
આવ્યો નિરાધાર આંગણે તો, દીધું નહિ અન્નપાન;
ગાળો દીધી બહુ ગણી ભિખારી, *દંડનું દીધું દાનરે-- દીધાં. ૨
શિશિર ઋતુમાં, વસ્ત્ર વિના જોઇ ટળવળતાં નરનાર;
અંગે ધર્યાં મેં ભારે આભૂષણ, ધિક્ ! ધિક્ ! એ અવતારરે--દીધાં. ૩
પુન્ય જોગે મળી, રાજસત્તાજો, કર્યાં ન પ્રજાહિત કામ;
માંસ મદિરા મોજમજામાં, ગર્વનો થયો ગુલામરે-- દીધાં. ૪
ખાધું નહિ મેં, નહિ ખવરાવ્યું, ધનનો કર્યો મેં જમાવ;

---

*દંડ=સોટી, લાકડી.

માથે મોટા ભાર ઉપાડે, એવા જોઇ મજૂર;
દીનના દુઃખની દયા ન આવી, હસી થયો મગરૂરરે– દીધાં. ૬
દીધું નહિ પણ દેનારાને, ઉલટો કર્યો અટકાવ;
મણુના મણુતો ઊડી ગયા પણ, પૂણીનો પૂછ્યો ભાવરે– દીધાં. ૭
નિરખી નિરાધાર જ્ઞાનની શાળા, સ્હાય ન દીધી લગાર;
શુભ સંસ્થામાં વિઘ્ન મેં નાંખ્યાં, વલ્લભ શોક અપારરે--ભવો. ૮

સવૈયા–જ્ઞાની કોણ ?.

જ્ઞાનતણું અભિમાન ધરે તે અજ્ઞાન ખરેખર જ્ઞાને અધુરો !
પુરેપુરો છલકાય નહિ, છલકાય તેને તો ગણાય ન પુરો;
માન ત્યાં જ્ઞાનનો વાસ નહિ, નહિ આશ ઉગે કદી ગુણુ અંકુરો;
જ્ઞાન વધે, અભિમાન ઘટે, ગુણવાન એ વલ્લભ વિદ્વાન પૂરો. ।।

* * * *

અંતરના મેલ તજો !

ટીલાં કરો, મુખ ઢાંકી ફરો, ધટ્ટ જટા ધરો, અંગ ભભુત લગાઇ;
સ્નાન કરો--શતવાર ધરો ભલે ભોગ, ધરમમાં ધુન મચાઇ;
નૃત્ય કુદો, પણ સત્ય વદો નહિ, કૃત્ય કરો ષટમાયે હણાઇ;
તિર્થ કરો પણ વ્યર્થ જો વલ્લભ મેલ ભર્યાં મન અંતર માંહી.

શ્રી ભાવ—દીવાળી.

---

૧ (જોયું જંગલ આભારી—એ રાગ.)

આજે આવી દીવાળી (૨)—જય જય જયકારી-- આજે. ટેક.
વીર પ્રભુ વ્હાલા, મુક્તિ સિધાવ્યા, કર્મ રિપુને બાળી-- આજે. ૧
આતશ બાજીની, નથી દીવાળી, જૂઠી દ્રવ્ય દીવાળી (૨)—આજે. ૨
ગ્લાસના ગંજ કરી, મૂર્ખાઇ માંડી, આરંભ કરજો વિચારી-- આજે. ૩
શારદા પૂજનથી, લક્ષ્મી મળે ન, તે તો ખોટી ખુવારી-- આજે. ૪
રંક, તવંગર, પૂજે છતાં, નથી સરખા વ્યાપારી (૨)-- આજે. ૫
પૂણ્યવિના, ખોટી પાઈ ન પામે, દાન દીઓ નર નારી (૨) આજે. ૬
વર્ષ પુરૂં થયું, સરવૈયું કાઢો, કર્મ દેણું સંભારી-- આજે. ૭
સંવર, તપ, કરી, કર્મને કાપો, દીઓ દેણું નિવારી. (૨) આજે. ૮
વલ્લભ જ્ઞાનની, જ્યોત જગાવી, ઉજવો ભાવ દીવાળી-- આજે. ૯

---

૨. (ઝીણા ઝરમર વરસે મેહ—એ રાગ.)

આજે રૂડો દીવાળીનો દિન, અંગમાં ઉમંગ વ્યાપ્યો (૨) ટેક.
થાઓ પ્રભુ ભજનમાં લીન. અંગમાં૦
વ્હાલા મહાવીર પ્રભુ મુક્તિ સિધાવ્યા, કર્મનો કિલ્લો તોડીરે;
બન્યા નિરંજન, અખંડ વરરાજા, મુક્તિ સંગે પ્રીત જોડીરે-- અંગ. ૧
[illegible]ના નાદ થયા, થયું રત્ન કેરૂં અજવાળુંરે;

તેથી લોકો કરે, પર્વ દીવાળી, કોડો કલ્યાણ કરનારૂં રે-- અંગ. ૨
દીવા, દારૂના આરંભ એતો, કર્મ બંધનનાં સ્થાનરે;
કર્મ સાથે કરો આતશબાજી, **વલ્લભ** તપ જપ ધ્યાનરે-- અંગ. ૩

મિત્રને ખમતખામણાં.

મનહર છંદ.

રસ આ વીત્યું પ્યારા, દોષ થયા ઘણા મારા,
લખ્યો નહીં હોય કદી, ઉત્તર કાગળનો;
ભલાઇ ભૂલીને તારી, માની ન સલાહ સારી,
જીભ મૂકી મોકળી, કહ્યાં જો કટુ વચનો;
ધરાપર તન ધન અધિક નથી તારાથી,
રમે હૃદયે વિચાર, યાર ! ત્હારા ગુણનો;
મન ચિંતવ્યું જો બુરૂં, વચન કહ્યું જો કૂડું,
શીશ નમાવું ખમાવું, નિત્ય મિત્ર આપનો. ૧

"કસ્તુરી તારી પાસ પૂરી શોધ ઘટમાં જો કરે !"

હરિગીત છંદ.

હે ! મૃગ સરીખા માનવી, તું ભાન વિના ભાટકયો,
શું સત્ય તારૂં કૃત્ય, નિત્ય, અનિત્ય, સમજી ના શકયો;
વિષમય વિષયમાં થઇ અતિશય રક્ત સુખ માને અરે !
કસ્તુરી તારી પાસ પૂરી શોધ ઘટમાં જો કરે. . ટેક. ૧
કસ્તુરી કેરી સુગંધથી થઇ અંધ મૃગ વનમાં ફરે,
અજ્ઞાન ભાનવિના થતો હેરાન, ધીરજ ના ધરે;
કરી ફોડ દોડાદોડ ફોકટ માથું ફોડીને મરે. કસ્તુરી૦ ૨
જો મીન થઇને લીન, જૂઠી લાલચે લલચાય છે,
તો માછી કેરી જાળમાં, લાચાર થઇ લપટાય છે;
શું રાંક મીનનો વાંક, એમજ માનવી તું પણ કરે. કસ્તુ. ૩
જો ! ભ્રમર ભૂલી ભાન અર્પે જાન પ્યારો કમળમાં;
તું પ્યારી સંગ પતંગ, તુજ ખ્વારી વિષયના વમળમાં;
નિર્જીવ હાથણુ પ્હાણુની પણ, પ્રાણ હાથીના હરે. કસ્તુ. ૪
તેં ધર્મનો નહિ મર્મ જાણ્યો, કર્મ કાદવમાં સડી,
નહિ આત્મનો કંઇ અર્થ સાધ્યો, વ્યર્થ તિરથ આથડી;
તું પાપ હરવા સ્નાન કરવા, ગંગ યમુના સંચરે. કસ્તુ. ૫

ગીરનાર રખડો, કે ચડો આબુ સિદ્ધાચળ આથડો,
કાશી કપાવો શીશ, ગોકુળ કે મથુરાં જઇ પડો;
કદી દ્વારિકા, રામેશ્વરે, હમ્મેશ દેશ બહુ ફરે. કસ્તુ. ૬
જો જાણ તિરથ "સંત, શ્રાવક" બંધ આવક કર્મની,
કર સ્નાન જ્ઞાન નવાણુમાં, તું જાણ રીતિ ધર્મની;
કર દાન, શિયળ, ભાવ, તપ, એ નાવથી ભવજળ તરે. કસ્તુ. ૭
કરી યજ્ઞ થાતો મગ્ન તું પણ, અજ્ઞ આતમ તત્વથી,
મનમાં મમત્વ મતાંધતા, નિર્મળ વચન વદતો નથી;
થા મગ્ન તું, "મન-યજ્ઞ" માં સર્વજ્ઞ સ્થાપી અંતરે. કસ્તુ. ૮
કરી ધુપ ધરીને પુષ્પ, ભરી અનકૂટ લોક લુંટાય છે,
જગદેવને દઇ લાંચ, જાણે પાપથી છુટાય છે;
રીઝાવવા, વાજિંત્ર વાજે, નાચ નખરાં મંદિરે. કસ્તુ. ૯
મન અશ્વપર કાબુ ધરીને, આત્મ બળથી કેળવો,
ઝટ પાંચ ઇંદ્રીના વિષયનો લય કરી જય મેળવો;
તુજ આત્મ છે પરમાત્મ, કાપી કર્મ ઠામે જઇ ઠરે!
વિતરાગ વાણી જાણી વલ્લભ વેગથી વર પદ વરે. કસ્તુ. ૧૦

આહાર તેવો ઓડકાર.

(મારા ભાગ્ય તણો નહિ પાર—એ રાગ.)

જોઇ લ્યો વાણીઆભાઇનાં કામ, બગડી બુદ્ધિ થયા બદનામ-(૨)ટેક.
ઉપાસરેથી લીએ પતાંસાં, ડરાવે સૌને દંભે;
બે વળગાડે આંગળીએ ને, ત્રીજું બેસાડે ખંભે. જોઇ. ૧

વર્ષ એકમાં, એક વખત જે, આવે ધર્મને સ્થાન;
મફત મોમતી, માગે મુરખો, રહ્યું ન ખાવા ધાન. જોઇ. ૨
દેવું તો વળી દૂર રહ્યું પણ, દેવા દે નહીં પરને;
ચોવટ ડોળે ચોટે બેશી, ખાઇને ખોદે ઘરને. જોઇ. ૩
આપી સંઘમાં એક રૂપીઓ, બેનું કરે નુકશાન;
લેશ વાતમાં કલેશ કરે, વળી ભાષાનું નહિ ભાન જોઇ. ૪
જિસ્કે તડમેં લડુ, ઇસ્કે તડમેં હમ તૈયાર;
શુચિ અશુચિ સ્થાન જુએ નહીં, વસ્ત્ર બગાડે સાર. જોઇ. ૫
ખાવા સારૂ ખરડો કરવા, ખાન્તે થાય ખુવાર;
જ્ઞાન તણાં ખાતાં ધુળ થાતાં, લીએ ન કંઇ સંભાળ. જોઇ. ૬
ધર્મ જ્ઞાનના ફાળામાં તો રકમ મંડાવે મોટી,
દેવા ટાણે દીવાળીઓ થૈ, દીએ ન, દાનત ખોટી. જોઇ. ૭
ધર્મની થાપણ ઓળવતાં કંઇ, ધુર્ત્ત કરે ન વિચાર;
દુર્ગતિનો ડર, દિલ નવ રાખે, પરનારીમાં પ્યાર. જોઇ. ૮
ચૂંગી વિના ન ચાલે, બીડી બજાર વચ્ચે ફૂંકે;
ખોં ! ખોં ! દિવસ રાત કરે પણ, તોય બીડી નવ મૂકે. જોઇ. ૯
વીર પિતાનો પવિત્ર પૂરો, દયા દયામય ધર્મ;
વલ્લભ તેને કલંક લગાડયું, કરી અવિચારી કર્મ ! જોઇ. ૧૦

સંસારની અસારતા વિષે.

૧. (ક્યાંથી આ સંભળાય—એ રાગ.)

અસાર આ સંસાર, વિચારી જો, અસાર૦ (૨)—ટેક.
ધર્મ તેમાં એક એકજ સાર છે (૨) બાકી બધું દુઃખકાર. વિ. ૧
ભ્રાત, પિતા, પુત્ર, માતા, ભગિનિ (૨), જૂઠી એ મોહની જાળ. વિ. ૨.
નવે નિધિ ભલે, પૂરણ પામે (૨) અંતે અહીં રહેનાર. વિ. ૩
વિષય સુખ તને, લાગે છે વ્હાલું (૨), એ તો મધની લાળ. વિ. ૪
પતંગ રંગમાં, મોહી રહ્યો શું (૨), નથી ભરૂસો લગાર. વિ. ૫
પુદ્દગળમાં તારો, પ્રેમ બંધાણો (૨), ક્યાંથી જાણે શું સાર. વિ. ૬
મરવું વલ્લભ, નથી મિથ્યા થનારૂં. (૨) ચટકીઆ દિવસ ચાર. વિ. ૭

---

૨. મનુષ્ય ભવ ન ગુમાવો ?-ભુજંગી.

જુવાની નથી જોરૂ કે છોરૂ તારા, નથી સ્હાય સંસારમાં છે લુટારા;
અરિહંતનું સર્વદા ધ્યાન ધ્યાવો, મળ્યો માનવી દેહ આ ના ગુ-
માવો.—ટેક. ૧.
નથી ભ્રાત, માતા, પિતાજી તમારા, જશે વીસરી રોગી હો કે રૂપાળા;
જુઠો જગ્ત સિંધુ જતાં, કાં તણાઓ ! મળ્યો. ૨
સગાં નાત કે જાત આવે ન સાથે, નક્કી કર્મનાં પોટલાં એક માથે;
હજુ જીવને યોનિમ કાં ભમાવો ! મળ્યો. ૩

મળે શેવ પૂરી અમૂલી મધુરી, કરે જીવની કોઈ આસા ન પૂરી;
સદા સર્વ સંતોષ દિલે વસાવો ! મળ્યો. ૪
ગણે પ્રાણીઓ દેહ આ છે અમારો, ખરે તે નથી અંતકાળે તમારો;
તમે ભૂલથી જીવને કાં ભમાવો. મળ્યો. ૫
દીઓ દાન સૌ ભાવથી શીળ પાળો, તપેથી બધા કર્મના ગંજ બાળો;
મથી ધર્મમાં કર્મ વેરી હઠાવો. મળ્યો. ૬
હીરો કાંકરાની પરે ના ગુમાવો, ફરી આવવો સ્હેલ ના જન્મ આવો;
અરે દેવ ઇચ્છે ખરે દેહ આવો. મળ્યો. ૭

૩.

જરા જોને વિચારી તું જોને !

મારૂં મારૂં કહે છે તું કોને ? ટેક૦

સગાં સંબંધી, સ્વાર્થ સુધીનાં, ખોટી ખુવારી તજોને. મારૂં. ૧
પાંચે પ્રમાદે, પોષી કાયાને, એ શું તમારી કહોને ! મારૂં. ૨
પખીપિંજરથી ઊડી જવાનું, કહેશે કુટુંબી કાઢોને ! મારૂં. ૩
ઝુરી ઝુરી તારી, પ્યારી રૂએ પણ, તે તો પોતાનાં દુઃખોને--મારૂં. ૪
લોભી ! લવલેશ નથી, લક્ષ્મી તમારી, ભંડાર ભલે ભરોને--મારૂં. ૫
મોહ નિદ્રામાં, મૂર્ખ મુંઝાણા, ભાનુ પ્રકાશે જાગોને ! મારૂં. ૬
મમતા મણિધરનું, ઝેર ઉતારવા, સમતા સુધારસ પ્યોને. મારૂં. ૭
ફરી પરિક્ષા, હીરા પથ્થરની, હીરો ઝવેરી ગ્રહોને. મારૂં. ૮
ગુરૂ–ઝવેરીનું, શરણું ગ્રહીને, વલ્લભ વસ્તુ વર્તોને. મારૂં. ૯

---

૪. શરીરની સુશ્રુષામાંજ નહિ સડો!

(ભોજાભક્તના ચાબખાનો રાગ.)

નિત્ય નિત્ય શરીરને શણુગારીરે, મુરખો માને કાયા આ મારી,(૨) ટેક.
તેલ ફુલેલ તન ચોળે ચતુર તોએ, દુર્ગંધ છુટે અકારી;
માંસ, રૂધિર, મળમૂત્ર ભરેલી, તેને ગણી તેં પ્યારીરે. નિત્ય. ૧
કોટ, પાટલુન ને પાઘડી માથે, બુટને બીડી વિલાયતી;
અર્ધો હિંદુ ને અરધો યુરોપીઅન, વર્ણસંકરની જાતિરે--નિત્ય. ૨
ચાર ચાર ટાણાં, ભાણાં ભરી રોજ ખુબ ખવરાવ્યાં ખાણાં;
એક ટંકે જો આઘું થયું તો, ફેંકવા માંડે ફટાણાંરે. નિત્ય. ૩
ખાવા મંડયો ખુબ મેવા મસાલા, વધી વિષયની જવાળા;
અધોગતિમાં અંતે ગયો તે કર્મ કરીને કાળાંરે. નિત્ય. ૪
કાયા વાદળની છાયા, ફસાયા તેમાં હજારો ડાહ્યા;
પતંગ રંગમાં પ્રીત કરી તે, પાછળથી પસ્તાયારે. નિ. ૫
તારૂં હતું તે ન્યારૂં કર્યું તેં, સારૂં નરસું ન વિચાર્યું;
સંતતણું કદી શરણું ન લીધું, કર્યું તારૂં મન ધાર્યું રે. નિ. ૬
ખાવું સુવું ને સેવવું મૈથુન, પશુમાં પણ તે જોયું;
આત્મ આનંદ જો અનુભવ્યો નહિ, જીવતર એળે ખોયુંરે. નિ. ૭
મુઆ પછી પણ જુઓ પશુની, કાયા બહુ કામ આવે;
પરમાર્થમાં જેતું પિંડ પડયું નહીં, પશુ તોલે પણ નાવેરે.નિ. ૮
ભક્તિ ભુલ્યો, તું ફોકટ ફૂલ્યો, ડૂલ્યો હુંપદથી હારી;
વલ્લભ ભવ આ ભૂંલ્યો પછી તો, કાંઇ ફાવે નહિ કારીરે–નિ. ૯

૫. (ગુરૂજી મારે તિરથ કોન કરે-એ રાગ.)

દુનિયા દેખો સ્વારથની બાજી ! (૨)—ટેક.
દામ વિના કંઈ કામ ન થાયે, દામ વિના મળે નહીં ભાજી. દુ. ૧
રળી દીએ જો, પુત્ર રૂપૈયા, સપુત ગણે પ્યારો પિતાજી. દુ. ૨
નાણાં વિના નારી, બોલે ફટાણાં, દામ થકી દેવ રહે રાજી. દુ. ૩
ગુણી ગરીબને કોઇ ગણે નહિ, ગંડુ રાજાની કીર્તિ રહે ગાજી. દુ. ૪
દાસ દાસી વળી, ગોરી ગુણવંતી, આવી મળે, તેજુરી જો તાજી. દુ. ૫
કોણ કથા કરે, મિજલસ નહીં ભરે, ધન વિના બ્રાહ્મણ મુલ્લાંજી. દુ. ૬
બાલચ દઇ લુંટે, પુજારી જનને, દેવોને નામે, પેટ ભરે પાજી. દુ. ૭
થેલી મળે જો, વ્હેલી વ્હેલી વળી, ન્યાય તજી, કરે અન્યાય કાજી. દુ. ૮
પૈસા મળે તો, પુત્રીને વેચે, મનમાં નહી, મ્હેર ધરે માજી. દુ. ૯
શોભાવા શ્રાવિકાને, હાથી હણાતા, વલ્લભ ઝુરે, જોઇ નીચું લાજી. દુ. ૧૦

---

૬. ચતારિ શરણું પવ્વજામિ !

મુસાફર વિચાર !—હરિગીત છંદ.

હે પાન્થ ! થઇ તું શાન્ત, લઇ એકાન્ત, આજ વિચારીજો,
કંઇ સફર તારી સફળ થઇ કે અફળ પળ પળ ધારી જો;
તું કર્મ બંધન ધંધમાં થઇ અંધ ઊંધો ધાય છે।
અરિહંત, સિદ્ધ ભગવંત, સંત, સુધર્મ, સ્હાય ભુલાય છે. ૧.૨૭.

જીવ બાળ ગમ્મતમાં ગયો, જ્યાં ગર્ભમાંથી નિસર્યો.
નવ માસ ગર્ભાવાસનાં દુઃખ ત્રાસદાયક વિસર્યો;
રાજી બન્યો રમતાં અને ભમતાં શિશુવય જાય છે. અરિ. ૨
નિશાળમાં કંઈ કાળ ગાળ્યો, ક્લેશ દ્વેષ કુસંગમાં,
યુવાન વયમાં ભાન ભૂલ્યો, ભામિનિના રંગમાં;
પ્રિય ખાનપાન, મકાન માળ વિશાળ ચણવા ચ્હાય છે. અરિ. ૩
બી. એ. બની, એમ. એ. ભણી, તું ભવ્ય ભૂવન મ્હાલશે !
પણ કાળની વિકરાળ ફાળ ગુમાન તારૂં ગાળશે;
આ પાપી પેટ પ્રપંચમાં આયુષ્ય પુરૂં થાય છે. અરિ. ૪
નહિ આત્મનો જ્યાં અર્થ, વિદ્યા વ્યર્થ તેથી તન સડે;
ઘર માંડીને ફાંડી મૂઆ, રાંડી તરૂણી તરફડે,
અનુભવ વિના નહિ ઓળખે, પીડા પડયે પરતાય છે. અરિ. ૫
તકરાર કરી બહુ વાર, થઇ ખુવાર, જઇ દરબારમાં,
કદી તોલ નહિ સમતોલ, કીધાં કુડકપટ વ્યાપારમાં;
એ પાપ મન સંતાપતું, સંહાર સુખનો થાય છે. અરિ. ૬
અન્યાયનું ધન થાય નાશ વીવા વરે વપરાય છે,
કાં તો કપૂત ઉડાવી દે, પરનારી સંગ હરાય છે;
કાં તો વૃદ્ધાવસ્થા વિષે, પરણી પ્રિયામાં જાય છે. અરિ. ૭
તુજ કાળરૂપ ભુપાળની દાસી "જરા" આવી કહે,
"તું જાગ ! જલદી ભાગ્યહીન ! મલિનતાથી દુર રહે !"
ગઇ ભોગ શક્તિ રોગ વ્યાપ્યો, ભક્તિ ત્યારે થાય છે. અરિ. ૮
તુજ પ્યારી નારી બોલનારી સ્વાર્થમાં સુખમાં—"ખમા !"
દુઃખમાં રહે તે દૂર, દીસે સ્વાર્થી સૌ સંસારમાં;
શું પેટડું ભરતો પાપની તું, ખોટ ધંધે ખાય છે. અરિ. ૯

મે લે! ગ્રહી સમતા, રહી મમતા થકી દુર સર્વદા,
તું આત્મ ઓળખ તો જવાની અનંત ભવની આપદા;
ચિત્ત ચિંતરી તું રાખ, ઠાલા ઠાઠથી શું ઠગાય છે!
" અરિહંત, સિદ્ધ ભગવંત, સંત, સુધર્મ, વલ્લભ રહાલ છે!"

ગુણી કોણ ?

કવિત—મનહર છંદ.

ગુણહીન તૃણ સમ, સુણહો નિપુણ નર!
ખર ખરેખર જેને પૂંછ સાટે મુછ છે;
લુણ વિના અન્ન જેમ, પ્રસન્ન કરે ન મન,
ધનવાન દે ન દાન, માન તે તો તુચ્છ છે;
પોતાના ન ગુણ બોલે, પરના ન દોષ ખોલે,
અંતર અરિસા જેવું, નિરંતર સ્વચ્છ છે;
જેને નિજ દોષ દીસે, રોષ ન હૃદય વિષે,
પર ગુણ ગાય તે, વલ્લભ ગુણી ગચ્છ છે.

પરનિન્દા ન કરો!

(રાગ-કેરબો—પરનારીની પ્રીત પિયુ...)

નરનારી વિચારી, પરનિન્દા ન કરો (૨),
નિન્દા ન કરો, પર નિન્દા ન કરો—નરનારી૦-ટેક.
જગત વિષે જ્યાં નજર કરો ત્યાં, અવગુણ ભર્યા અનંતા,
અવગુણ ગણતાં પાર ન આવે, ગુણ ગોતે ગુણવંતા. નર. ૧

ચાર તિર્થની નિન્દા કરતાં, ધર્મની નિન્દા થાશે,
નષ્ટ નરોની નિન્દા કરતાં, શ્રેય નહિ સચવાશે. નર. ૨
નકટા નિન્દાથી નહિ સુધરે, બમણો બગડે પાપી,
શાન્ત કરી, એકાન્ત મળીને, સુધારો સમજણ આપી. નર. ૩
અવગુણ ગાતાં ગુણ નહિ તમને, સ્વાર્થ વિના દંડાશો;
દોષ અનંતા દેખો નિજના, ત્યારે નિર્મળ થાશો. નર. ૪
નિન્દામાં નવરાશ મળે નહિ, આયુષ્ય જાય અલેખે;
પોતાના પગમાં પ્રજળે તે, દાવાનળ નવ દેખે. નર. ૫
વાયસ વિષ્ટા પર વિચરે છે, હંસ ચરે છે મોતી;
પરિહરી જળ તજી, હંસ લીએ દુધ, ગુણીજન ગુણ લ્યે ગોતી. નર. ૬

"જુવાની" તે "દીવાની" છે?

(વિદેશ વાટ જાઉં છું આ વાર—એ રાગમાં ચાલશે.)

જુવાની તો દીવાની છે, નજર જો કરી. (૨) ટેક.
અહોનિશ તું અનુભવે, તે તું જો ફરી. જુવા. ૧
દીપકમાં પતંગ પડતાં જોઇ તું હસે,
નિત્ય નારી અગ્નિમાં કેમ તું ધસે!
નારીને તું પ્યારી માને પણ મહા અરિ. જુવા. ૨
હાવ ભાવ હેત જોઈ, નર પડે મરી,
ભક્તિ પ્રેમ, શક્તિ એમ, લ્યે બધું હરી;
જુલમ ત્હારો જગતમાં છે અજબ સુન્દરી! જુ. ૩

નારીને શણુગારી આખો ભવ રળી રળી,
વૃદ્ધપણે વિસારી જાય, ગરજ ના સરી;
લોકની લજ્જાએ કરે, મનવિણુ ચાકરી। જુ. ૪
નારી નયન બાણુ સામે, સૈન્ય નર સજી,
કૈક તો થયા ખુવાર, થાય છે હજી;
નયને ના વિકાર થાય, તો જીતે અરિ. જુ. ૫
યૌવન તન ધન તોરમાં, મદ ઊરે ધરી,
ચટચટ ચાલે જોતો જોતો, બૂટ ને બાબરી;
મૂઢના વિચારે, બધું મુકી જવું મરી. જુ. ૬
કંચન કાયામાં રગેરગ રોગ વળ્યો ફરી;
દાંત તો પડી ગયા, બુદ્ધિ બની બાવરી;
જુવાની મંડયો શોધવા, નીચો નીચો વળી. જુ૦ ૭
શ્વેત થયા કેશ જ્યારે, ભક્તિ સાંભરી,
પ્રભુજીને ઠગે છે ત્યારે, શિયળ આદરી;
પ્રથમ ભોગમાં પડી તેં, ભક્તિ ના કરી. જુ. ૮
કાયા તો છે કારમી, માંસ રૂધિર ભરી,
મૂર્ખ મોહ શું કરે, અનિત્યમાં વળી;
આત્મા તેં ન ઓળખ્યો, પ્રપંચે પેટ ભરી. જુ. ૯
બાપ મોર બેટા જાય, બાળ સ્ત્રી રડે,
વિદેશમાં મરે છે કૈક, ગર્ભમાં ગળે;
નજર નીરખે તું નિત્ય, પલળ્યો ના જરી. જુ. ૧૦
જ્યાં સુધી સુખમાં પડયો તું, આંખ ન ઉઘડી,
દુઃખમાં કાંઇ ના સુજે, પસ્તાવામાં પડી;

ગમાર આમ ગોથાં ખાય, જાય ચતુર તરી. જુ ૧૨

જાગ્યો ત્યાંથી તું હવે, સવાર જાણીને,

સુખ દુઃખમાં સમાન દ્રષ્ટિ, સંધ આણીને;

પ્રેમ સર્વ પ્રાણી પર લે, વલ્લભ આદરી. જુ. ૧૨

ઘડપણની આશા રાખી જે ધર્મ કરતા નથી તેને ઉપદેશરૂપે વૃદ્ધનો પશ્ચાતાપ.

(ધીમા ધીમા ચાલોની મારા પ્રાણરે–એ રાગ.)

આવ્યું ઘેલું ઘડપણ હવે શું કરૂં ? (૨) ટેક.

પડી કરચલીઓ અંગે ન દીઠી ગમે;

કેડ નીચી નમે;—હાય શું કરૂં !—આવ્યું. ૧

સાખીઃ—શીરો પુરી સેવની, આશા ભિર અપાર;

પણ પચતું નથી પેટમાં, શું ખાવાનો સાર.

દાંત દાડમ જેવા ન હવે, મુખમાં મળે;

કેશ કાળા મટીને થયા ધોળા અરે;

યાદ આવે જુવાની મને પળે પળે, દિલ બાવરૂં–આવ્યું ૨

સાખી:—ધર્મ ધ્યાન કર્યું નહીં, સાધ્યો નહીં શુભ અર્થ;
ધર્મ ઘડપણે રાખીને, કાયા ગુમાવી વ્યર્થ.
હવે પડયો પીડામાં ધરમ ક્યાંથી બને ?
ઝુરી ઝુરી મરીશ, કહું કોની કને ?
ગયો અવસર મળે નહિ લાખો ધને, કેમ હું તરૂં ?--આવ્યું. ૩

સાખી:—અરે ! જુવાનો સાંભળો, હાંસી કરો નહિ આપ;
ચતુર હોતો ચેતજો, કરવો પડે ન વિલાપ.
નક્કી ઘરડા થશો નથી ભરોસો એવો,
કરો ભેળો પર ભવ સારૂ મીઠો મેવો;
વેગે વલ્લભ સંતના ચરણો સેવો. શરણું એ ખરૂં. આવ્યું. ૪

શ્રી કર્મ પ્રકૃતિના બોલ.

(૧) જ્ઞાનાવર્ણીય—આંખના પાટા સમાન ને તે અનંત જ્ઞાનગુણ રોકે છે. તે ૬ પ્રકારે બાંધેઃ–નાણ પડણીઆએ=જ્ઞાનીનાં ભુંડા બોલે; નાણ નિન્હવણીઆએ=તેનો ઉપકાર ઓળવે; નાણ આસાયણાએ=તેની અશાતના કરે; નાણ અંતરાએણું=જ્ઞાનની અંતરાય પડાવે; નાણપઉસેણું=જ્ઞાની ઉપર દ્વેષ કરે; નાણ વિસંવાયણા જોગેણું=જ્ઞાનીની સાથે ઝગડા કરે; તે ૫ અથવા ૧૦ પ્રકારે ભોગવે–(૫) મતિ,–શ્રુત,–અવધિ,–મનઃપર્યવ–કેવળ જ્ઞાનાવર્ણીય=એ પાંચ જ્ઞાન પ્રગટ થવા દે નહીં; (૧૦) સોયાવરણે, સોયાવિનાણાવરણે, નેતાવ૦,

નેતાવિ૦, ઘાણાવ૦, ઘાણાવિ૦, રસાવ૦, રસાવિ૦, ફાસાવ૦, ફાસાવિ૦=૫ ઇંદ્રી પામે નહિ ને પામે તો ખામીવાળી પામે; સ્થિતિ જ૦ અંતર્મુહુર્ત્તની ઉ૦ ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમની, અબાધા કાળ કરે તો ૩૦૦૦ વર્ષની.

(૨) **દર્શનાવર્ણીય**—રાજાના પોળીયા સમાન; ને તે અનંત દર્શન ગુણ રોકે છે; તે ૬ પ્રકારે બાંધે તે (૧) પ્રમાણે, તેમાં "નાણ" ને બદલે "દંસણ" મૂકવું; ૯ પ્રકારે ભોગવે–૪ દર્શનાવર્ણીય, નિદ્રા; નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ નિદ્રા; સ્થિતિ. (૧) પ્રમાણે.

(૩) **વેદનીય**—તે અનંત અવ્યાબાધ આત્મિક સુખ રોકે છે; તેના બે ભેદ ૧. શાતાવે૦ ૨. અશાતાવે૦; [૧.]શા૦ મધે ખરડયા ખડ્ગ સમાન; તે ૧૦ પ્રકારે બાંધે–પાણ–ભુય–જીવ–સતાણં કંપયાએ, બહુણં પાણાણં, ભુયાણં, જીવાણં, સતાણં અદુઃખણીયાએ, અસોયણીઆએ, અજ્ઝુરણીઆએ, અતિપણીયાએ, અપીટ્ટણીઆએ, અપરિયાવણીઆએ; તે ૮ પ્રકારે ભોગવે–મણુણા સદ્દા–રૂવા–ગંધા–રસા–ફાસા, મણુ–વય–કાય સુહયા, સ્થિતિ જ૦ ૨ સમય, ઉ૦ ૧૫ ક્રોડાક્રોડ સા૦, અબાધા કાળ કરે તો ૧૫૦૦ વર્ષ [૨.]અશા૦ અફીણે ખરડયા ખડ્ગ સમાન; તે ૧૨ પ્રકારે બાંધે–શા૦ ના ૧૦ માંથી પહેલા ૪ વર્જીને તે પછીના ૬ માંથી 'અ' કાઢી નાંખીને બોલવા; તે પછી છેલા ૫ માંથી 'અ' કાઢી નાંખી તેને બદલે 'પર' મૂકવો.* એ ૧૧ ને ૧૨ મો પરદુઃખણીઆએ; તે ૮ પ્રકારે ભોગવે તે શા૦ ના ૮ માં 'મણુણા' ને બદલે *'અમણુણ,'

•

ને 'સુલ્લા' ને બદલે 'દુલ્લા' કહેવું. સ્થિતિ ૩ુ સા. માં ૧ પલ્ય. નો અસંખ્યાતમો ભાગ ઉણો; ઉ૦ ને અબાધા (૧) પ્રમાણે.

(૪) **મોહનીય**—મદિરાપાન સમાન; તેણે ક્ષાયક સમકિત ગુણ રોકયો છે; ને ૬ પ્રકારે બાંધેઃ—તિવ્વકોહે–માણે–માયાએ–લોહે–દંસણ મોહણી જે–ચરિતમો૦; વિસ્તારે ૨૮ પ્રકારે–૧૬ કષાય--અનંતાનું બંધી ક્રોધ (પર્વતની રાઈ સમાન)–માન (પથ્થરના સ્તંભ સમાન)–માયા (વાંસની ગાંઠ સ૦)–લોભ (કિરમચના રંગ સ૦) એ ચારે ગતિ નર્કની કરે, સ્થિતિ જાવ જીવ, ઘાત સમકિતની કરે; અપચ્ચખાણાવર્ણીય ક્રોધ (તળાવના ખોટ સ૦)–માન (હાડકાના સ્તંભ સ૦)–માયા (ઘેટાની શૃગ સ૦)–લોભ (નગરની ખાણના કર્દમ સમાન) એ ૪, તિગ તિર્યંચની, સ્થિતિ ૧ વર્ષની, ઘાત દેશ વ્રતની કરે; પચ્ચખાણાવર્ણીય ક્રોધ (વેળુની લીંટી સમાન)--માન (લાકડાના સ્તંભ સ૦)--માયા (ગોમુત્રિકા સ૦)--લોભ (ગાડાના ખંજન સ૦) એ ૪; ગતિ મનુષ્યની, સ્થિતિ ૪ માસની, ઘાત સર્વ વ્રતની કરે; સંજલનો ક્રોધ (પાણીની લીંટી સ૦)--માન (નેતરના સ્તંભ સ૦)–માયા (વાંસની છોઈ સ૦)–લોભ (પતંગ તથા હલદરના રંગ સ૦)–એ ૪, ગતિ દેવતાની, સ્થિતિ ૧૫ દિવસની, ઘાત કેવળ જ્ઞાનની કરે. ૯ નો કષાય—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રી--પુરૂષ--નપુંસક વેદ; કુલ ૨૫ પ્રકૃતિ ચારિત્ર મો૦ ની થઇ; ને દર્શન મો૦ ની ૩–સમકિત–મિથ્યાત–સમામિથ્યાતમોહનીય. તેની સ્થિતિ (ભોગવવાની) જ૦ અંત૦ ઉ૦ ૭૦ કો૦ સા૦ ને અબાધા કાળ કરે તો ૭૦૦૦ વર્ષની.

(૫) આયુષ્ય—હેડ સમાન; તેણે અક્ષય સ્થિતિ ગુણ રોકયો છે; તે ૧૬ પ્રકારે બાંધેઃ–નારકીનું આ૦ ૪ પ્રકારે–મહા આરંભીયાએ–પરિગ્રહીયાએ, કુણીમાહારેણં, પચેંદ્રિય વહેણં; દેવતાનું આ૦ ૪ પ્રકારે--સરાગ સંજમેણું, સંજમાસંજમેણું, બાલતવો કમેણું, અકામ નિર્જરા; એ બંનેની સ્થિતિ જ૦ ૧૦૦૦૦ વર્ષને અંત૦ અધિક ઉ૦ ૩૩ સા૦ ને પૂર્વક્રોડનો ૩ જો ભાગ; મનુષ્યનું આ૦ ૪ પ્રકારે--પગઇ ભદયાએ--વિણીઆએ, સાણુ ક્રોસીયાએ, અમચ્છરીયાએ; તથા તિર્યંચનું આ૦ ૪ પ્રકારે--માઇલયાએ, નિયડિલયાએ, અલિય વયણેણું, કુડતોલે કુડમાણે એ બંનેની સ્થિતિ જ૦ અંત૦, ઉ૦ ૩ પલ્યને પૂર્વક્રોડનો ૩ જો ભાગ.

(૬) નામ—ચિતારી સમાન, તેણે અમૂર્ત્તિ ગુણ રોકયો છે, તેના બે પ્રકાર, શુભ ને અશુભ નામ. શુભ ૪ પ્રકારે બાંધે–કાયભાસુ–ભાવુજ્જુયાએ, અવિસંવાયણા જોગેણં; તે ૧૪ પ્રકારે ભાગવે–ઇહાસદા–રૂવા–ગંધા–રસા–ફાસા–ગઇ–ઠિઇ; ઇઠેલાવણ્ણે, ઇઠાજશોકીર્ત્તિ,–ઉઠાણુ, કમ્બલ, વિરિય, પુરિસ્કાર, પરક્રમે; ઇઠ–કંત–પિયમણુણ સરયા; અશુભ ૪ પ્રકારે બાંધે, તે શુભના ૪ માં "જુયાએ" ને બદલે અણુજ્જુયાએ, ને વિસંવાયણા જોગેણં; ને ૧૪ પ્રકારે ભોગવે–તેમાં ઉપરના ૧૬ માંથી પહેલા ૧૦ લઇ તેમાં "ઇઠ" ને બદલે 'અણીઠ' કહેવું, ને હિણસરયા, દિણસરયા, અણિઠસરયા, અકંત સરયા; તેની ૯૩ પ્રકૃતિ–૪ ગતિ, ૫ ઇંદ્રીની જાતિ, ૫ શરીર, પહેલા ૩ નાં અંગોપાંગ, ૫ શરીરનાં બંધન અને સંઘાતન, ૬ સંઘયેણ, ૬ સંઠાણ, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૪ ગતિની અનુપુર્વી, શુભ–અશુભ વિહાયગતિ, એ ૬૫ પિંડ પ્રકૃતિ થઇ; પરાઘાત–ઉસ્વાસ–

અગુરૂ લઘુ—આતાપ—ઉધોત—ઉપઘાત—તિર્થંકર—નીર્માણુ નામ એ ૮ તથા ત્રસ—સ્થાવર—સુક્ષ્મ—બાદર—પ્રત્યેક--સાધારણુ—પર્યાપ્ત--અપર્યાપ્ત--સ્થિર--અસ્થિર--શુભ--અશુભ--સૈભાગ્ય--દુર્ભાગ્ય—સુસ્વર--દુઃસ્વર--આદેય--અનાદેય--જશોકીર્ત્તિ--અજશોકીર્ત્તિ નામ કુલ ૯૩ થઇ. તેમાં ૧૦ બંધનની અધિક ભેળતાં ગ્રંથવાળા ૧૦૩ કહે છે. અથવા ૪૨ પ્રકૃતિ—ગતિ, જાતિ શરીર, અંગોપાંગ, બંધન, સંઘાતન, વર્ણ, ગંધ, રસ, ફરસ, સંધયેણુ, સંઠાણુ, અનુપૂર્વી, વિહાય ગતિ, એ ૧૪ (ના વિસ્તારે ૬૫) તથા બાકીની ૨૮ ઉપર મુજબ; કુલ ૪૨ થાય છે. સ્થિતિ જ૦ ૮ મુહુર્ત્તની ઉ૦ ૨૦ કો૦ સા૦, અબાધા કાળ કરે તો ૨૦૦૦ વર્ષની.

(૭) ગોત્ર—કુંભારના ચાકડા સમાન; તેણે અગુરૂ લઘુ ગુણુ રોકયો છે; તેના બે પ્રકાર ઉંચ ને નીચ ગોત્ર; ઉંચ ગોત્ર ૮ પ્રકારે બાંધે--જાતિ--કુલ--બળ--રૂપ--તપ--સુત્ર--લાભ--ઈસ્સરીય (ઠકુરાઈ) અમદેશું; તથા ૮ પ્રકારે ભોગવે--તે એ ૮ વીસીઠીયા એટલે સારાં પામે; નીચ ગોત્ર ૮ પ્રકારે બાંધે--એ ૮ મદેણું, ને ૮ પ્રકારે ભોગવે તે, એ ૮ વિહીણુીયા; એટલે ૮ હીણાં પામે. તેની સ્થિતિ (૬) પ્રમાણે.

(૮) અંતરાય—રાજાના ભંડારી સમાન, તેણે અનંત આત્મિક શક્તિ ગુણુ રોકયો છે; તે ૫ પ્રકારે બાંધે—દાન—લાભ—ભોગ—ઉવભોગ—વીર્યાંતરાય, એ ૫ ની અંતરાય પડાવવાથી, એ ૫ ની આપણુને અંતરાય પડે એટલે પામીએ નહીં. એટલે એ ૫ પ્રકારે ભોગવીએ. સ્થિતિ (૧) પ્રમાણે.

આઠે કર્મની મુળ પ્રકૃતિ ૮, ઉત્તર પ્રકૃતિ ૩૧, તથા વિસ્તારે ૧૪૮ અથવા ૧૦ બંધન નામ કર્મના ભેળવીએ તો ૧૫૮ થાય.

શ્રી કર્મ પ્રકૃતિના બોલ સમાપ્ત.

" 'ઉદ્યમ' એજ જવાહીર જગમાં ! "

(કામી શું નવ કરે—એ રાગ.)

(યોજક—મુનિશ્રી સવજી સ્વામી; સુધારનાર—કર્ત્તા.)

સિદ્ધિ શું નવ કરે, ઉદ્યોગીરે (૨) ટેક.

કઠિન કાર્ય તે સ્હેજે સાધે, અલભ્ય તે ઉદ્યમથી લાધે;
મન વંછિત વસ્તુ મળે. સિ॰ ૧

" ઉદ્યમ " એજ જવાહીર જગમાં, નજર કરો તો પડયું છે પગમાં;
ઝવેરી કિમ્મત કરે. સિ॰ ૨

ઉદ્યમ વિણુ કદી ઉદય શું થશે !, શાળા શુભ સંસ્થા શું સ્થપાશે ?
ઉદ્યોગી જય જય કરે. સિ॰ ૩

દેવ ગુરૂને ધર્મ દીપાવે, દેશ પ્રત્યે નિજ ફરજ બજાવે;
દુઃખીઆનાં દુઃખને દળે. સિ॰ ૪

કષ્ટ પડે તો ધૈર્ય ધરીને, જીવ જતાં જગ હિત કરીને;
નામ તે અમર કરે ! સિ॰ ૫

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવને, કેવળ આ ની મળે ઉદ્યમને;
વેગે વર પદવી વરે ! સિ॰ ૬

સુપાત્ર વિણુ શુભ અન બગડે છે, સુસ્ત વિષે શુભ જ્ઞાન સડે છે !;
ખર તે સાકરથી મરે ! સિ॰ ૭

દેખું કોક ઉદ્યમ કરનારા, ખાઈ પી બહુ સૂઈ જનારા !
કલ્યાણુ ક્યાંથી કરે ! સિ॰ ૮

પરિસહ વેઠી પરહિત કરતા, આત્મ અર્થ જે સાધે ફરતા;
સવજી મુનિ સ્તુતિ કરે. સિ॰ ૯

[ચડી આવ્યાં વાદળ કાળાં—એ રાગ.]

(યોજક—મુનિશ્રી સવજી સ્વામી; સુધારનાર કર્ત્તા.)

હે દીનાનાથ દયાળુ !—(૨) ટેક

માફ કરો પ્રભુ મુજ અપરાધો, મ્હેર ધરીને મયાળુ. હે૦ ૧
અનંત કાળ ભવ અટવી ભટક્યો, નર્ક નિગોદે પટક્યો;
તોએ પ્રભુ ચરણે નવ અટક્યો, શરણુ ગ્રહ્યું નહીં સારૂં. હે૦ ૨
દુઃખી થયો કરી કર્મ હું કાળાં, પુદ્દગળનાં સુખ પ્યારાં;
સુખ દુઃખ સર્વે કર્મના ચાળા, નિર્મળ સુખ છે ન્યારૂં ! હે૦ ૩
સંત તણી સેવા કરવાથી, હવે સાન કંઇ આવી;
સત્ય ધર્મને સદ્દગુરૂ જાણ્યા, જાણ્યા દેવ જગ તારૂ. હે૦ ૪
દુષ્ટ કૃત્યને દેશવટો દઇ, તુજ આજ્ઞા પ્રભુ પાળું;
દેશ ધર્મનો ઉદય કરીને, મુજ આતમને તારૂં. હે૦ ૫
અમૂલ્ય તક ભવ દધિ તરવાની, જન્મ મરણ ટળવાની;
સવજી મુનિ કહે નથી મળવાની, ફરી ફરીને વિચારૂં ! હે૦ ૬

લઘુતાસેં પ્રભુતા મિલે !

(ચડી આવ્યાં વાદળ કાળાં—એ રાગ.)

શું ફોકટ ફૂલી ફરે છે (૨) ટેક૦
અનિત્યમાં તું અંધ બનીને, સ્વરૂપ તુજ વિસરે છે. શું૦ ૧
તન, ધન, જોબન, મંદિર મેડી, બંધન જીવમી બેડી;
રાવણ નર્ક ગયો અભિમાને, નાંખ્યું કૂળ ઉખેડી. શું૦ ૨

મહાવીરના જીવ મર્ચિ કુમારે, મદ કર્યો કુળ કેરો;
અધમ ભવમાં પડયું આથડવું, **પ્રભુ** પોકારે ઢંઢેરો. શું૦ ૩
ઉત્તમ જાતિ વિષે અવતરતાં, ધર્યું અહંપદ ઉરે;
મુનિવર **હરકેશી** સરખા તે, ઉપજ્યા ચંડાળ કુળે. શું૦ ૪
બળના મદમાં **શ્રેણીક** રાયે, હિંસા કરી હરણની;
નર્ક ગયો તે નૃપતિ, વધારી ફેરી જન્મ મરણની. શું૦ ૫
સનત કુમારે વિચાર્યું "મારૂં, રૂપ અનૂપમ જગમાં";
રંગ પતંગ વિષે રાચ્યો તો, રોગ થયો રગ રગમાં. શું૦ ૬
એ સુખ સંપતિ ક્યાં છે આજે, મધ લાળે શું મોહ્યો।
એક સાંધ ત્યાં તેર તુટે પણ, માનવ ભવ તેં ખોયો। શું૦ ૭
ગર્વ કર્યે ગુણહીન ગણાયે, સર્વ ધિક્કાર ધરે છે;
વલ્લભ માન ધરે નહિ મન તે, સ્હેજે સંસાર તરે છે। શું૦ ૮

ભાવ—પૂજા.

અર્ચન--સાહિત્યોની વિગત.

૧. મંદિર=" કાયા ";
૨. તાળું=" કુગુરૂ સંગત ";
૩. કૂંચી (ચાવી)=" સદ્‌ગુરૂ શરણ ";
૪. મૂર્ત્તિ=" આત્મા ";
૫. દીપક=" જ્ઞાન "

૬. વાટ = " વાયણા " (વાંચન)
૭. દીવાસળી = " પૂછણા " (પ્રશ્ન)
૮. દિવેલ = " પરિયટણા " (સઝાય)
૯. પ્રકાશ (અખંડ) = " ધમ્મકહા " (ચર્ચા)
૧૦. પાત્ર (કોડીઉં) = " મન "
૧૧. મૂર્ત્તિનું વસ્ત્ર (મેલું) = " મિથ્યાત્વ "
૧૨. આસન = " સંવર "
૧૩. જળ (ગરમ) = " તપ "
૧૪. મેલ = " કર્મ "
૧૫. શુદ્ધ વસ્ત્ર = " સમકિત "
૧૬. છત્ર = " ક્ષમા "
૧૭. આભૂષણ (ઘરેણાં) = " વ્રતો " (૧૨)
૧૮ પુષ્પ = " ભાવ "
૧૯. પૂજાનો પાઠ = " સ્તુતિ " (આ પુસ્તકમાં આપેલું " ભાવ-પૂજા " નું ગાયન.)
૨૦. ઝાલર = " દાન "

શું જૈનમાં " મૂર્ત્તિ પૂજા " નથી ? કહો કે છે। કોઈ કહેશે કે અમે તો જોતા નથી. તે વાત પણ ખરી છે, કેમકે આડંબર-વાળી, લોકોની નજરે આવે એવી--જેને અંગે હિંસાનો મહાન્ દોષ સમાયેલો છે તેવી પૂજા-દ્રવ્ય પૂજા આપણામાં--જૈનમાં નથીજ; પરંતુ પૂજા તો છેજ; તે કઈ પૂજા ? ભાવ--પૂજા; કોઈ એવો સવાલ કરશે કે, સ્થાવર જીવોની હિંસા વગર--ફળ, ફૂલ, ધૂપ, દીવા, આરતિ આદિ સાહિત્યો વગર પૂજા બનેજ શી રીતે ? પરંતુ એમ ઉતાવળા

ન થાઓ, દ્રવ્ય સાહિત્યોને બદલે તેવાંજ ભાવ સાહિત્યો શું નથી ? છેજ; જરા આ લખાણને મથાળે સાહિત્યોનું લીષ્ટ છે, તે તપાસો; નિષ્પક્ષપાત દૃષ્ટિથી કહો કે કયાં સાહિત્ય (ભાવ કે દ્રવ્ય) વધારે કીંમતી--વધારે ગુણકારક અને નિર્દોષ છે ? ભાવ--સાહિત્યોજ નિર્દોષ અને સર્વ ઇચ્છિત સુખ આપવાને સમર્થ છે. જુઓઃ—

આજ સુધી આપણે દહેરાં--મંદિર વિગેરે બહાર શોધતા હતા, પરંતુ હવે સમજ્યા કે, કાયા--" ઘટ " મંદિર એજ ખરૂં મંદિર છે; તે મંદિર આજ સુધી આપણે કેમ ન તપાસ્યું ? કારણ કે તે મંદિરને " કુગુરૂ સંગત " રૂપી તાળું દીધેલું, અને તે ખોલવાની ચાવી આપણી પાસે નહીં હતી.

હવે " સદ્‌ગુરૂ શરણ " રૂપી ચાવા વડે તે તાળું ઉઘાડી, " ઘટ મંદિર " માં પેઠા તો તેમાં અજ્ઞાનરૂપી અંધકાર હતું, તે "મન" રૂપી કોડીઆમાં, "વાંચન" રૂપી વાટ, "સઝ્ઝાય" રૂપી દિવેલ, નાંખી, "પૂછણા" રૂપી દિવાસળીથી "જ્ઞાન" રૂપી દીપક પ્રગટયો ને "ચર્ચા" રૂપી આલંબનથી અખંડ પ્રકાશિત બનાવ્યો, અને મંદિરમાં જોયું તો. "આત્મા" રૂપી મૂર્ત્તિ બિરાજેલી નજરે પડી; આપણે તે મૂર્ત્તિની અનંતકાળથી સંભાળ નહીં લીધેલ હોવાથી, તેના પર "કર્મ" રૂપી ગાઢો મેલ બાઝી ગયો છે; અને પ્હેરેલાં "મિથ્યાત્વ" રૂપી વસ્ત્ર પણ તદ્દન ગંદાં હોવાથી સડતાં દીઠાં.

તેથી હવે આપણે "મિથ્યાત્વ" રૂપી મેલાં વસ્ત્ર કાઢી નાંખી (તજી દઇને) "સંવર" રૂપી આસન (પાટલો) ઢાળી તે પર "આત્મા" રૂપી મૂર્ત્તિને પધરાવા (એટલે સંવર કરીને), તેને "તપ" રૂપી ગરમ

જળથી નવરાવી (એટલે ૧૨ પ્રકારનો તપ કરી), "કર્મ" રૂપી મેલ દૂર કરવા લાગી પડવું જોઇએ. તથા એ રીતે નાહી રહ્યા પછી, "સમકિત" રૂપી ઉત્તમ શુદ્ધ વસ્ત્ર સજાવીને "ક્ષમા" રૂપી છત્ર ઉપર ધરીને, તથા "બાર વ્રત્તો" રૂપી ઘરેણાં પ્હેરાવીને પૂજા શરૂ કરવી. "ભાવ" રૂપી પુષ્પ, જે કદી કરમાય નહિ, તે ધરીને, તથા પૂજા પાઠ--સ્તુતિ બોલતાં બોલતાં " દાન " રૂપી ઝાલર વિગેરેનો અવાજ કરતાં (એટલે જેમ ઝાલર વિગેરેનો અવાજ આસપાસ પ્રસરે છે, તેમ દાન દેવાથી " કીર્ત્તિ " રૂપી ધ્વનિ દેશોદેશ પ્રસરે છે માટે) આરતિ ઉતારવા.

આ રીતે હમેશાં પૂજન કરવાથી આત્માનું સર્વ કાર્ય સિદ્ધ થાય છે. કોઇ કહેશે કે, "આત્મા" ને મૂર્ત્તિ શા માટે ધારો છો ? તેનું કારણ એ છે કે જે મૂર્તિમાં (દ્રવ્ય મૂર્તિમાં) પ્રભુના સ્વરૂપનો અંશ પણ નથી, તે પરથી તે સ્વરૂપનો ખ્યાલ આવવો અશક્ય છે, માટે "આત્મા" કે જેમાં પરમાત્માનું સ્વરૂપ સર્વાંશે (ઉપસમ રૂપે) રહેલું છે, તેનેજ " મૂર્ત્તિ " માની તેનીજ પૂજા કરવા એટલે એ મૂર્ત્તિ તરફ દ્રષ્ટિ રાખી, પ્રભુનું સ્વરૂપ વિચારવું એજ શ્રેષ્ટ માર્ગ છે. માટે સુજ્ઞ પુરૂષોએ અલભ્ય "ભાવ--પૂજા" નો લાભ લેવા ભૂલવું જોઈતું નથી.

---

૭૩ વર્ષનું પંચાંગ

સને ૧૯૧૧ થી ૧૯૮૩ સુધી.

અ. સાલ બતાવનારૂં કોષ્ટક.							મહિના.	બ. તારીખ તથા વાર જાણવાનું કોષ્ટક.						
क.	ख.	ग.	घ.	च.	छ.	ज.		૧	૨	૩	૪	૫	૬	૭
						—	(જોવાની રીત	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૯૧૧	—	૧૨	૧૩	૧૪	૧૫	—		૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧
૧૬	૧૭	૧૮	૧૯	—	૨૦	૨૧	નીચે આપી છે.)	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
૨૨	૨૩	—	૨૪	૨૫	૨૬	૨૭		૨૯	૩૦	૩૧				
—	૨૮	૨૯	૩૦	૩૧	—	૩૨								
૩૩	૩૪	૩૫	—	૩૬	૩૭	૩૮	જાન્યુઆરી } —							
૩૯	—	૪૦	૪૧	૪૨	૪૩	—	અક્ટોબર }	ક	જ	છ	ચ	ઘ	ગ	ખ
૪૪	૪૫	૪૬	૪૭	—	૪૮	૪૯	મેએ.........	જ	છ	ચ	ઘ	ગ	ખ	ક
૫૦	૫૧	—	૫૨	૫૩	૫૪	૫૫	ઑગષ્ટ.........	છ	ચ	ઘ	ગ	ખ	ક	જ
—	૫૬	૫૭	૫૮	૫૯	—	૬૦	ફેબ્રુઆરી, નવં-							
૬૧	૬૨	૬૩	—	૬૪	૬૫	૬૬	બર માર્ચ......	ચ	ઘ	ગ	ખ	ક	જ	છ
૬૭	—	૬૮	૬૯	૭૦	૭૧	—	જુન...........	ઘ	ગ	ખ	ક	જ	છ	ચ
૭૨	૭૩	૭૪	૭૫	—	૭૬	૭૭	સપ્ટેમ્બર,ડીસેંબર	ગ	ખ	ક	જ	છ	ચ	ઘ
૭૮	૭૯	—	૮૦	૮૧	૮૨	૮૩	એપ્રીલ,જુલાઇ...	ખ	ક	જ	છ	ચ	ઘ	ગ

જોવાની રીતઃ--(૩૬૫ દિવસના વર્ષ માટે) જે સાલનો દીવાર જોવો હોય તે સાલની ઉપરનો (“ક, ખ, ગ, ઘ, ચ, છ, જ” માંહેલો) જે અક્ષર હોય તે અક્ષર, ને મહીનાનો દીવાર જોવો હોય તે મહીનાની જમણી તરફની સીધી લાઇનમાં લખેલા

અક્ષરોમાંથી શોધી કાઢવો અને તે અક્ષરને મથાળે (૧ થી ૩૧ સુધી તારીખો લખેલી છે, તેમાંથી) જે તારીખો તેની લાઇનમાં આવતી હોય તે દરેક તારીખ તે, તે મહીનાના રવિવારોની જાણવી.

૩૬૬ દિવસના વર્ષને માટેઃ—જે સાલનો દીવાર જોવો હોય તે સાલની પહેલાંના તરતના ડાબી બાજુનાં ખાનાને મથાળે જે અક્ષર હોય, તે અક્ષર ફક્ત જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસના દીવાર જોવા હોય તો લેવો, બાકીના મહીનાઓ માટ પ્રથમ મુજબ સમજવું.

જે સાલ (પૂરા સૈકા શિવાયની) ને ચાર શેષ વડે રહિત, ભાગી શકાતા હોય તે સાલ ૩૬૬ દિવસની જાણવી. હવે ઉપરના ૭૩ વર્ષ ઉપરાંત ગમે તેટલાં વર્ષ સુધીનું પંચાંગ બનાવી શકાય છે, તે "અ" વાળું કોષ્ટક જોવાથી સ્પષ્ટ જણાઇ આવશે. છેવટની સાલ ૧૯૮૩ લખી છે તે પછી ૧૯૮૪ ની સાલ ૩૬૬ દિવસની હાઇને (દરેક ૩૬૬ દિ—ના વર્ષ માટે એમજ કરવું.) એક ખાનું પડતુ મૂકી, તે પછીના ખાનામાં ૮૪, તે પછી અનુક્રમે લખ્યે જવા. અને ૩૬૬ દિવસની જે સાલ હોય તેની પહેલાં અકેકું ખાનું પડતું મૂકતા જવું; જેથી ગમે તે સાલનો ભવિષ્યનો કે ભૂતકાળનો દીવાર જોઈ શકાશે. જે ખાનું પડતું મૂકવામાં આવે તેમાં (—) આવી આડી લીટી, જાણવા માટે કરવી.

"અનુપૂર્વી" સંબંધે અગત્યની સૂચના.

આપણામાં "અનુપૂર્વી" ગણવાનો ઘણો જુનો રિવાજ છે, અને હાલ પણ અનુપૂર્વી ગણવાનો આશય સમજ્યા વગરજ એક ચોપડીમાંથી વાંચી જઇએ છીએ. અનુપૂર્વી ગણવાનો હેતુ, ચિત્તને ધર્મ ધ્યાનમાં એકાગ્ર કરી, આર્ત્ત–રૂદ્ર ધ્યાનથી વિમુખ રાખવાનો છે.

કોઈ "અનુપૂર્વી" ની ચોપડીમાંથી જોઇ જોઇને એકદમ તે ગણી જવાથી, કે ઉપાશ્રયમાં વ્યાખ્યાન વંચાતું હોય તેની વચ્ચે ગણગણાટ કરી મૂકવાથી, "અનુપૂર્વી" ગણાઇ ગઈ એમ સમજવું એ ભુલ ભરેલું છે; એથી માત્ર જીભજ ઉચ્ચાર કરે છે, પરંતુ મન તેમાં હોતું નથી; અને તેથી "અનુપૂર્વી" ગણવાનો હેતુ બર આવતો નથી.

"અનુપૂર્વી" ચોપડીમાંથી જોઇને ગણવા કરતાં, મોઢેજ ગણવાથી, તેમાં વિચાર કરવાને લેવી પડતી તકલીફને લીધે ચિત્ત એકાગ્ર થાય છે.

"અનુપૂર્વી" મોઢેથી ગણવાની રીતઃ—ઇંગ્રેજીમાં જે રીતને "પરમ્યુટેશન" (Permutation) કહે છે, તેને જ સર્વાંશે મળતી, આપણી "અનુપૂર્વી" ની ગોઠવણી છે. બીજા શબ્દોમાં કહીએ તો "અનુપૂર્વી" એ, ૧, ૨, ૩, ૪, ૫ એ પાંચ આંકડાનું "પર્મ્યુટેશન" છે, એટલે ૧, ૨, ૩, ૪, ૫ એ પાંચ આંકડાને આડા અવળા, વધારેમાં વધારે જેટલી રીતે ગોઠવી શકાય તે ગોઠવણીનું નામ "અનુપૂર્વી" છે.

"અનુપૂર્વી" નાં ૨૦ કોષ્ટકો છે, દરેક કોષ્ટકમાં ૬ ૭ લીટીઓ હોય છે, દરેક લીટીમાં ૧, ૨, ૩, ૪, ૫ એ પાંચ આંકડા જુદી જુદી રીતે ગોઠવેલા હોય છે. આ ૨૦ કોષ્ટકોના ૫ સરખા ભાગ પાડો; પહેલા ભાગનાં ૪ કોષ્ટકોમાં દરેક લીટીનો છેલ્લો આંકડો ૫ આવશે, તે પછીના ચાર ભાગમાં એજ રીતે ૪, ૩, ૨, ૧, અનુક્રમે આવે.

દરેક ભાગનાં ૪ કોષ્ટકોમાંઃ—પહેલા, બીજા, ત્રીજા, ને ચોથા એ દરેક કોષ્ટકમાં ચોથા આંકડા અનુક્રમે ૪, ૩, ૨, ૧, એ રીતે આવે. એ રીતે દરેક ભાગનાં કોષ્ટકોમાં જે છેલ્લો અંક હોય તે શિવાયના ૪ આંકડાને ચડતા ઉતરતા (એટલે પ્રથમ મોટો, તે પછી અનુક્રમે) ગોઠવી, તે દરેક, દરેક ભાગના પહેલા, બીજા, ત્રીજા ને ચોથા કોષ્ટકના અનુક્રમે ચોથા આંકડા સમજવા.

હવે બાકીના ત્રણ આંકડા કેવી રીતે ગોઠવવા તે જોવાનું રહ્યું દરેક કોષ્ટકની ૭ લીટીઓના ૩ ભાગ પાડો; તે દરેક 'વિભાગ' માં બબે લીટી આવશે. એ દર બબ્બે લીટીમાં ત્રીજો આંકડો એક જ સરખો હોવો જોઇએ; દરેક લીટીમાં છેલા બે આંકડા મુકયા પછી બાકી જે ત્રણ આંકડા રહે તેને ૧ લી લીટીમાં અનુક્રમે ગોઠવવા; એ રીતે જે ત્રીજો આંકડો આવે તે બીજી લીટીનો પણ ત્રીજો આંકડો મૂકવો, એ બે પછીની બે લીટીમાં તેથી ઉતરતો આંકડો હોય તે. અને તે પછીની બે લીટીમાં સૌથી ઉતરતો આંકડો હોય તે અનુક્રમે ત્રીજો આંકડો જાણવો. આ રીતે ત્રીજો આંકડો ગોઠવ્યા પછી જે બે આંકડા બાકી રહે તે દરેક વિભાગની પહેલી લીટીમાં અનુક્રમે મૂકવા, ને બીજી લીટીમાં ઉલટાવાને (એટલે 'પહેલો' તે 'બીજો' ને 'બીજો' તે 'પહેલો') મૂકવા.

આ રીતે આખી અનુપૂર્વી ગોઠવી શકાય છે. આવી રીતે હમેશાં ગણવાનો મહાવરો રાખવાથી પછી કંઇ મુશ્કેલી પડતી નથી એમ અમોએ અનુભવેલું છે; માટે સુજ્ઞ પુરૂષોએ અનુપૂર્વી મોટે ગણવાનીજ ટેવ પાડવી.

શ્રી ચોવીશ જીનાંતરાં.

(૧) ૧૮ ક્રોડાક્રોડ સાગરને આંતરે પહેલા શ્રી આદિનાથ (ઋષભદેવ સ્વામી) તિર્થંકર, વનિતા નગરીને વિષે થયા, નાભિરાજા પિતા, મરૂદેવા રાણીમાતા, હેમવર્ણે, વૃષભ લંછન, ૫૦૦ ધનુષ્ય દેહમાન (અવધેણા), ૮૪ લાખ પૂર્વનું આઉખું, ૨૦ લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ૬૩ લાખ પૂર્વ રાજ્ય, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા (દીક્ષા) લીધા પછી ૧૦૦૦ વર્ષે કેવળ જ્ઞાન ઉપજ્યું; ચાર સંઘ તિર્થ સ્થાપીને દ્વાદશાંગી ગણિની પેટી આપીને, ત્રીજા આરાના ૩ વર્ષ ને ૮॥ માસ બાકી રહ્યા ત્યારે મહા વદિ ૧૩ ના રોજ ૧૦૦૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૨) પહેલા તિ૰ પછી ૫૦ લાખ ક્રોડ સાગરને આંતરે બીજા શ્રી અજીતનાથ સ્વામી અયોધ્યા નગરીમાં થયા, જીતશત્રુરાજા પિતા, વિજયાદેવી રાણીમાતા, હેમવર્ણે, હાથીનું લંછન, ૪૫૦ ધ૰નું દેહમાન, ૭૨ લાખ પૂર્વનું આ૰, ૧૮ લાખ પૂર્વ કુંવરપણે, ૫૩ લાખ પૂર્વ રાજ્ય, ૧ લાખ પૂર્વની પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી બાર વર્ષે કેવળજ્ઞાન થયું; તે પછી ઉપર પ્રમાણે ૧૦૦૦ સાધુ સંગે મોક્ષ પધાર્યા.

(૩) બીજા પછી ૩૦ લાખ ક્રોડ સા૦ને આંતરે ત્રીજા **શ્રી સંભવનાથ સ્વામી** સાવથીં નગરીમાં થયા; જીતાર્થ રાજા પિતા, સન્યાદેવી રાણીમાતા, હેમવર્ણે, અશ્વ (ઘોડો) લંછન, ૪૦૦ ધ૦નું દેહમાન, ૬૦ લાખ પૂર્વનું આ૦, ૧૫ લાખ પૂર્વ કુંવરપણે, ૪૪ લાખ પૂર્વ રાજ્ય, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; દીક્ષા લીધા પછી ૧૪ વર્ષે કેવળજ્ઞાન ઉપજ્યું; (તે પછીના બોલ (૨) મુજબ.)

(૪) ત્રીજા પછી ૧૦ લાખ ક્રોઠ સા૦ને આંતરે ચોથા **શ્રી અભિનંદન સ્વામી** વનિતા નગરીને વિષે થયા; સંવર રાજા પિતા, સિધાર્થા રાણી માતા, હેમવર્ણે, દાનરનું લંછન, ૩૫૦ ધ૦ નું દેહમાન, ૫૦ લાખ પૂર્વનું આ૦, તેમાં ૧૨ાા લાખ પૂર્વ કુંવરપણે રહ્યા, ૩૬ાા લાખ પૂર્વ રાજ્ય અને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી ૧૮ વર્ષે કેવળજ્ઞાન થયું. (તે પછીના બોલ (૨) મુજબ.)

(૫) ચોથા પછી ૯ લાખ ક્રોડ સા૦ને આંતરે પાંચમા **શ્રી સુમતિનાથ સ્વામી** કુસલપુરી નગરીએ થયા; મેઘરથ રાજા પિતા, સુમંગલાદેવી રાણી માતા, હેમવર્ણે; ક્રૌંચ પંખીનું લંછન, ૩૦૦ ધ૦ નું દેહમાન, ૪૦ લાખ પૂર્વનું આ૦ તેમાં ૧૦ લાખ પૂર્વ કુંવરપણે, ૨૯ લાખ પૂર્વ રાજ્ય, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી ૨૦ વર્ષે કેવળજ્ઞાન થયું. (તે પછીના બોલ (૨) મુજબ.)

(૬) પાંચમા પછી ૯૦ હજાર ક્રોડ સાગરને આંતરે છઠ્ઠા **શ્રી પદ્મપ્રભુ સ્વામી** કોશામ્બી નગરીએ થયા, ધરરાજા પિતા, સુ-

સિમા દેવી રાણીમાતા, રાતેવર્ણે, પદ્મકમળનું લંછન, ૨૫૦ ધ૦ નું દેહમાન, ૩૦ લાખ પૂર્વનું આ૦ તેમાં ૭ાા લાખ પૂર્વ કુંવરપણે, ૨૧ાા લાખ પૂર્વ રાજ્ય, ને ૧ લાખ પૂર્વની પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી છઠે મહીને કેવળજ્ઞાન ઉપજ્યું, તે પછી ઉપર પ્રમાણે ૭૩ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૭) છઠ્ઠા પછી ૯૦૦૦ ક્રોડ સા૦ને આંતરે ૭ મા **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી** વણારશી નગરીએ થયા; પ્રતિષ્ઠ રાજા પિતા, પૃથ્વીદેવી રાણી માતા, હેમવર્ણે, સાથીયાનું લંછન, ૨૦૦ ધ૦ નું દેહમાન, ૨૦ લાખ પૂર્વનું આ૦ તેમાં ૫ કુંવરપણે ને ૧૪, રાજ્યમાં, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી ૯ માસે કેવ૦ થયું, તે પછી ઉપર પ્રમાણે ૫૦૦ સાધુ સાથે નિર્વાણ (મોક્ષ) પધાર્યા.

(૮) ૭ મા પછી ૯૦૦ ક્રોડ સાગરને આંતરે આઠમા **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** ચંદનપૂરીમાં થયા; મહાસેન રાજા પિતા, લખમણાદેવી રાણીમાતા, ઉજ્વલવર્ણે, ચંદ્રમાનું લંછન, ૧૫૦ ધ૦ નું દેહમાન, ૧૦ લાખ પૂર્વનું આ૦ તેમાં ૨ાા લાખ પૂર્વ કુંવરપણે, ૬ાા લાખ પૂર્વ રાજ્ય, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી છઠે મહીને કેવળજ્ઞાન થયું. (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૯) ૮ મા પછી ૯૦ ક્રોડ સા૦ ને આંતરે **શ્રી સુવિધિનાથ (પુષ્પદંત) સ્વામી,** કાકંદી નગરીએ થયા, સુગ્રીવ રાજા પિતા. રામાદેવી રાણીમાતા, ઉજ્વલવર્ણે, મગરમચ્છનું લંછન, ૧૦૦

ધ० નું દેહમાન, બે લાખ પૂર્વનું આ० તેમાં અર્ધોલાખ પૂર્વ કુંવરપણે, અર્ધો રાજ્યમાં, ને ૧ લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી ૪ માસે કેવળ० ઉપજ્યું; (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૧૦) નવમા પછી ૯ કોડ સા० ને આંતરે ૧૦ મા શ્રી **શિતળનાથ સ્વામી** ભદીલપુરમાં થયા, દઢરથ રાજા પિતા, નંદાદેવી રાણીમાતા, હેમવર્ણે, શ્રીવછ સાથીયાનું લંછન, ૯૦ ધ० નુ દેહમાન, ૧ લાખ પૂર્વનું આ० તેમાં ⦁ા લાખ પૂર્વ કુંવરપણે, ⦁ાા લાખ રાજ્ય, ને ⦁ા લાખ પૂર્વ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી ૩ માસે કે० થયું; (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૧૧) ૧૦ મા પછી, ૧ ક્રોડ સા० માં ૧૦૦ સા० ૬૬૨૬૦૦૦ વર્ષ ઉણા ને આંતરે ૧૧ મા શ્રી **શ્રેયાંશનાથ સ્વામી** સિંહપુરીમાં થયા; વિશ્નુરાજા પિતા, વિશ્નુદેવી રાણીમાતા, હેમવર્ણે, ગેંડાનું લંછન, ૮૦ ધ० નું દેહમાન, ૮૪ લાખ વર્ષનું આ० તેમાં ૨૧ લાખ કુંવરપણે, ૪૨ લાખ રાજ્ય, ને ૨૧ લાખ વર્ષ પ્રવર્જ્યા પાળી; પ્રવર્જ્યા લીધા પછી બે માસે કેવ० થયું; (તે પછીના બોલ (૨) જા મુજબ.)

(૧૨) ૧૧ મા પછી ૫૪ સા० ને આંતરે ૧૨ મા શ્રી **વાસુપુજ્ય સ્વામી** શ્રી ચંપાપુરીમાં થયા; વસુપુજ્ય રાજા પિતા, જયાદેવી રાણી માતા, રાતેવર્ણે, ભેંસનું લંછન, ૭૦ ધ० નું દેહમાન, ૭૨ લાખ વર્ષનું આ० તેમા ૧૮ લાખ કુંવરપણે, ૫૪ લાખ

વર્ષ પ્રવજ્યાં પાળી; પ્ર૦ લીધા પછી ૧ માસે કે૦ થયું; તે પછી ઉપર પ્રમાણે ૬૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૧૩) ૧૨ મા પછી ૩૦ સા૦ ને આંતરે ૧૩ મા **શ્રી વિમળનાથ સ્વામી,** કંપિલપુરમાં, કૃતવર્મ રાજા પિતા, સામાદેવી રાણી માતા; હેમવર્ણે, સુયરનું લંછન, ૬૦ ધ૦ નું દે૦, ૬૦ લાખ વર્ષ આ૦ તેમાં ૧૫ લાખ કુંવરપણે, ૩૦ લાખ રાજ્ય ને ૧૫ લાખ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૨ માસે કે૦ ઉપજ્યું, (તે પછીના બોલ (૧૨) મા પ્રમાણે.)

(૧૪) ૧૩ મા પછી ૯ સા૦ ને આંતરે ૧૪ મા **શ્રી અનંતનાથ સ્વામી;** અયોધ્યાનગરી, સિદ્ધસેન રાજા પિતા, સુજસાદેવી રાણી માતા; હેમવર્ણે, સકરાનું લંછન, ૫૦ ધ૦ નું દેહમાન, ૩૦ લાખ વર્ષનું આ૦ તેમાં ૭ા લાખ વર્ષ કુંવરપણે, ૧૫ લાખ રાજ્ય, ને ૭ા લાખ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૩ માસે કે૦ થયું, તે પછી ઉપર પ્રમાણે ૭૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૧૫) ૧૪ મા પછી ૧૫ મા શ્રી **ધર્મનાથ સ્વામી,** ૪ સા૦ ને આંતરે; રત્નપુરીમાં; ભાનુ રાજા પિતા, સુવ્રતાદેવી રાણી માતા, હેમવર્ણે, વજ્રનું લંછન, ૪૫ ધ૦ નું દેહ૦ ૧૦ લાખ વર્ષ આ૦, તેમાં ૨ા લાખ કુંવરપણે, ૬ા લાખ રાજ્ય, ને ૧ લાખ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૨ માસે કે૦ પામ્યા, તે પછી ઉપર મુજબ ૮૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૧૬) ૧૫ મા પછી ૧૬ મા શ્રી **શાંતિનાથ સ્વામી** ૩ સા૦ માં ૦ાા પલ્ય ઉણીને આંતરે, હસ્તિનાગપુરમાં થયા; વિશ્વસેન

રાજા પિતા, અચિરાદેવી રાણી માતા, હેમવર્ણે, મૃગનું લંછન, ૪૦ ધ૦ નું દે૦ ૧ લાખ વર્ષ આ૦ તેમાં ા કુંવરપણે, ાા રાજ્યમાં, ને ા લાખ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૧ માસે કેવ૦ પામ્યા, તે પછી ઉપર પ્રમાણે ૯૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા.

(૧૭) ૧૬ મા પછી ૧૭ મા શ્રી કુંથુનાથસ્વામી, ાા પલ્યને આંતરે ગજપુરમાં; સુરરાજા પિતા, સુરાદેવી રાણી માતા, હેમવર્ણે, છગલ (બોકડા) નું લંછન, ૩૫ ધ૦ નું દે૦, ૯૫૦૦૦ વર્ષ આ૦, તેમાં ૨૩ાાા હજાર વર્ષ કુંવરપણે, તેટલાંજ વર્ષ રાજ્ય, તેટલાંજ વર્ષ ચક્રવર્ત્તિની પદવી ભોગવી, ને તેટલાંજ વર્ષ પ્રવ્રજ્યા પાળી; પ્ર૦ લીધા પછી ૧૬ માસે કે૦ પામ્યા; (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૧૮) ૧૭ મા પછી, ા પલ્યમાં ૧ ક્રોડને ૧૦૦૦ વર્ષ ઉણાંને આંતરે ૧૮ મા શ્રી અરનાથ સ્વામી નાગપુરમાં થયા; સુદર્શન રાજા પિતા, દેવકીદેવી રાણી માતા, હેમવર્ણે, નંદાવર્ત સાથીયાનું લંછન, ત્રીશ ધનુષ્યનું દે૦, ૮૪૦૦૦ વર્ષનું આ૦, તેમાં ૨૧૦૦૦ વર્ષ કુંવરપણે, તેટલાંજ રાજ્યમાં, તેટલાંજ વર્ષ ચક્રવર્ત્તિની પદવી ભોગવી, ને તેટલાંજ વર્ષ પ્રવ્રજ્યા પાળી; પ્રવ્રજ્યા લીધા પછી, ૩ માસે કે૦ પામ્યા; (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૧૯) ૧૮ મા પછી ૧ ક્રોડને ૧૦૦૦ વર્ષને આંતરે ૧૯ મા શ્રી મલ્લિનાથ સ્વામી; મિથિલાનગરી, કુંભરાજા પિતા, પ્રભાવતી રાણી માતા, નીલવર્ણે, કળસાનું લંછન, ૨૫ ધ૦ નું દે૦, ૫૫ હજાર વર્ષ આ૦ તેમાં ૧૦૦ વર્ષ કુંવરપણે, અને બાકીનાં વર્ષ

પ્રવર્જ્યા પાળી; પ્ર૦ લીધા પછી ત્રીજે પહોરે કે૦ પામ્યા; તે પછી ઉપર પ્રમાણે ૫૦૦ સાધુ અને ૫૦૦ સાધ્વી સાથે મોક્ષ પધાર્યા.

(૨૦) ૧૯ મા પછી ૫૪ લાખ વર્ષને આંતરે ૨૦ મા શ્રી **મુનિસુવૃત્ત સ્વામી**, રાજગૃહી નગરીને વિષે થયા; સુમિત્ર રાજા પિતા, પદ્માવતી રાણી માતા, શ્યામવર્ણે, કાચબાનું લંછન, ૨૦ ધ૦ નું દે૦, ૩૦૦૦૦ વર્ષનું આ૦ તેમાં ૭૫૦૦ વર્ષ કુંવરપણે, ૧૫૦૦૦ વર્ષ રાજ્ય, ને ૭૫૦૦ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૧૧ માસે કે૦ પામ્યા; (તે પછીના બોલ (૨) જા પ્રમાણે.)

(૨૧) ૨૦ મા પછી ૭ લાખ વર્ષને આંતરે ૨૧ મા શ્રી **નમીનાથ સ્વામી**, મથુરા નગરીમાં; વિજયરાજા પિતા, વિપુલા દેવી રાણી માતા, હેમવર્ણે; નીલોત્પલ કમળનું લંછન, ૧૫ ધ૦ નું દે૦, ૧૦૦૦૦ વર્ષનું આ૦, તેમાં ૨૫૦૦ વર્ષ કુંવરપણે, ૬૫૦૦ વર્ષ રાજ્યમાં, ૧૦૦૦ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૯ માસે કે૦ ઉપજ્યું; (તે પછીના બોલ (૨) જા મુજબ.)

---

(૨૨) ૨૧ મા પછી ૫ લાખ વર્ષને આંતરે ૨૨ મા શ્રી **નેમનાથ સ્વામી** સોરીપુરમાં; સમુદ્રવિજય રાજા પિતા, શિવાદેવા રાણી માતા, શ્યામવર્ણે, શંખનું લંછન, ૧૦ ધ૦ નું દે૦, ૧૦૦૦ વર્ષનું આ૦, તેમાં ૩૦૦ વર્ષ કુંવરપણે, ૭૦૦ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૫૪ દિવસે કે૦ પામ્યા; તે પછી ઉપર પ્રમાણે, ૫૩૬ સાધુ સંઘાતે સ્વામી નિર્વાણ પામ્યા.

(૨૩) ૨૨ મા પછી ૮૩॥ હજાર વર્ષને આંતરે ૨૩ મા **શ્રી પાર્શ્વનાથ સ્વામી** વણારસી નગરીને વિષે થયા; અશ્વસેન

રાજા પિતા, વામાદેવી રાણી માતા, નીલેવર્ણે, સર્પનું લંછન, નવ હાથનું દે૦, ૧૦૦ વર્ષનું આ૦ તેમાં ૩૦ વર્ષ કુંવરપણે ૭૦ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૮૪ દહાડે કે૦ પામ્યા; (તે પછીના બોલ (૨) જા મુજબ.)

(૨૪) ૨૩ મા પછી ૨૫૦ વર્ષને આંતરે ૨૪ મા શ્રી મહાવીર (વર્દ્ધમાન) સ્વામી, ક્ષત્રિકુંડ ગ્રામને વિષે થયા; સિદ્ધાર્થ રાજા પિતા, ત્રિશલાદેવી રાણી માતા, હેમવર્ણે, સિંહનું લંછન, ૭ હાથનું દે૦, ૭૨ વર્ષનું આ૦, તેમાં ૩૦ વર્ષ કુંવરપણે, ૪૨ વર્ષ પ્ર૦ પાળી; પ્ર૦ લીધા પછી ૧૨॥ વર્ષને ૧૫ દિવસે કે૦ પામ્યા; તે પછી ઉપર પ્રમાણે, આશો વદિ અમાવાસ્યાની રાત્રે પાવાપુરી નગરીમાં ૪ થા આરાના ૩ વર્ષને ૮॥ માસ બાકી રહ્યા ત્યારે બે દિવસનો સંથારો કરી, એકાકીપણે મોક્ષ પધાર્યા.

પહેલા અને ૨૪ મા તિર્થંકર દેવની વચ્ચે, એક કોડાકોડ સાગર ઝાઝેરામાં ૪૨૦૦૦ વર્ષ ઉણાનું આંતરૂં જાણવું.

શ્રી બત્રીશ સુત્રનાં નામઃ—

(૧૧) અંગઃ—૧ આચારાંગ, ૨. સુયગડાંગ, ૩. ઠાણાંગ, ૪. સમવાયાંગ, ૫. ભગવતીજી (વિવિહાપન્નંતી), ૬ જ્ઞાતાજી, ૭. ઉપાસકદશાંગ, ૮. અંતગડ દશાંગ, ૯. અનુત્તરોવવાઇ, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાકસુત્ર.

(૧૨) ઉપાંગ—૧. ઉવવાઇ, ૨. રાયપ્પસેણી, ૩. જીવાભિગમ, ૪. પન્નવણા, ૫. જંબુદ્વિપ પંન્નતિ, ૬. ચંદ્ર પન્નંતિ ૭.

સૂર્ય પન્નંતિ, ૮. નિરાવળીઆ, ૯. કપ્પવડિંસયા, ૧૦. પુંફ્યા, ૧૧. પુપ્ફચુલિયા, ૧૨. વન્હિદશા.

(૪) મૂળસૂત્રઃ—૧. નંદીસુત્ર, ૨. અનુયોગદ્વાર, ૩. દશવિકાલિક, ૪. ઉત્તરાધ્યયન.

(૪) છેદસૂત્રઃ—૧. દશાશ્રુતસ્કંધ, વ્યવ્હારસુત્ર, ૩. મહાનિશિથ, ૪. બૃહત્કલ્પ. એ સર્વ મળી ૩૧ તથા ૩૨ મું "આવશ્યક."

બત્રીશ—અસઝાય.

(૧) નજીકમાં હાડકાં પડયાં હોય. (૨) માંસ પડયું હોય, (૩) લોહી પડયું હોય. (૪) વિષ્ટા પડી હોય. (૫) સ્મશાન હોય. (૬) ચંદ્ર ગ્રહણ હોય. (૭) સૂર્ય ગ્રહણ હોય. (૮) મોટું (પ્રખ્યાત) માણસ ગૂજરી ગયું હોય. (૯) રાજ્યમાં વિઘ્ન હોય. (૧૦) નજીકમાં પચેન્દ્રિનું કલેવર (શબ = મુડદું) હોય. (૧૧) તારા ખર્યા હોય (૧૨) દશે દિશા રાતી થઇ હોય (દિશા પડી હોય) (૧૩) અકાળે ગર્જના (મેઘના) થાય. (૧૪) અકાળે વીજળી થાય. (૧૫) અકાળે કડાકા થાય. (૧૬) બાળચંદ્રમા (બીજના ચંદ્રમાને રોજ ચાર ઘડી) (૧૭) આકાશમાં નવીન ચિન્હ થાય. (૧૮) ધુમસ પડતી હોય. (૧૯) ઠાર તથા ઝાકળ પડતી હોય. (૨૦) ઘણો તોફાની પવન વાતો હોય. (૨૧) અશાડ શુદિ ૧૫ ને રોજ (૨૨) અસાડ વદિ ૧ (૨૩) ભાદ્રપદ શુદિ ૧૫. (૨૪) ભાદ્રપદ (ભાદરવા) વદિ ૧. (૨૫) કાર્તિક શુદિ ૧૫ (૨૬) કાર્તિક વદિ ૧ (૨૭) ચૈત્ર શુદિ ૧૫. (૨૮) ચૈત્ર વદિ ૧ (૨૯) પ્રભાતે બે ઘડી સુધી (સૂર્યોદય પછી) (૩૦)

મધ્યાન્હે બે ઘડી સુધી. (૩૧) સાંજે બે ઘડી સુધી (સુર્યાસ્ત પછી) (૩૨) મધ્ય રાત્રિએ બે ઘડી સુધી.

☛ શ્રીસુત્ર, સિદ્ધાંત, તેમજ આવાં જ્ઞાનનાં પુસ્તકો, ઉપરની બત્રીશ અસજ્ઝાય ટાળીને વાંચવાં; તેમજ ઉઘાડે મુખે તથા (તેના નિમિતે કરીને) દીવાને અજવાળે વાંચવાં નહિ.

" "શ્રાવક" ના ૨૧ ગુણ

જાણો તો ખરા!"

ચોપાઇ—ચુંટણી.

સરસ્વતી ચર્ણું નમાવું શિશ, શ્રાવકના ગુણ કહું એકવીશ;
પહેલે બોલે લજ્જા ધરે, બીજે બોલે દયા આદરે— ૧
આનંદકારી, પ્રસન્ન ચિત્ત, આગમ વચન વિશ્વાસે નિત્ય;
ટાંકે વળી પરાયા દોષ, પર ઉપકારી, સજે સંતોષ— ૨
સૌમ્ય નજર, સમદ્રષ્ટિ જુએ, અવગુણ ઢાંકીને ગુણ લીએ;
બોલે મધુર વચન જન ઇષ્ટ, દીર્ઘ વિચારી હોય ગરિષ્ટ— ૩
ચાલે નિત્ય ભલી પરે સદા, નિર્મળ બુદ્ધિ વસાવે હદા;
કીધો ગુણ ન વિસારે જેહ, દયા ધર્મ લઇ લીનો તેહ:— ૪

નહિ દીન, નહિ મુખ અહંકાર, નહિ લોપે કુળનો આચાર;
વંદે જીન દર્શન સંજતિ, ન ચળે કૃષ્ણ પરે સમકિતી— ૫
પાપ કર્મનો મારગ તજે, જીનની આજ્ઞા મનમાં ભજે;
એ એકવીશ ગુણ પ્રમાણ, ધન્ય ધન્ય શ્રાવક તેહ સુજાણ. ૬

શ્રી અલ્પબહુત્વદ્વાર ૯૮ બોલનો.

૧. સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય.
૨. મનુષ્યણી સંખેજ્જ ગુણી.
૩. બાદર તેઉકાય પર્યાપ્તાના અસંખેજ્જગુણા.
૪. અનુત્તર વિમાનના દેવતા અ૦
૫. ઉપલી ત્રીકના દેવતા સં૦
૬. મધ્યમ ત્રીકના દેવતા સં૦
૭. હેઠલી ત્રીકના ,, ,,
૮. બારમા દેવ૦ ના ,, ,,
૯. ૧૧ મા ,, ,, ,,
૧૦. ૧૦ મા ,, ,, ,,
૧૧. ૯ મા ,, ,, ,,
૧૨. ૭ મી નર્કના નારકી અસં૦
૧૩. છઠ્ઠી ,, ,, ,,
૧૪. ૮ મા દે૦ ના દેવતા ,,
૧૫. ૭ મા ,, ,, ,,
૧૬. ૫ મી નર્કના નારકી ,,
૧૭. છઠ્ઠા દે૦ ના દેવતા ,,
૧૮. ચોથીનર્કના નાર્કી ,,
૧૯. ૫ મા દે૦ ના દેવતા ,,
૨૦. ત્રીજી નર્કના નાર્કી ,,
૨૧. ચોથા દે૦ ના દેવતા ,,
૨૨. ત્રીજા ,, ,, ,, ,,
૨૩. બીજી નર્કના નાર્કી ,,
૨૪. સમુર્છિમ મનુષ્ય ,,
૨૫. બીજા દે૦ ના દેવતા ,,
૨૬. ,, ,, દેવી સં૦
૨૭. પહેલા દે૦ ના દેવતા ,,
૨૮. ,, ,, દેવી ,,
૨૯. ભવનપતિ દેવતા અસં૦ ,,

૩૦. ,, દેવી સં. ,,
૩૧. પહેલી નર્કના નાર્કી અસં.
૩૨. ખેચર પુરૂષ ,,
૩૩. ,, સ્ત્રી સં૦
૩૪. થળચર પુરૂષ ,,
૩૫. ,, સ્ત્રી ,,
૩૬. જળચર પુરૂષ ,,
૩૭. ,, સ્ત્રી ,,
૩૮. વ્યંતર દેવતા સં.
૩૯. ,, દેવી ,,
૪૦. જ્યોતિષી દેવતા ,,
૪૧ ,, દેવી ,,
૪૨. ખેચર નપુંસક ,,
૪૩. થળચર ,, ,,
૪૪. જળચર ,, ,,
૪૫. ચૌરેન્દ્રિય પર્યાપ્તા ,,
૪૬. પંચેંદ્રિ પ૦ વિશેષાહીયા.
૪૭. બેઇંદ્રી ,, ,,
૪૮. તેઇંદ્રી ,, ,,
૪૯. પચેંદ્રિ અપ૦ અસં૦
૫૦. ચૌરેન્દ્રી ,, ,,
૫૧. તેઇંદ્રી ,, ,,

૫૨. બે ઇંદ્રી ,, ,,
૫૩. બાદર-પ્રત્યેક વનસ્પતિ પર્યાપ્તા અસં૦
૫૪. બાદર નિગોદીયા પ૦ અસં૦
૫૫. ,, પૃથ્વીકાય ,,
૫૬. ,, અપકાય ,,
૫૭. ,, વાઉકાય ,,
૫૮. ,, તેઉકાય અપ૦ ,,
૫૯. ,, પ્રત્યેક વન૦ ,,
૬૦. ,, નિગોદીયા ,,
૬૧. ,, પૃથ્વીકાય ,,
૬૨. ,, અપકાય ,,
૬૩. ,, વાઉકાય ,,
૬૪. ,, સુક્ષ્મ તેઉ૦ ,,
૬૫. ,, ,, પૃથ્વી૦ ,,
૬૬. ,, ,, અપકાય ,,
૬૭. ,, ,, વાઉ૦ ,,
૬૮. ,, તેઉ૦ પ૦ સ૦
૬૯. ,, પૃથ્વી ,, વિ૦
૭૦. ,, ,, અપ૦ ,,
૭૧. ,, ,, વાઉ૦ ,,
૭૨. ,, નિગોદીયા અપ. અસં
૭૩. ,, ,, પ૦ સં૦

૭૪. અભવ્ય અનંતગુણા ,,
૭૫. પડિવાઇ સમદ્દિઠી ,,
૭૬. સિદ્ધ ભગવંતજી ,,
૭૭. બાદર વન૦ ૫૦ ,,
૭૮. પર્યાપ્તા (સમુચ્ચય) વિં૦
૭૯. ,, વન૦ અપ૦ અસં૦
૮૦. ,, અપ૦ વિ૦
૮૧. ,, (સમુચ્ચય) ,,
૮૨. સુક્ષ્મ વન૦ ૫૦ સં૦
૮૩. ,, અપ૦ (સમુચ્ચય) વિ૦
૮૪. ,, વન૦ ૫૦ સં૦
૮૫ ,, ૫૦ (સમુચ્ચય) વિં૦
૮૬. ,, (સમુચ્ચય) ,,
૮૭. ,, ભવ સિદ્ધિયા ,,
૮૮. ,, નિગોદીયા જીવ
૮૯. વનસ્પતિ ,, ,,
૯૦. એકેંદ્રી ,, ,,
૯૧. તિર્યંચ ,, ,,
૯૨. મિથ્યાદ્રાષ્ટિ ,, ,,
૯૩. અવિરતિ ,, ,,
૯૪. સકષાયી ,, ,,
૯૫. છદ્મસ્થ ,, ,,
૯૬. સજોગી ,, ,,
૯૭. સંસારી ,, ,,
૯૮. સર્વ ,, ,,

૮૪ લક્ષ જીવાયોનિ વિષે.

કુંડળિયો.

લક્ષચોરાસી યોનિમેં, મૂંગા બાવન્ન લાખ,
બત્રીશ કહીએ બોલતા, ચોપનને નહિ નાક;
ચોપનને નહીં નાક, ત્રીશ લાખ નાક વખાણું,
છપ્પન આંખે હીણુ, અઠ્ઠાવીશ દેખતા જાણું;
છવ્વીશ કાને સાંભળે, અઠાવન કાને હીણા કહ્યા,
કવિ સુરસંગ વિનતિ કરે, ચોરાશી લાખ જીવાયોનિ એમ થયા.

" બિન દયા મોક્ષ નહીં પાવે ! "

રાગ–બનજારો.

ક્યું નાહક કષ્ટ ઉઠાવે, બિન દયા મોક્ષ નહીં પાવે (૨)–ટેક.

કોઇ રહે ઉંધે શિર લટકે, ઘર છોડ તિરથકું ભટકે;
કોઈ ગંગાજલમેં ન્હાવે. બિન૦ ૧

કોઈ જોગી તપે સન્યાસી, રહે બનકે બનમેં ઉદાસી;
કોઈ કંદમુળ ફળ ફુલ ખાવે. બિન૦ ૨

કોઇ ગોકુળ મથુરાં કાશી, જગન્નાથ રામેશ્વર વાશી;
કોઇ દ્વારિકા છાપ લગાવે. બિન૦ ૩

કોઇ તપે પંચ અગ્નિકું, કોઇ સાધે દ્રઢ આસનકું;
કોઇ ઠાડે હાથ ઉઠાવે. બિન૦ ૪

કોઈ દુસુન્દ્રા કાન ફ્ડાવે, શિર મુંડી જટા વધારે;
કોઇ તન વસ્ત્ર ખાખ રમાવે. બિન૦ ૫

વજુદાની નમાજ પુજારે, રહે રોજાં બાંગ પુકારે;
કેઇ તસ્બીર હાથ ફીરાવે. બિન૦ ૬

કોઈ પુજે મુરત સંધ્યા ધ્યાવે, વડ પીપળ તુલસી પુજાવે.
કોઇ સાખી, પદ, કથા સુનાવે. બિન૦ ૭

તાલ, મર્દંગ, ઢોલક બજાવે, પગફેર ઘુઘરીયાં રીઝાવે,
અમીરખ કહે, નાહક જન્મ ગુમાવે ! ! બિન૦ ૮

બ્રહ્મચર્યની નવ વાડ.

દોહરા.

પહેલે સ્ત્રી સંગ ન કીજીએ, બીજે ન કરીએ વાત;
ત્રીજે સ્ત્રીને આસને, બેશીએ બે ઘડી જાત. ૧
ચોથે રૂપ ન નીરખીએ, ન કરીએ નારાનો નેહ;
પાંચમે ભીંતને આંતરે, સાધુ ન રહે તસ ગેહ. ૨
છઠે સુખ સંસારનાં, વળી વિલસ્યાં હોય જેહ;
'સિદ્ધારથ સુત' એમ કહે, મુનિ ન સંભારે તેહ. ૩
સાતમે સરસ અહારની, લોલચ ન કરે લગાર;
આઠમી વાડે એમ કહ્યું, અધિક ન કરવો અહાર. ૪
વળી વિલેપન નવ કરે, ન કરે શરીર શણગાર;
ત્રિકરણ શુદ્ધે આરાધતાં, પામીએ ભવનો પાર. ૫

શ્રી છ આરાના બોલ.

(૧) પહેલો આરો—૪ કોડાકોડી સાગરોપમનો, સુસમ સુસમ એટલે એકલું સુખમાં સુખ; ૩ ગાઉનું દેહમાન, ૩ પલ્યોપમનું આઉખું; ૨૫૬ પાંસળી; ધરતીની સરસાઇ સાકર સરખી; (દરેક આરો ઉતરતાંનું દેહમાન, આઉખું, પાંસળી, ત્યા ધરતીની સરસાઇ, તે પછીનો આરો બેસતાં જે હોય તે જાણવી,) વજ્રઋષભ ના-

રાચ સંઘયણ, સમચઉરસ સંઠાણ, ત્રણ દિવસને આંતરે અહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે અહાર કરે; અને તેમ ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ મનવંછિત સુખ પહોંચાડે: ત્રણ આરા સુધી જુગલીયાં (એક પ્રકારનાં મનુષ્ય) હોય છે, તેના આઉખાં આડા છ માસ રહે ત્યારે પરભવનું આઉખું બાંધે, ત્યારે જુગલણી એક જોડલું પ્રસવે, તે છોરૂનું પ્રતિપાલન ૪૯ દિવસ કરે. સ્ત્રી પુરૂષને ક્ષણ માત્રનો વિયોગ ન પડે. એક ને છિંકને એકને બગાસું આવે એટલે મરીને દેવતાની ગતિમાં જાય. તેમનાં શરીરનું નિહરણ દેવતા કરે. તેમને વૈર, વિરોધ, ઇર્ષ્યા, ઝેર હોતાં નથી.

(૨) **બીજો આરો**—બેસતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પંર્જવ અનંતા હીણા થયા; ૩ ક્રો૦ સા૦ નો, સુસમ એટલે એકલું સુખ; બે ગાઉનું દેહમાન, બે પલ્યોપમનું આ૦; ૧૨૮ પાંસળી, બે દિવસને આંતરે અહારની ઇચ્છા ઉપજે, તે વારે શરીર પ્રમાણે અહાર કરે; ધરતીની સરસાઇ ખાંડ સરખી; ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષ મનવંછિત સુખ પહોંચાડે; સંઘયણ, સંઠાણ, અને બાકીના બોલ (૧) લા પ્રમાણે; પરંતુ છોરૂની પ્રતિપાલણા ૬૪ દિવસ કરે.

(૩) **ત્રીજો આરો:**—બેસતાં વર્ણ૦ ના પર્જવ અનંતાહીણા થયા; આ આરો ૨ ક્રો૦ સા૦ નો, સુસમ દુસમ એટલે સુખ ઘણું ને દુઃખ થોડું; ૧ ગાઉનું દે૦ ને ૧૫૦ નું આ૦, ૬૪ પાંસળી, એકાંતર અહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે અહાર કરે, ધરતીની સરસાઇ ગોળ સરખી; બાકીના બોલ (૨) જા પ્રમાણે; પરંતુ છોરૂનું પ્રતિપાલન ૭૯ દિવસ કરે.

એ ત્રણ આરામાં જરા, રોગ, કુરૂપ હોય નહીં, સંપુર્ણ અંગોપાંગ, વિષય સુખ પામે, તે દાનપુન્યનાં ફળ જાણવાં. ત્રીજા આરામાં ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ ને ૮॥ માસ બાકી રહ્યા તે વારે, સર્વાર્થસિદ્ધ વિમાન થકી, ૩૩ સાગરનું આ૦ ભોગવીને વનિતા નગરી, નાભિ કુલગર રાજા પિતા, મરૂદેવી માતાની કુંખે **શ્રી ઋષભદેવ સ્વામી** ઉંપન્યા; ૯॥ માસે જન્મ્યા; પ્રથમ ઋષભનું સ્વપ્ન દેખીને **ઋષભદેવ** નામ દીધું. તેમણે જુગલીયાં ધર્મ નિવારીને અસિ, મસિ, કૃષિ આદિ ૭૨ કળા શીખવી; અનુકંપા નિમિતે ૨૦ લાખપૂર્વ સુધી કુંવરપણે, ને ૬૩ લાખપૂર્વ રાજ્ય પાળ્યું; ભરતને રાજ્ય આપીને ૪૦૦૦ સાધુ સાથે સંજમ લીધો તે એક લાખપૂર્વ પાળ્યો. કેવળ પામીને અષ્ટાપદ પર્વત્ત ઉપર પદ્માસને બેશીને ૧૦૦૦૦ સાધુ સાથે મોક્ષ પધાર્યા. ત્રીજા આરામાં ગતિ ૫ જાણવી.

(૪) ચોથો આરો:—બેસતાં અનંતા પર્જવ વર્ણ વિગેરેના હીણા થયા. એ આરો ૧ કો૦ સા૦ માં ૪૨૦૦૦ વર્ષ ઉણાં (ઓછાં) નો જાણવો. દુસમ સુસમ, એટલે દુઃખ ઘણું ને સુખ થોડું; ૫૦૦ ધનુષ્યનું દેહમાન, ક્રોડ પૂર્વનું આઉખું; ૭ સંઘયણ ને ૭ સંઠાણ; ૩૨ પાંસળી; દિન દિન પ્રત્યે (રોજને રોજ) અહારની ઇચ્છા ઉપજે; ત્યારે પુરૂષ ૩૨ કવળ, સ્ત્રી ૨૮ નેં નપુંસક ૨૪ કવળનો અહાર કરે, ધ૦ ની સરસાઇ સારેરી ઉતરતે આરે થોડેરી; એ આરાનાં છેવટ ૭૫ વર્ષને ૮॥ માસ બાકી રહ્યા, ત્યારે ૧૦મા દેવલોકે ૨૦ સાગરોપમનું આ૦ ભોગવીને, માહણ કુંડ નગર (બ્રાહ્મણ કુંડ) ઋષભદત્ત બ્રાહ્મણને ઘરે **દેવાનંદાંજીની કુખે શ્રી મહાવીર સ્વામી** ઉપન્યા

ત્યાં ૮૨॥ રાત્રિ રહ્યા; ૮૩ મી રાત્રે શક્રેંદ્રનું આસન ચળ્યું, તેથી સક્રેંદ્રે ઉપયોગ મુકીને જોયું, તો પ્રભુને ભિક્ષુક કુળે ઉપન્યા દીઠા. અનંતે કાળે અછેરૂં થયું તેથી તેમણે હરણુ ગમેષી દેવતાને, સ્વામીનો ગર્ભ સારવા, અને ક્ષત્રિકુંડ ગામને વિષે સિદ્ધાર્થ રાજા, ત્રિશલાદેવી ક્ષત્રિયાણી–રાણીની કુંખે મૂકવા, તથા ત્રિશલાદેવીની કુખે પુત્રીનો ગર્ભ છે તે દેવાનંદાજીની કુંખે મૂકવા હુકમ કર્યો. તેથી તે દેવતાએ જઇ, સ્વામી ગર્ભમાં છે ત્યાં જઇને કહ્યું કે " સ્વામી રૂડું જાણજો; હું આપનો ગર્ભ સારૂં છું; " તે પછી સારીને ત્રિ૦ ની કુંખે ગર્ભ મૂકયો; ત્યાં સ્વામી સર્વ મળીને ૯ા માસે જન્મ્યા; ૩૦ વર્ષ ગૃહવાસ રહ્યા, એકાકીપણે સંજમ લીધો, ૧૨॥ વર્ષ ને ૧૫ દિન સુધી આકરા તપ કરીને સ્વામી કેવળજ્ઞાન ને કેવળદર્શન પામ્યા; ૭૨ વર્ષનું આ૦ ભોગવીને, ચોથા આરાના ૩ વર્ષ ને ૮॥ માસ બાકી રહ્યા તે વારે મોક્ષ પધાર્યા; આ આરામાં ગતિ ૫; શ્રી મહાવીર સ્વામી મોક્ષ પધાર્યા તેજ વખતે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યું, તેઓ ૧૨ વર્ષ સુધી કેવળ પ્રવર્જ્યા પાળીને નિર્વાણ પધાર્યા, તેજ વખતે સુધર્મા સ્વામીને કે૦ ઉપજ્યું; તેઓ ૮ વર્ષ કે૦ પ્રવર્જ્યા પાળીને મોક્ષ પધાર્યા તે વારે જંબુ સ્વામી કેવળ પામ્યા. તેઓ ૪૪ વર્ષ કેવળ પ્રવર્જ્યા પાળીને નિર્વાણ પધાર્યા. એ રીતે મહાવીર સ્વામી પછી ૬૪ વર્ષ ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાન રહ્યું. ચોથા આરાનો જન્મેલો પાંચમામાં મોક્ષ જાય, પણ પાંચમા આરામાં જન્મેલો, પાંચમામાં મોક્ષ જાય નહીં. શ્રી જંબુ સ્વામી મોક્ષ પહોંચ્યા પછી ૧૦ બોલ વિચ્છેદ ગયાઃ—૧. પરમ અવધિ જ્ઞાન, ૨. મનઃપર્યવ જ્ઞાન, ૩. કેવળજ્ઞાન, ૪. પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ૫. સુક્ષ્મ સંપરાય ને ૬.

જથાખ્યાત ચારિત્ર, ૭. પુલાક લબ્ધિ, ૮. ક્ષાયક સમકિત, ૯ અહારક શરીર ને ૧૦. જીનકલ્પી સાધુ.

(૫) પાંચમો આરોઃ—બેસતાં વર્ણવિ૦ ના અનંતા પર્જવ હીણા થયા; આ આરો દુસમ એટલે એકલું દુઃખ; ૨૧૦૦૦ વર્ષનો; ૭ હાથનું દે૦, ૧૨૫ વર્ષનું આ૦ ૬ સંઘયણ ને ૬ સંઠાણ, ઉતરતે આરે ૧ છેવટ્ઠુ સંઘયણ, ને ૧ હુંડ સંઠાણ; ૧૬ પાંસળી, દિન દિન પ્રત્યે અહારની ઇચ્છા ઉપજે, ત્યારે શરીર પ્રમાણે અહાર કરે, ધરતીની સરસાઇ કાંઇક સારેરી, ઉતરતે આરે કુંભારના નીંભાડાની ક્ષાર સરખી; એ આરે ગતિ ૪, મોક્ષ અટકી.

પાંચમા આરાનાં લક્ષણ:—૧. મોટા નગર તે ગામડા સરીખાં થશે; ૨. ગામ તે મસાણ સરીખાં; ૩. ભલા કુળના છોરૂ તે દાસ દાસીપણા કરશે; ૪. પ્રધાન તે લાલચુ થાશે, ૫. રાજા તે જમદંડ સરખા; ૬. ભલા કુળની સ્ત્રી તે લજ્જા રહિત થશે, ૭ રૂડા કુળની સ્ત્રી વેશ્યા સરખી થશે, ૮. પુત્રો સ્વછંદી થશે, ૯. શિષ્ય ગુરૂના અપવાદ બોલશે, ૧૦. દુર્જન સુખી થશે, ૧૧ સજ્જન દુઃખી થશે, ૧૨. દુર્ભક્ષ, ને દુષ્કાળ ઘણા પડશે; ૧૩ ઉંદર, સર્પાદિકની દાઢ ઘણી થશે, ૧૪. બ્રાહ્મણ અર્થના લોભી થશે; ૧૫. હિંસાધર્મના પરૂપક ઘણા થશે; ૧૬. એક ધર્મના ઘણા ભેદ થશે; ૧૭. મિથ્યાત્વી દેવતા ઘણા પુજાશે; ૧૮. મિથ્યાત્વી લોક ઘણા થશે; ૧૯. માણસને દેવદર્શન દુર્લભ થશે; ૨૦. વિદ્યાધરના વિદ્યાના પ્રભાવ થોડા હોશે; ૨૧. ગોરસ, દૂધ, દહીંમાં સરસાઇ થોડી હોશે; ૨૨. બળદ પ્રમુખનાં બળ આઉખાં થોડાં હોશે; ૨૩. સાધુ સાધ્વીને માસ કલ્પ તથા ચાતર્માસ કર્યા જેવાં ક્ષેત્ર થોડાં હોશે; ૨૪. શ્રાવકના ૧૧

પડિમા ને સાધુની ૧૨ પડિમા વિચ્છેદ જાશે, ૨૫. ગુરૂ શિષ્યને ભણાવશે નહીં, ૨૬. શિષ્ય અવિનિત, કલેશકારી હોશે; ૨૭ અધર્મી, ઝગડા કરનારા, કુમાણુસ ઘણાં હોશે; ૨૮. સુમાણુસ થોડાં; ૨૯. આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા સામાચારી જુદી જુદી પ્રવર્ત્તાવશે, તથા મૂઢ મુર્ખ જનને મોહ પમાડીને મિથ્યાત્વ પાસમાં પાડશે, ઉત્સુત્ર ભાંખશે; પોતપોતાની પ્રશંસામાં રાચશે; નંદક કુબુદ્ધિ હોશે; ૩૦. સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રમાણિક માણુસ થોડાં; ૩૧. મ્લેચ્છનાં રાજ્ય ઘણાં; ૩૨. હિંદુ રાજા અલ્પ ઋદ્ધિવાળા ને થોડા; ૩૩. મોટા કુળના રાજા નીચ કામ કરશે, અન્યાય, અધર્મ, કુવ્યસનમાં ઘણા રાચશે.

આ આરામાં ધાતુ સર્વે વિચ્છેદ જાશે, લોઢાની ધાતુ રહેશે; ચામડાની મ્હોરો ચાલશે; એવી મ્હોરો જેની પાસે હશે તે ધનવંત કહેવાશે; ૧ ઉપવાસ કરશે તે માસખમણુ સરખો થાશે; જ્ઞાન તથા સુત્ર સર્વે વિચ્છેદ જાશે; તેમાં દશવિકાળિકનાં, પહેલાં ૪ અધ્યયન રહેશે, તે ઉપર ૪ જીવ **એકાવતારી** થાશે તેનાં નામઃ—૧.'દુપસહ' નામે સાધુ, ૨. 'ફાલ્ગુણી' નામનાં સાધ્વી, ૩. નાગિલ શ્રાવક, ૪. નાગશ્રી શ્રાવિકા; અષાઢ શુદ ૧૫ ને દિને સક્રેંદ્રનું આસન ચળશે, તે વારે સક્રેંદ્ર ઉપયોગ મૂકી જોશે, કે આજ પાંચમો આરો ઉતરી કાલે છઠો આરો બેસશે; ત્યારે સક્રેંદ્ર આવી ઉપર કહ્યા ૪ જીવને કહેશે કે કાલે છઠો આરો બેસશે, માટે આળોવો, પડિકમો ને નિઃસલ્લ થાઓ; એટલે તે જીવ સર્વ જીવને ખમાવીને સંથારો કરશે, ત્યારે મહા સંવર્તક વાયરો થાશે, તેણે કરીને પહાડ, પર્વત,

ગઢ, બેટ, કોઠા, વાવ, કુવા, સરોવર, સર્વે વિસરાલ થાશે; વૈતાડ પર્વત, ગંગા, સિંધુ, ઋષભકુટ, ને લવણની ખાડી એ ૫ વર્જીને સર્વ સ્થાનક તુટી પડશે; તે ૪ જીવ સમાધિ પ્રણામે કાળ કરીને દેવલોકમાં જાશે. તે વારે ૪ બોલ વિચ્છેદ જાશેઃ—૧ પહેલે પહોરે જૈન ધર્મ, ૨. બીજે પહોરે ૩૬૩ પાખંડીના મિથ્યાત્વી ધર્મ, ૩. ત્રીજે પહોરે રાજનીતિ ૪. ચોથે પહોરે બાદર અગ્નિ, વિચ્છેદ જાશે.

(૬) **છઠ્ઠો આરોઃ**—બેસતાં વર્ણ વિગેરેના અનંતા પર્જવ હીણા થયા; ૨૧૦૦૦ વર્ષનો; 'દુસમ દુસમ' એટલે એકલું દુઃખમાં દુઃખ; ૧ હાથનું દે૦, ૨૦ વર્ષનું આ૦ ઉતરતે આરે મૂંઢા હાથની કાયા; ૧૬ વર્ષનું આ૦, ૧ છેવટુ સંઘયણ નેહુંડ સંઠાણ; ૮ પાંસળી, ઉતરતે આરે ૪ પાંસળી; છ વર્ષની સ્ત્રી ગર્ભ ધરશે; તે કાળા, કુદર્શની, રોગીને રીસાલ, નખને મોવાળા ઘણા, એવા છોકરા પ્રસવશે; તે કૂતરીની પેઠે પરિવાર ભેળો ફેરવશે, ગંગાસિંધુ નદીઓ રહેશે તેમાં ૭૨ બીલ છે, ૩૨ માલ છે, તેમાં મનુષ્ય; તિર્યંચ, પંખી બીજ માત્ર રહેશે; ગંગાસિંધુ નદીનો ૬૨ાા જોજનનો પોહોટ છે, તેમાં રથના ચીલા પ્રમાણે, પહોળું ને ગાડાની ધરી બુડે એટલું ઉંડું પાણી રહેશે, તેમાં મચ્છ કચ્છ ઘણા થશે; તે ૭૨ બીલના મનુષ્ય સાંજને સવારે મચ્છ કચ્છ કાઢીને વેળુમાં ભારશે, તે, સુર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેણે કરી સીઝવાઈ રહેશે તેનો અહાર કરશે: તેના હાડકાં ચામડાં, તિર્યંચ ચાટીને રહેશે; માનવીના માથાની તુંબલીમાં પાણી લાવીને પીશે; એ આરામાં નવકાર, સમકિત, વ્રત પચ્ચખાણ રહિત હશે તે અવતરશે એવું જાણી જે જીવ જૈન ધર્મ પાળશે તે સુખી થાશે.

મહાત્માનાં વચનામૃત.

પરચુરણ ઉપદેશી દોહરા વિગેરે.

દયા સુખની વેલડી, દયા સુખની ખાણ;
અનંતા જીવ મુગતે ગયા, દયાતણાં ફળ જાણ.— ૧
હિંસા દુઃખની વેલડી, હિંસા દુઃખની ખાણ;
અનંતા જીવ નર્કે ગયા, હિંસા તણાં ફળ જાણ.— ૨
ભેખ દેખી મત ભૂલજો, (પણ) ઓળખજો આચાર;
બુડશે તે કેમ તારશે, તારે, જે તરનાર!— ૩
ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય;
ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય— ૪
જેસેં જવરકે જોરસે, ભોજનકી રૂચિ જાત;
તેસેં કુકર્મ કે ઉદે, ધર્મ બચન ન સુહાત. ૫
ભાગ્ય હીનકું ના મિલે, ભલી વસ્તુકા ભોગ;
દ્રાખ ભખે તબ હોતહે, કાગ કંઠકું રોગ.— ૫
નીચું જોઇને ચાલતાં, ત્રણ ગુણ ગાઢા થાય;
કાંટો ટળે, દયા પળે, પડી વસ્તુ મિલજાય;
(અથવા)—પગ પણ નવ ખરડાય.— ૬
સીધી સાહી મોક્ષ દે, ઉલટી દુર્ગતિ દેત;
અક્ષર ત્રણને[1] ઓળખો, દો લઘુ ગુરૂ એક.— ૭

---

૧. સમતા.

તનકી તૃષ્ના સહી લહે, સવાશેર કે શેર;
મનકી તૃષ્ના નવ મીટે જો આને ઘર મેર[૧]— ૮
હે! પ્રભુ! હે પ્રભુ! શું કહું; દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ— ૯
સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્યપર રાગ.— ૧૦
પ્રભુ, પ્રભુ, લય લાગી નહિ, પડયો ન સદ્‌ગુરૂ થાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કવણ ઉપાય.— ૧૧
"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હું,"
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું!— ૧૨
વંકજડા ખુઝે નહીં, કહીએ વાર હજાર;
કાટોડો ઘસતાં થકાં, તેજ ન થાય લગાર.— ૧૩
બાહ્ય પરિગ્રહ ત્યાગસેં, નિર્મળ ન થયો કોય;
જેમ વિષધર કંચુળી તજે, નિર્વિષ તનુ ન હોય.— ૧૪
સમકિત દ્રષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિ પાળ;
અંતરસેં ન્યારો રહે, જ્યું ધાવ ખેલાવે બાળ.— ૧૫
સ્વાર્થવિના શ્રમ લ્યે બહુ, પરકો બગાડે કામ;
એસા દો હે જગતમાં, મૂસા[૨] ઓર ગુલામ.— ૧૬
(તમાકુ) ખાય એનો ખૂણો, પીએ એનું ઘર;
સુંઘે એનાં લૂગડાં, એ ત્રણે બરોબર.— ૧૭
હીંગ મરચું ને આમલી, સોપારીને તેલ,

---

૧. મેરૂ પર્વત. ૨ મૂસા = ઉંદર.

જો ગાત્રાનો ખપ કરે તો, પાંચે વસ્તુ મેલ.— ૧૮
પૂર્વ કર્મ આવે ઉદે, વેચી ન લેવે કોય;
જ્ઞાની ભોગવે જ્ઞાનશું, મૂર્ખ ભોગવે રોય.— ૧૯
સબધરતી કાગજ કરૂં, લેખન સબ વનરાય;
સર્વ સિંધુ શાહી કરૂં, પ્રભુ ગુણ લીખા ન જાય.— ૨૦
નિંદા હમારી જો કરે, મિત્ર હમારા હોય;
સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય.— ૨૧
કરની બીન કથની કથે, ગુરૂપદ લહેન સોય;
બાતોકે પકવાનસે, નહીં ધરાયા કોય.— ૨૨
કહેણી મીસરી ખાંડ હે, રહેણી તાત લોય;
કહેણી સો રહેણી રખે, એસા વીરલા કોય.— ૨૩
પાપ પુણ્ય છુપ છુપ કરો, સોવત કરો કે જાગ;
તુલસી કબલગ છુપ રહે, ઘાસ છુસાઇ આગ— ૨૪
પારસ કે પરિચય થયે, કંચન ભઇ તલવાર;
તુલસી તીનુના ગયે, ધાર, માર, આકાર.— ૨૫
દોડે કોશ હજાર લગ, બસે લક્ષ્મી પાસ;
પુણ્ય બિના પઇ એક પણ, મિલે ન તુલશી દાસ.— ૨૬
ઉંચે બેઠે નાલહે, ગુણ બિન્ બડપણ કોય;
બેઠા દેવલ શિખરપર, વ્યાસ ગરૂડ ન હોય.— ૨૭
ઉંચે પાની ના ટકે, નીચે જયું ઠેરાય;
નીચાં હોય સો ભરપીએ, ઉંચ પીયાસા જાય.— ૨૮
લઘુતાસેં પ્રભુતા મીલે, પ્રભુતાસેં પ્રભુ દૂર;
કીડી મીસરી ખાતહે, હસ્તિ ફાક્ત ધૂર. ૨૯

નાનક નાના હો રહો, જેસી નાની દુબ;
ઓર ઘાસ સુક જાયગા, દુબ ખુબકી ખુબ. ૩૦

ઓરનકી ચોરી કરે, સોયકો દેવે દાન;
ઉંચે ચડકે દેખતે, આવત ક્યું ન વિમાન ? ૩૧

નીચ, નીચ, સબ તરગયે, સંતચરણુ લયલીન;
જાતહીકે અભિમાનસેં, ડુબે બહુત કુલીન. ૩૨

નીચ નીચાઇ નહીં તજે, જો પાવે સત્સંગ;
તુલસી ચંદન લપટકે, વિષ તજે ન ભુજંગ. ૩૩

આશા ન કરે ઓરકી, આપ કરે ઉપકાર;
જગમેં સો જન જાનીએ, ભગવતકા અવતાર. ૩૪

તનકર, મનકર, વચનકર, કાહુકું દુઃખવત નાંહી,
તુલચી એસે સંતજન, રામરૂપ જગમાંહી. ૩૫

દુઃખમેં સમરન સબ કરે, સુખમેં કરે ન કોય;
જો સુખમેં સમરન કરે, દુઃખ કહાંસેં હોય ? ૩૬

એ શિખામણુ સાચી કહી, સઘળાને હિત જાણુ;
રાગદ્વેષ મત આણુજો, તો જાણ્યાનું પ્રમાણુ. ૩૭

દુધ ગ્રહે પાણી તજી, તેને 'હંસ' ગણાય;
અવગુણુ ઢાંકી ગુણુ લીએ, તે 'સજજન' કહેવાય. ૩૮

* * * *

ગૌવધ કરનાર પ્રત્યે ગાયની અરજી

હું નિર્દોષ છું, માટે મને ઈન્સાફ આપો, એટલુંજ નહીં પણ અમૂલ્ય ઉપકારને બદલે અપકાર ન કરો.

છે કોઈ માયનો પૂત ! ન્યાય આપનાર ?

“ હાય ન્યાય મરી ગયો ! ! ! ”

છપ્પા.

તૃણ ચરણ બન જાઉં, નીર સરિતાકો પીઉં;
મહા ધામ, ધન ત્રાસ, બિના બસ્તર બન જીવું ।
બચ્ચ હમારા હોય, બોજ ધરનકા ઉઠાવે;
હમ ગજ બેઠે ઠામ, નિત પિત ભોજન પાવે;
જીવંતાં નિત પિત કરૂં, મુઆં ચામ ચરણે ધરૂં;
કહો ગુનાહ હમારા કે કૃતઘ્ની મુજ કાપે ગળું ! !!

ગોંડળ સંઘાડાના મહા પુરૂષ શ્રીજી જયચંદ્રજી સ્વામી ઠા. ૪ નું શ્રી વીરસવંત ૨૪૩૫ નું ચાતુર્માસ પુરૂં થતાં ગાવા રચેલાં ગાયનો.

૧ રાગ બિભાસ.

જયચંદ્ર સ્વામી નામી, ખ્યાતિ જગજામી (૨) ટેક૦

પ્રેમથી ચોમાસે આવી, કૃપા કરી સ્વામી. જય૦ ૧

મનોહર મુખ જોઇ, સ્થળે સ્થળે શાંતિ હોઇ;

કુમતિ તિમિર કાપ્યું, ભવભય વામી. જય૦ ૨

ગુણનો ન પાર આવે, બુદ્ધિહીન ક્યાંથી ગાવે !

તરે ભવી ભવસિંધુ આ, ઉપદેશ પામી. જય૦ ૩

સમતામાં સાગર જેવા, સજ્યું સૈન્ય શિવ સુખ લેવા;

મમતાને મારી મૂકી, દુનિયા નકામી. જય૦ ૪

ગોવિંદજી સ્વામી ગુણી, 'ભીમ'* જેવા ભીમજી મુનિ;

શૂરા સવજીસ્વામી સાથે, ક્યાંથી હોય ખામી ! જય૦ ૫

એવા એવા યોદ્ધા જેને, જીતે કોણ વલ્લભ તેને !

જયચંદ્ર જીતે કર્મ, લડાઇ કરી સામી ! જય૦ ૬

---

* ભીમના જેવા શરીરબળવાળા નહિ પણ આત્મબળવાળા, કેમ કે કર્મ સાથેના યુદ્ધમાં આત્મબળનીજ ખાસ જરૂર છે.

૨. રાગ દેશ.

" જય-ગુરૂ" ગૌમંડલના તારણહાર પધારજોરે ! (૨) ટેક.

અમૃતસમ ઉપદેશ તમારા, અંતરમાં ઉછળેછે ધારા;
પ્રાણ થકી છો પ્યારા, પૂજ્ય પધારજો રે ! જય૦ ૧
શશિ સમ આપ શીતળતા વાળા, તારા સમ છે શિષ્ય તમારા;
ધર્મ—આભે અજવાળાં, વજય વધારજો રે ! જય૦ ૨
પ્લેગ વધ્યો નહીં આપ પ્રતાપે, પાછો પગ નવ દીધો આપે;
આપ વિયોગે વ્યાપે શોક, વચારજો રે. જય૦ ૩
પરિસહ વેઠયા અન્ન પાણીના, ડગ્યા નહિ ગુરૂ જ્ઞાન નગીના;
દિવ્યદેવ સ્વામીના શિષ્ય પધારજો રે જય૦ ૪
પરિચય અતિ ત્યમ અતિ અતિ પ્યાસા; ફરી ફરી દર્શનની અભિલાષા;
દાસ તણી એ આશા, પાર ઉતારજો રે. જય૦ ૫
અવિનય કંઇ અપરાધ અમારા, માફ કરો મુનિવર કરૂણાળા;
વલ્લભ વંદન વારંવાર સ્વીકારજો રે. જય૦ ૬

પરમેશ્વર, “ જગતના કર્ત્તા ” નથી ! ! !

બે મિત્રોનો સંવાદ.

જીનદાસઃ--અહો ! મિત્ર નરસિંહરાય, તમે બી. એ. ની પરિક્ષા આપીને મુંબઇથી ક્યારે આવ્યા ?

નૃસિંહરાય—મ્હારા પરમપ્રિય મિત્ર જીનદાસ, હું ગઇ કાલે બપોરની ટ્રેનમાં આવ્યો છું.

જીનદાસ—બી. એ. ના પેપર્સ કેવાક હતા ?

નૃસિંહ૦—અગાઉથી શી રીતે કહી શકાય ? તમારી બુદ્ધિ તિવ્ર છે. તેને લઇને તમે પહેલીજ વખતે બી. એ. માં પાસ થયા, પણ હું આ ત્રીજી વખત જઇ આવ્યો, પણ કાંઇ ધાર્યું પાર પડતું નથી, એટલે શું કરૂં ?

જીનદાસ—તમારે માટે મને પણ ખેદ થાય છે, પરંતુ આ વખતે તમે સારી રીતે લખી શક્યા છો કે નહીં તે તમે કહી શકશો ?

નૃસિંહ૦—હા, મને તો ઠીક લાગે છે, પણ એમાં આપણું કાંઇ કામ લાગતું નથી; ઇશ્વરેચ્છા હોય એમ થાય છે.

જીનદાસ—તમે ઇશ્વરને શા માટે દોષ દીઓ છો ? તમારી પોતાનીજ અમુક ખામીઓ હોય એમાં ઇશ્વર શું કરે ? ઇશ્વર કાંઇ કરતા નથી.

નૃસિંહ૦—અરે, જીનદાસ! તમે નાસ્તિક લાગો છો; "ઇશ્વર કાંઇ કરતા નથી," એમ શી રીતે કહેવાય? એની મરજી વિના આપણે કંઇ પણ કરી શકીએ નહિ.

જીન૦—મિત્ર! તમે "નાસ્તિક" ની વ્યાખ્યા કહેશો!

નૃસિંહ૦—હા; 'ઇશ્વર' જગતના કર્ત્તા છે એમ ન માને તે નાસ્તિક કહેવાય છે.

જીન૦—ત્યારે તમે ભૂલો છો; 'નાસ્તિક' એટલે 'આસ્તા વગરનો' એટલોજ અર્થ થાય છે; પરંતુ તેમાં સ્વાલ એટલોજ છે કે, "આસ્તા શાની રાખવી જોઇએ?"

નૃસિંહ૦—આસ્તા, "ઇશ્વર" ની રાખવી-બીજા કોની?

જીન૦—હા, તે બરાબર, પણ તમે 'ઇશ્વર' કોને કહોછો!

નૃસિંહ૦—'સૃષ્ટિના સૃજનાર' તે 'ઇશ્વર.'

જીન૦—જગતના કર્ત્તાજ કોઇ નથી એમ હું કહુંછું, તેનું તો નિરાકરણ કરો; તે પહેલાં 'જગતના કર્ત્તા' તે ઇશ્વર એમ શી રીતે કહી શકશો?

નૃસિંહ૦—જગતના કોઇ કર્ત્તાજ નથી એમ જો તમે કહેવા માગતા હો તો હું કહી શકીશ કે, તમને બિલકુલ અક્કલજ નથી; કેમકે જો સૃષ્ટિનો રચનાર કોઇ ન હોય તો આવડી બધી વિશાળ સૃષ્ટિ, પ્રાણી, પદાર્થો, એ સર્વ ક્યાંથી આવ્યાં? અને પ્રાણીઓ શુભાશુભ કર્મો કરે છે, તેમને શુભાશુભ ફળ કોણ આપે છે? જેવી

રીતે આ દુનિયામાં, હાટ, હવેલી, ઘરેણાં, લુગડાં, પેટી, પટારા, ટેબલ, ખુરશી વિગેરે કંઇ ચીજ કારીગર કે કર્ત્તા વિના બનતી નથી, તેમજ આ જગતનો પણ કોઇભી કર્તા હોવોજ જોઇએ; જો એમ ન હોય તો જગતમાં અધર્મ વધી જાય, ને કોઇ પણ પ્રાણીને અશુભ કર્મ કરતાં ભય ઉપજે નહીં.

વળી આ મૃત્યુલોકમાં જુઓ કે, નાનાં સરખાં રાજ્યો પણ ન્યાયાધિશ કે કારભારી વગર ચાલે છે ? નહિજ. તો પછી આવડી વિશાળ પૃથ્વીનું રાજ્ય, કોઇ પણ **સર્વોપરી સત્તા વગર શી રીતે ચાલે ?**

જીન૦—મિત્ર ! તમારી દલીલ બરાબર છે; અલબત, કોઇ સર્વોપરી સત્તા તો અવશ્ય હોવીજ જોઇએ, એમાં કાંઇ શક નથી, પણ—

નૃસિંહ૦—બસ, ત્યારે; એવી સર્વોપરી સત્તાવાળી જે વ્યક્તિ, તેને અમે ‘ પરમેશ્વર ’ માનીએ છીએ.

જીન૦—મિત્ર, જરા ધીરજ રાખો; તમારી માન્યતાનો સુક્ષ્મ જ્ઞાન દ્રષ્ટિથી વિચાર કરો.

“ કોઇ પણ ચીજ કર્ત્તા વિના ન બની શકે ” એ એક, બાળકથી વૃદ્ધ સુધીના સામાન્ય માણસોને પ્રથમજ ઉત્પન્ન થાય એવો વિચાર છે; પરંતુ તમે તે વિચારને ત્યાંજ ગોંધી રાખો છો; આગળ તર્ક શક્તિનો ઉપયોગ કરવાની તકલીફ લેતા નથી

તમો એક સિદ્ધાંત સ્થાપિત કરો છો કે, "કર્ત્તા વિના કાંઇ બની શકતું નથી;" તો કહો કે, જે વ્યક્તિને તમે સર્વોપરી સત્તા વાને જગત્કર્ત્તા તરીકે માનો છો, તે વ્યક્તિ પોતે ક્યાંથી અને કોના બનાવવાથી ઉત્પન્ન થઇ?

નૃસિંહ૦—અરે ભાઇ જીનદાસ, એ તમે શું બોલો છો? તમે પરમાત્મા–તમને પેદા કરનાર સામે યુદ્ધ કરવા માગો છો?

જીન૦—વ્હાલા મિત્ર! તમે એવું ધારશો નહિ; કોઇના કહેવા ઉપરથી કોઇ પણ માન્યતાનો અંગિકાર કરવો એ ડહાપણ નથી; પુરેપુરો વિચાર કરીને પછીજ કોઇ પણ નિશ્ચયપર આવવું જોઇએ. તમારી સાથે ચર્ચામાં ઉતરવાનો મારો હેતુ, વાદવિવાદ કરવાનો નથી, પણ તમે અથવા હું, કોઇના ભરમાવવાથી અવળે રસ્તે દોરાઇ ગયા હોઇએ તો તેથી આપણને સવળો માર્ગ સુઝે, એટલા માટે આ વિવેચન કરવાની જરૂર છે; કોઇ પણ સંશય મનમાં વેઢયા કરવો તેના કરતાં, તેનું યોગ્ય પાત્ર પાસે નિરાકરણ કરવું એજ ઉત્તમ છે.

નૃસિંહ૦—ઠીક, ભાઈ, તમોને હિંમત હોય તો સાબિત કરી આપો કે "પરમેશ્વર 'જગતના કર્ત્તા' નથી!"

જીન૦—એ વિષે હું મારાથી બનતો પ્રયત્ન કરીશ, પરંતુ મારા બોલવાનો, પુરો વિચાર કર્યા વગર કે, મારી દલીલ વ્યાજબી લાગ્યા વગર તમારે તેનો અંગિકાર કરવો નહિ, તેમજ મારા વિચાર તમને સર્વાંશે યોગ્ય લાગે તો તેનો સ્વિકાર કરવામાં લેશ માત્ર વિલંબ કરવો નહિ, એમ તમે નિશ્ચય કરો!

નૃસિંહ૦—ભલે, મારા વ્હાલા મિત્ર, મારે દુરાગ્રહ કરવા કાંઇ કારણ નથી; "મારૂં તે સાચું" એમ નહિ પણ "સાચું તે મારૂં" એ સૂત્રનો હું પૂજારો છું; કેમકે દુરાગ્રહ રાખવો, એ મૂર્ખતા છે.

જીન૦—તમારા એવા નિષ્પક્ષપાત વિચાર જોઈ મને સંતોષ અને હર્ષ થાય છે.

હવે વિચાર કરો કે, 'આ સૃષ્ટિનો કોઇ પણ કર્તા છે' એવી તમે કલ્પના કરો છો, તો પણ, વિશ્વ નહિ તો, વિશ્વનો રચનાર પોતે પોતાની મેળે થયો છે અથવા અનાદિ છે, એટલે એને કોઈ બનાવનાર નથી, એમ કહ્યા વગર તમને ચાલશે નહિ; અને તમે માનો છો પણ એમજ; એટલે છેવટ "કંઇકને કંઇક પણ અનાદિ છે' એવું તો તમારે કહેવું જ પડશે; અને એથી કરીને, "કર્તા વિના કાંઇ બની શકતું નથી" એ તમારો સિદ્ધાંત ખોટો પડે છે.

નૃસિંહ૦—એ સિદ્ધાંત તમે ખોટો ભલે ગણ્યો, પણ 'ઇશ્વર' ને કોઇ બનાવનાર હોય જ નહિ; કેમકે એ સર્વને બનાવે છે, તો પછી એને કોણ બનાવે!

જીન૦—તમે હવે આડી વ ત ન ઉતારો; મારૂં પણ એજ કહેવાનું છે, અને તમારી જ દલીલથી તમારો સિદ્ધાંત ખોટો ઠરે છે.

નૃસિંહ—નહિ! નહિ, એમ નથી; ઇશ્વર કરે તેજ થાય છે તેનો હું તાજો બનેલો દાખલો આપું; સાંભળો-

કાઠિઆવાડના એક ગામમાં થોડા માસ પહેલાં એવું બન્યું કે, એક વિ ાર્થી કે જે **બહુચરાજી માતાનો ચુસ્ત ભક્ત છે**, તેનો પરિક્ષાનો સમય નજીક આવ્યો તે વખતે જ તેને બહુચરાજી જવાનો પણ પ્રસંગ આવી લાગ્યો; બહુચરાજીની યાત્રા ન કરવી, એ તેનાથી સહન થાય તેમ ન હતું, તેમજ પરિક્ષામાં ન બેસાય તો, એક વર્ષ નકામું બરબાદ જાય.

આવી સ્થિતિ છતાં, તે, "જે થવાનું હશે તે થશે" એમ વિચારી બહુચરાજી ગયો. પાછળથી પરિક્ષક પરિક્ષા લેવા આવ્યા ત્યારે બહુચરાજી માતાએ એ વિદ્યાર્થીનું રૂપ ધરી, તેની વતી પરિક્ષા આપી અને એ વિદ્યાર્થી બહુચરાજી ગયેલ છતાં, પરિક્ષા પસાર કરી; તે પાછો વળ્યો ત્યારે ટ્રેનમાં પરિક્ષક સાથે મેળાપ થયો; પરિક્ષકને સર્વ હકીકતનો ખુલાસો થતાં, બંન્ને આશ્ચર્ય પામ્યા. કહો કે કોઇ પણ જગત કર્ત્તા ન હોય તો આમ શી રીતે બને ?

જીનદાસ:--તમે કહો છો એ વાત મેં પણ સાંભળી છે; તે ખરી છે કે ખોટી તે આપણે પ્રત્યક્ષ જોયેલ નહીં હઇ કહી શક્તા નથી; પરંતુ દલીલ ખાતર ખરી માનીએ તો પણ, એવો બનાવ બનવો અસંભવિત નથી; તેમ એ બનાવ પ્રભુના પ્રતાપથી બન્યો એમ માનવાને કારણુ નથી; કેમકે, તમારો દાખલો જ કહી આપે છે કે, બહુચરાજી માતા પ્રસન્ન થયાં તેને લઇને એ બનાવ બન્યો; એટલે પરમેશ્વરે નહીં પણ એક દેવીએ પોતાનો પ્રતાપ—શક્તિ બતાવેલી કહેવાય. 'દેવી' એ પરમેશ્વર કે "પ્રભુનો અંશ" પણ નથી; જેમ કોઇ કીડી હાથીને જુએ તો તેનું કદ, તેનાથી અસંખ્ય ગણું જોઇ, તે 'હાથી'નેજ 'સર્વોપરી સત્તા' માની બેશે અથવા તેનાથી

કોઇ મોટું અગર વધારે શક્તિવાન નહિ હોય એમજ ધારે; કેમકે તેને તેનું શરીર અને શક્તિ ઘણી અજબ લાગે, એ જ રીતે આપણે દેવ દેવીઓ કે માત્ર આપણાથી વધારે શક્તિવાળાં, વધારે સુખી પ્રાણી છે, તેને આપણે પરમેશ્વર માની બેશીએ તો એના જેવી બીજી કોઇ ગંભીર ભૂલ ગણાય નહિ.

દેવ-દેવીઓ આપણાથી વધારે આયુષ્યવાળાં હોય છે, પરંતુ **અવિનાશી નથી;** આપણે પૂણ્ય ઓછું કરેલ હોય છે તેથી માણસ થયા છીએ ને દેવ દેવીઓએ વધારે દાન-પૂન્ય કર્યું હોવાથી તેઓ આપણાથી ઉચ્ચતર ભવ પ્રાપ્ત કરી શકયા છે, પરંતુ આપણામાં ને દેવમાં બીજો કાંઇ તફાવત નથી; તેઓ પણ આપણીજ પેઠે કર્મરજથી મલિન છે, તેથી તેઓ આપણી કંઇ પણ આત્મિક સિદ્ધિ કરવા સમર્થ નથી. તે દેવ દેવીઓ તો શું પણ જેને તમે જગત્કર્ત્તા કહો છો (ધારો કે) તે, અથવા કોઇ પણ સર્વોપરી સત્તા, આપણને સુખ દુઃખ આપવા, કે આપણા આત્માની સિદ્ધિ કરવા સમર્થ નથી.

નૃસિંહ૦—તમારી બીજી બધી વાત ઠીક છે, પણ એટલું તો ખરૂંજ છે કે **"પરમેશ્વર સર્વ શક્તિમાન છે, ને સર્વને સુખ દુઃખ આપનાર તેજ છે!"**

જીનદાસ—એ તમારૂં માનવું ભૂલ ભરેલું છે. કેમકે ઇશ્વરે કોઇને શા માટે સુખ દુઃખ આપવું જોઇએ ?—તેમાં પણ દુઃખ તો કોઇને નજ આપવું જોઇએ ?

નૃસિંહ૦—તમારી વાત પાયા વગરની છે; કેમકે, કોઇ પ્રાણી પાપ કરે તો તેને **ન્યાયની દ્રષ્ટિએ** શિક્ષા કરવીજ જોઇએ, અને તેમાં કાંઇ, અયોગ્ય કહેવાય નહિ ! ! !

જીન૦—તમો દલીલસર વિવેચન વગર સમજી શકશો નહિ, તમારો કહેવાનો હેતુ એવો છે કે આપણાં શુભાશુભ કર્માનુસાર, "પરમેશ્વર" આપણને શુભાશુભ ફળ આપે છે.

પ્રથમ તમે કહ્યું કે, "ઇશ્વર સર્વ શક્તિમાન છે!" અને તે જગતના કર્ત્તા છે; એટલે આપણને બનાવનાર પણ ઇશ્વરજ છે, અને પરિણામે આપણને જે જે સુખ, સંપત્તિ, શક્તિ, વિગેરે મળેલું છે, તે પરમેશ્વરેજ આપેલ છે એમ તમે માનો છો.

જ્યારે પરમેશ્વર આ જગતના કર્ત્તા છે, ત્યારે તેમણે આ સૃષ્ટિ જે વખતે રચી તે વખતે જુદાં જુદાં પ્રાણી પેદા કર્યાં, અને અમુકને હલકી, ને અમુકને ઉંચી પંક્તિએ મૂક્યાં; તે સાથેજ દરેક પ્રાણીને અમુક શક્તિઓ બક્ષિસ કરી, તેમાં સાથે શુભાશુભ કર્મ કરવાની શક્તિ પણ આપેલી હોવી જોઇએ, કેમકે, ઇશ્વરે તેવી શક્તિ આપ્યા વગર આપણે શુભાશુભ કર્મ કરી શકીએજ નહિ; કેમ નરસિંહરાય, એટલું તો તમે કબુલ કરશો કે નહિ!

નૃસિંહ૦—હા, મિત્ર; એ વાત ખરી છે; કેમકે આપણી પાસે જે કંઇ છે તે સર્વ પરમેશ્વરેજ આપ્યું છે.

જીનદાસ—હવે કહો કે, જો આપણને પ્રભુએ માત્ર શુભ કરવાનીજ શક્તિ આપી હોત તો આપણે કદાપિ અશુભ કાર્ય કરી શકત?

નૃસિંહ૦—નહિજ.

જીન૦—જો અશુભ કર્મ ન કરી શકીએ તો પછી દુઃખજ શા માટે વેઠવું પડે? કદાપિ નહિ; પરંતુ ઇશ્વરે આપણને શુભની સાથે અશુભ કરવાની શક્તિ પણ આપી છે, તેથીજ આપ-

જે અશુભ કર્મો કરવા પ્રેરાઇએ છીએ ને પરિણામે પ્રભુ આપણને શિક્ષા કરે છે!

પણ વિચાર કરો કે, કોઇ બાળકને, તેનો પિતા એક તલવાર આપે, ને તે બાળક તે તલવાર કોઇને મારીને ઘાત કરે, એટલે પિતા, એ બાળકને શિક્ષા કરે તો તે શું વ્યાજબી ગણાશે? તલવાર જો બાળકના હાથમાં ન આપી હત તો તે કોઇને મારત? નહિ જ; પરંતુ પ્રથમ અશુભ કરવાની શક્તિ બક્ષીને, પછી અશુભ કર્ત્તવ્ય કરનારને શિક્ષાએ પહોંચાડવાની નિર્દયતા કરવા કરતાં, માત્ર શુભ કરવાની જ શકિત આપવી જોઇએ કે સર્વ પ્રાણીઓ શુભ કાર્યોમાં જ પ્રવર્ત્તે. પરંતુ ઉપર બતાવ્યા પ્રમાણે વિશ્વાસઘાતનું કામ કરનાર તે "દયાળુ પરમાત્મા" હોઇ શકે જ નહિ, એ સ્પષ્ટ જણાઇ આવશે; પ્રભુ, એ કોઇ નાટકકાર કે જેમ અણુસમજુ બાળકો કુવામાંના દેડકાંને પથરા મારી ગમ્મત માને છે, તેમ પ્રાણીઓને દુઃખ આપી આનંદ માનનાર વ્યક્તિ નથી. અર્થાત આ જગતનો કોઇ કર્ત્તા છેજ નહિ, પણ સાયન્સથી તથા બીજાં સાધનોથી કેટલાક અમેરિકન તેમજ બીજા વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે તે પ્રમાણે વિશ્વ અનાદિ છે; **આપણને સુખ દુઃખ દેનાર માત્ર આપણાં કર્મ જ** છે, આત્મા પોતે જ પોતાનાં સુખ દુઃખનો કર્ત્તા હર્તા છે, એમ તમારે ચોકસ જાણવું, અને એ સિદ્ધાંતની આસ્તા રાખે તે આસ્તિક કહેવાય.

નૃસિંહરાયઃ—મારા પરમપ્રિય પંડિત મિત્ર **જીનદાસજી!** આપે આજે મારે માટે જે શ્રમ લઇ, મને આ વિશ્વનું સ્વરૂપ ટૂંકામાં સમજાવ્યું છે તે માટે હું અત્યંત આપનો આભારી થયો છું.

જીવનદાસઃ—મ્હારા પ્રિયમિત્ર ! નૃસિંહરાય ! એમાં મેં આપના ઉપર કાંઇ ઉપકાર કર્યો નથી, પણ માત્ર મેં મારી ફરજ બજાવી છે, અને હજુ પણ આ વિષય પરત્વે ઘણું કહેવાનું રહી જાય છે, પરંતુ હવે બહુ વખત વ્યતિત થઇ ગયેલ હઇ, વધારે વખત આપને તસ્દી આપવા ઇચ્છિતો નથી, મેં આપનો અવિનય કર્યો હોય તો ક્ષમા ચાહુંછું; અને સલાહ આપુંછું કે, "ઇશ્વરેચ્છા હોય એમ થાય છે," એ વાક્ય જેના ઉપરથી આપણી આ બધી ચર્ચાની ઉત્પત્તિ થઈ હતી, તે વાક્યને–તે વિચારને હવે રૂખસત કરજો ! અને, "ઉદ્યમીને કશું અશકય નથી" એ અમૂલ્ય વચનામૃતનું પાન કરીને, બરાબર મહેનત કરો, એટલે તમે આ વર્ષ બી. એ. ની એકઝામીનેશન (પરિક્ષા) જરૂર પસાર કરી શકશો. અસ્તુ ! ! !

(જયજીનેન્દ્રના નાદ કરી બંને પોતપોતાને સ્થળે જાય છે.)

શ્રી જૈન જ્ઞાન–વિલાસ.

પ્રથમ વિભાગ અને

સંગીત–સરિતા-દ્વિતિય પૂર

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં

મુબારક નામોનું લીષ્ટ.

ગોંડલ.

૧૦૦ ભરવાડા વીરપાળભાઇ જાદવજી
૮૦ કોઠારી મણીલાલ ધારશી
૫૦ મોદી ગણેશ હેમરાજ હા. પાનાચંદભાઇ
૨૦ ડૉકટર સા. કલ્યાણજી દેવકરણ
૫ ગોડા જીઠાભાઇ કેશવજી
૫ શા. નરભેરામ વિ. ડુંગરશી
૨ ગોડા પ્રેમજી જેઠા હા. રવજીભાઇ
૨ કોઠારી ન્યાલચંદ પ્રાગજી
૧ દોશી રતનશી હેમરાજ
૧ સંઘાણી કાનજી તલકશી
૧ „ ફીરચંદ હરજીવન
૧ „ મયાચંદ પરશોતમ
૧ પીપળીઆ હીરાચંદ સોમજી
૧ „ જીઠાભાઇ મુળચંદ
૧ દોશી ડાહ્યા ભીમજી
૧ ભરવાડા અવચળ કેશવજી
૧ કોઠારી દુર્લભજી ઠાકરશી
૧ સંઘાણી હેમતરામ શોભાગચંદ
૧ „ ફીરચંદ ઝવેરચંદ
૧ „ વજેશંકર શોભાગચંદ
૧ „ દુર્લભજી ધારશી
૧ પીપળીઆ રાઘવજી સોમજી
૧ „ બાવા કાનજી
૧ દોશી લાલચંદ હરજીવન
૧ કોઠારી દુર્લભજી રણછોડ
૧ „ કાળાચંદ જેરાજ

૧ ,, મણીશંકર કલ્યાણજી	૧ ,, નીમચંદ વૃજપાળ
૧ ,, ગોકળ પુંજાભાઇ	૧ ,, હીરાચંદ દેવજી
૧ ઢેઢી ભાઇચંદ ઝીણા	૧ ઢેઢી જેચંદ હરખચંદ
૧ દેશાઇ જેઠાલાલ લીલાધર	૧ દેશાઇ વસનજી કરમચંદ
૧ પારેખ માણેકચંદ વેલજી	૧ પારેખ પ્રાણજીવન રાજપાલ
૧ ,, સાંકળચંદ શામળજી	૧ ,, ચત્રભજ જુઠા
૧ ગોડા બાવાભાઇ મકનજી	૧ ગોડા ભાઇચંદ મોતીચંદ
૧ શેઠ લવજી ત્રાભોવન	૧ શેઠ પ્રાગજી વીરજી ધ્રાફાવાળા
૧ ,, ધારશી જસરાજ	૧ ,, મૂળશંકર જેરાજ
૧ ખડદીયા ભીમજી કરસનજી	૧ ગાંધી હરખચંદ કાનજી
૧ મહેતા ત્રીકમજી અમરશી	૧ મોઢી વનમાળી ખોદીદાસ.
૧ કામદાર રેવાશંકર માનસંગ	૧ કામદાર પોપટ ગોવિંદજી
૧ ,, હરિલાલ ડોસાભાઇ	૧ ,, તારાચંદ કાનજી
૧ રા. રા. દુર્લ્લભજી જેચંદ	૧ રા. રા. લક્ષ્મીચંદ ચત્રભુજ
૧ ,, જેઠાભાઇ કશળચંદ	૧ ,, ખેતશી ભાણજી
૧ ,, ગોવિંદજી પોપટ	૧ ,, વલ્લભજી દેવકરણ
૧ ,, હરિલાલ છગનલાલ	૧ ,, શોભાગચંદ કાળિદાસ
૧ ,, વનમાળી ટોકર જોધમલ	૧ ,, ચુનીલાલ વલ્લભજી
૧ ,, મોતીચંદ કપુરચંદ	૧ ,, માણેકચંદ લવજી
૧ બેનાણી કપુરચંદ પાનાચંદ	૧ શા. જસવીર ગોવરધન
૧ માં. અભેચંદ શામજી	૧ ગૂયા હેમચંદ દેવકરણ
૧ ગદાણી કપુરચંદ ખેતશી	૧ ઉચાટ લક્ષ્મીચંદ ભગવાનજી
૧ રળીઆતબાઇ	૧ મણીઆર ગોકળ લાલજી

ધોરાજી.

૧ તેજાણી ઓત્તમચંદ કમળશી

રાજકોટ.

૨ ગોસળીઆ મોહનલાલ નરભેરામ

૧ રા. તેજપાળ મોરારજી
૧ કોઠારી રેવાલાલ દેવકરણ
૧ કોઠારી હીરાચંદ દેવકરણ
૧ ,, દેવજી સવજી
૧ પારેખ મનસુખલાલ દીપચંદ
૧ પારેખ ગીરધર વાઘજી
૧ ,, બેચર અંદરજી
૧ મોદી ખીમચંદ ચત્રભજ
૧ ખંઢેરીયા હરખચંદ હેમરાજ

સરધાર.

૨૫ શેઠ મૂળચંદભાઇ કરસનજી

વાંકાનેર.

શેઠ ખીમચંદ હીરાચંદ માર્ફત

૨૦ દેશાઈ વનેચંદ રાજપાળ હા. બાઈ નાનબાઇ
૧૦ શેઠ ખીમચંદ હીરાચંદ
૧ મેતા નારણજી વાઘજી
૧ શેઠ લક્ષ્મીચંદ ચતુર
૧ શેઠ વનેચંદ દેવજી

ધોલેરા.

૨ શા. વર્ધમાન રણછોડ
૧ શા. લખમીચંદ બેચર
૧ શા. મૂળજી ત્રીભોવન
૧ શા. ધનજી ગગુભાઇ
૧ શા. જીવરાજ ઓધડ હા. બાઇ અમરત

રરોળ.

૧ શા. પુંરૂષોત્તમ ધનજી
૧ શા. ગુલાબચંદ પુંજા
૧ શા. હરજીવન લાલજી હા. ચુનીભાઇ
૧ પારેખ રતિલાલ ખેચર

ખોડેલી.

૫ શા. ભોળાભાઇ ડાહ્યાભાઇ

ઉપલેટા.

૫ ડૅાકટર શા. મણીલાલ સવજી

ચૂડા.

૧૦ ડૅાકટર શા. શોભાગચંદ નથુભાઇ
ચૂડા જૈનશાળા માટે

ખોખરી.

વોરા કાળિદાસ દામજી માર્ફત

૧ શેઠ જગજીવન દેવશી
૧ શેઠ કલ્યાણજી કાનજી
૧ માં. લાધા જુઠા
૧ „ શ્રી સ્થાનક માટે
૧ વોરા કાળીદાસ દામજી
૧ ખંઢેરીઆ નરભેરામ દેવકરણ

વિષયાનુક્રમ.

શ્રી અલ્પ બહુત્વદ્વારના નીચેના બોલ

સુધારીને વાંચવા:—

૩૦ ભવનપતિની દેવી સં૦	૪૭ બેઇંદ્રી પ૦ વિશેષાહીયા
૪૮ તેઇંદ્રી પ૦ વિ૦	૫૦ ચઉરેંદ્રી અપ૦ વિ૦
૫૧ તેઇંદ્રી અપ૦ વિ૦	૫૨ બેઇંદ્રી અપ૦ વિ૦
૫૫ બાદર પૃથ્વીકાય પ૦ અસં૦	૫૬ બાદર અપકાય પ૦ અસં૦
૫૭ બાદર વાઉકાય પ૦ અસં૦	૫૮ બાદર તેઉ૦ અપ૦ અસં૦
૫૯ બાદર પ્રત્યેક વન૦ અપ૦ અસં૦	૬૦ બાદર નિગોદીયા અપ૦ અસં૦
૬૧ બાદર પૃથ્વી૦ અપ૦ અસં૦	૬૨ બાદર અપકાય અપ૦ અસં૦
૬૩ બાદર વાઉ૦ અપ૦ અસં૦	૬૪ સુક્ષ્મ તેઉ૦ અપ૦ અસં૦
૬૫ સુક્ષ્મ પુઢવી૦ અપ૦ વિ૦	૬૬ સુક્ષ્મ અપકા૦ અપ૦ વિ૦
૬૭ સુક્ષ્મ વાઉ૦ અપ૦ વિ૦	૬૮ સુક્ષ્મ તેઉ૦ પ૦ અસં૦
૬૯ સૂક્ષ્મ પૃથ્વી૦ પ૦ વિ૦	૭૦ સુક્ષ્મ અપ. પ૦ વિ૦
૭૧ સુક્ષ્મ વાઉ૦ પ૦ વિ.	૭૨ સુક્ષ્મ નિગોદીયા અપ. અસં.
૭૩ સુક્ષ્મ નિગોદીયા પ૦ સં.	૭૪ અભવ્ય અનંતગુણા
૭૫ પડિવાય સમદિઠી અનં૦	૭૬ સિધ્ધ ભગવંતજી અનં૦
૭૭ બાદર વન૦ પ૦ અનં૦	૭૮ બાદર પ૦ વિ૦
૭૯ બાદર વન૦ અપ૦ સં૦	૮૦ બાદર અપ૦ વિ૦
૮૧ બાદર (સમુચય) વિ૦	૮૨ સુક્ષ્મ વન૦ અપ૦ સં૦
૮૩ સુક્ષ્મ અપ૦ વિ૦	૮૪ સુક્ષ્મ વન૦ પ૦ સં૦
૮૫ સુક્ષ્મ પ૦ વિ૦	૮૬ સુક્ષ્મ (સમુચય) વિ૦
૮૭ ભવ સિદ્ધિયા વિ૦	૮૮ નિગોદીયા જીવ વિ૦
૮૯ વન૦ જીવ વિ૦	

એજ પ્રમાણે ૯૦ થી ૯૮ સુધીના બોલના જીવ વિશેષાહીયા સમજવા.

અમૂલ્ય ૧૨ પુસ્તકો
તદ્દન મફત જ

લેવાં હોય તો 'જૈનસમાચાર' અઠવાડીક પત્રના ગ્રાહક તરીકે હમણાં જ નામ નોંધાવો. ૧૯૧૧ ના સાલમાં એ પેપરના ગ્રાહકોને "દશવિકાલીક સૂત્ર," "કલ્યાણ મંદીર સ્તોત્ર," "સંસારમાં સુખ ક્યાં છે" એ વગેરે ૧૨ અમૂલ્ય પુસ્તકો ભેટ તરીકે આપવાનું ઠરાવ્યું છે. 'જૈનસમાચાર' દર સોમવારે દેશદેશાવરની જૈન ખબરો તથા ઉપદેશ અને કિમતી સલાહો સાથે છપાય છે. તેનું વાર્ષિક મૂલ્ય ફક્ત રૂ. ૨-૩-૦ છે પોષ્ટ ખર્ચ ૦-૧૩-૦ આવે છે અને ભેટોના પોષ્ટ ખર્ચ પેટે ૦-૭-૦ આપવા પડે છે. આમ કુલ રૂ. ૩-૭-૦ આપવા પડે છે. વર્ષના મધ્યે તે ભાગમાં ગ્રાહક થઈ શકાય છે.

વખત ગુમાવશો તો પસ્તાશો.

હમણાંજ નીચેને શિરનામે રૂ. ૩-૭-૦ નો મનીઓર્ડર ફેરી નામ નોંધાવોઃ—

વાડીલાલ મોતીલાલ શાહ.

માલીક, જૈનસમાચાર,—અમદાવાદ.